Buy • Sell • Invest
In Real Estate
Buy with Confidence, Sell with Success!
TUSHAR PATEL
REAL ESTATE SALESPERSON
HOMELIFE
416-500-2905

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Visitor's To Canada
SUPERVISA INSURANCE
MORTGAGE INSURANCE
Life Insurance
Critical Illness Plan
Disability Insurance
647-403-5560
jigarkumar7@yahoo.ca
www.saachinsure.com
JIGARKUMAR V. PATEL
Life Insurance Advisor
11 YEARS IN BUSINESS

FRIDAY, 26 June, 2020 Vol. 16, No. 26 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## આસામમાં ભૂસ્ખલનથી ૨૧ના મોત, ૬૦,૦૦૦થી વધુ લોકો પ્રભાવિત

# બિહાર, યુપી તેમજ ઝારખંડમાં મેઘાનું તોફાન : વીજળી ત્રાટકતાં ૧૧૧નાં મોત

પટણા : બિહારમાં ચોમાસાના આરંભ સાથે જ મેઘરાજાએ તોફાન મચાવ્યું હતું જેમાં ૨૩ જિલ્લામાં વીજળી ત્રાટકતા ૮૩ લોકોનાં મોત થયા હતા. જેમાં ખેતરોમાં કામ કરતા ખેડૂતો પર વીજળી ત્રાટકતા કેટલાક લોકો સ્થળ પર જ ભડથું થઈ ગયા હતા જ્યારે દાઝી જનારા કેટલાકનાં હોસ્પિટલમાં મોત થયા હતા. તોફાની પવન અને વાવાઝોડા સાથે ધોધમાર વરસાદને કારણે રાજ્યનાં ૧૨ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવેલ છે. દિલ્હી અને એનસીઆર સહિત ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, કાશ્મીર, લદાખમાં ચોમાસું પહોંચી ગયું છે અને કાળો કેર વર્તાવવાનું શરૂ કર્યું છે. યુપીમાં ભારે વરસાદ અને વીજળીને કારણે ૨૪નાં મોત થયા છે જ્યારે આસામમાં સાંબેલાધાર વરસાદ અને ભારે પૂરને કારણે ૧૪થી વધુનાં મોત થયા છે અને ૬૦,૦૦૦થી વધુ લોકો પ્રભાવિત થયા છે. ઝારખંડમાં ચાર લોકોના વીજળીને કારણે મોત થયા હતા. રાજસ્થાનમાંશ્૨૭ જિલ્લામાં વરસાદ પડયો હતો. બિહારનાં ૨૩ જિલ્લામાં આકાશી વીજળી લોકો પર કાળ બનીને ત્રાટકી હતી જેમાં કેટલાકનાં સ્થળ પર જ મોત થયા હતા જ્યારે કેટલાક ગંભીર રીતે દાઝી ગયા પછી હોસ્પિટલમાં મૃત્યુ પામ્યા હતા. મૃતકોમાં મોટાભાગનાં ખેડૂતો અને તેમના પરિવારનાં સભ્યો હતા. સિવાનનાં ભગવાનપુર અને અરૂઆ ગામમાં વીજળી પડવાથી મકાનો પડી ગયા હતા.ગોપાલગંજમાં વીજળીથી ૧૩નાં મોત થયા છે અને ૧૨ ગંભીર રીતે દાઝી ગયા છે. બિહારમાં મૃતકોના પરિવારને રૂ. ૪-૪ લાખની સહાય જાહેર કરાઈ છે.






## આસામમાં ૭ જિલ્લામાં બ્રહ્મપુત્ર ગાંડીતૂર, ૧૮૦ ગામોમાં જળબંબાકાર

આસામનાં ૭ જિલ્લામાં બ્રહ્મપુત્ર અને તેની પેટા શાખાઓમાં આવેલા વિનાશક પૂરને કારણે ૩૫થી વધુનાં મોત થયા છે અને ૬૦,૦૦૦થી વધુ લોકો પ્રભાવિત થયા છે. જમીન ધસી પડવાથી ૨૧ લોકોનાં અને પૂરમાં તણાઈ જવાથી ૧૪નાં મોત થયા છે. પૂરને કારણે ૧૮૦ ગામોમાં જળબંબાકાર સર્જાયો છે. ૫૩૦૦ હેકટરથી વધુ જમીન પરનો ઊભો પાક ધોવાઈ ગયો છે.

## સમગ્ર ઉત્તરાખંડમાં ઓરેન્જ એલર્ટ

ઉત્તરાખંડમાં પાંચ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવેલ છે. હિમાચલપ્રદેશનાં કુમાઉ અને હલ્દવાનીમાં નદીઓમાં પાણીની સપાટી વધી હતી. પિથોરાગઢ, ચંપાવત અને અલ્મોડામાં રસ્તા ધોવાઈ ગયા જતાં વાહનો ફસાઈ ગયા હતા. મુનસ્યારીમાં જમીન ધસી પડવાથી ૫૦ બકરીઓ દટાઈ ગઈ હતી.

કોરોના અહેવાલ : ૨,૮,૧૦,૧૯,૨૨

## ચીને તમામ કરારોનું ઉલ્લંઘન કરી એલએસી પર સેના ખડકી : ભારત

નવી દિલ્હી : ભારતે ગુરુવારે ચીન પર આરોપ મૂક્યો હતો કે, મે મહિનાથી ચીન ભારત સાથે અત્યાર સુધી કરાયેલા તમામ દ્વિપક્ષી કરારોનું ઉલ્લંઘન કરી વાસ્તવિક અંકુશ રેખા પર મોટી સંખ્યામાં સૈનક દળો અને શસ્ત્ર સરંજામ ખડકી રહ્યો છે. ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે એલએસીનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, ભારત અને ચીન વચ્ચેના તણાવનું મુખ્ય કારણ એલએસી પર મે મહિનાના પ્રારંભથી ચીન દ્વારા મોટી સંખ્યામાં ખડકાયેલી સેના અને શસ્ત્રસરંજામ છે. ૧૯૯૩માં થયેલી સંધિ પ્રમાણે બંને દેશ એલએસી પર મર્યાદિત સંખ્યામાં સૈનિક ટુકડીઓ રાખવા સહમત થયાં હતાં. ચીન દ્વારા કરાયેલો સૈન્ય જમાવડો બંને દેશ વચ્ચેના કરારોનો ભંગ છે. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, મેના પ્રારંભે ચીની સેનાએ ગાલવાન વેલીમાં ભારત દ્વારા કરાતા પરંપરાગત પેટ્રોલિંગને અવરોધ્યું હતું અને મધ્ય મે સુધીમાં એલએસીના વેસ્ટર્ન સેક્ટરમાં આવેલા વિવિધ વિસ્તારોમાં યથાસ્થિતિ બદલી નાખવાનો પ્રયાસ કર્યો હતો.

## ચીનની નવી ચાલ, વાતચીત સાથે લદ્દાખમાં સૈન્ય હાજરી વધારી

વિશેષ અહેવાલ પેજ નં. ૧૭

Ready to make a move?
Exceptional service from
TD Ready for you
Ask me how
Deepak Patel
Manager, Mobile Mortgage Specialist
C: 416-272-7225
deepakkumar.patel@td.com

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife
Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY
Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

RE/MAX
MAAZ ABOWATH
Sales Representative
Direct: 416.893.3002
maazabowath.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

### કેનેડામાં કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૧,૦૨,૦૦૦ને આંબી ગયો: કુલ ૮૫૦૧ નાગરિકોએ જીવ ગુમાવ્યા

# કેનેડામાં વધુ ૩૩૧ને કોરોનાનો ચેપ: ૧૭ના મોત

## કેનેડામાં કોરોનાના હજી પણ ૨૮,૭૧૧ એક્ટિવ કેસ : ૨૦૫૮ દર્દીઓની હાલત અત્યંત કફોડી બની

ઓન્ટેરિયો : વિશ્વભરમાં કહેર મચાવી રહેલા કોરોનાથી કેનેડાના નાગરિકો પણ સંક્રમિત થઈ રહ્યા છે. ગુરૂવારે મોડી સાંજ સુધીમાં સમગ્ર દેશમાં ૩૩૧ લોકો પોઝિટિવ આવતા કેસનો કુલ આંકડો ૧,૦૨,૫૭૩ થઈ ગયો હતો. જ્યારે દિવસ દરમ્યાન ૧૭ના મોત સાથે મોતનો કુલ આંકડો ૮૫૦૧ નોંધાયો હતો. કેનેડામાં અત્યાર સુધીમાં ૬૫૩૬૧ દર્દીઓને સાજા કરવામાં મેડિકલ સ્ટાફ અને તંત્ર સરકારના પ્રયાસો સફળ થયા છે. જો કે કોરોનાનો ચેપ હજી પણ આગળ વધી રહ્યો છે. હાલ પણ ૨૮૭૧૧ એક્ટિવ કેસો છે. જે પૈકી ૨૦૫૮ દર્દીઓની હાલત અત્યંત કફોડી હોવાનું જાણવા મળ્યું છે. કેનેડાના જે વિસ્તારો કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત છે તેમાં ઓન્ટેરિયો, ક્યુબેક, આલ્બર્ટા, બ્રિટીશ કોલંબિયા તેમજ નોવાસ્કોસિયાનો સમાવેશ થાય છે.



| વિસ્તાર | કન્ફર્મ કેસ | રિકવર | મરણ |
|---|---|---|---|
| ઓન્ટેરિયો | ૩૨૯૧૭ | ૨૮૦૦૪ | ૨૫૫૩ |
| ક્યૂબેક | ૫૪૩૮૩ | ૨૨૭૫૪ | ૫૩૪૦ |
| આલ્બર્ટા | ૭૫૩૦ | ૬૮૯૩ | ૧૫૧ |
| નોવા કોસિયા | ૧૦૬૧ | ૯૯૭ | ૬૨ |
| બ્રિટિશ કોલંબિયા | ૨૭૭૫ | ૨૪૨૨ | ૧૬૮ |

# બાપ્સ ચેરીટીઝે ઓન્ટેરિયોના ક્લિનિકને સેવાઓ માટે ૧૨,૦૦૦ પીપીઈ કીટ આપી



### • જરૂરિયાતમંદોને ભોજન પેકેટનું વિતરણ અને કોરોના અંગે જાગૃતિ લાવવાનું કાર્ય પણ કરાયું

ઓન્ટેરિયો : કેનેડામાં જેમ જેમ કોવિડ -૧૯ના કેસો વધતા જાય છે તેમ તેમ આરોગ્યકર્મીઓ અને આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલાઓ માટે કામ કરવું મુશ્કેલ બની રહ્યું છે. એવા સંજોગોમાં બાપ્સ ચેરીટીઝ દ્વારા ઈટોબિકોક, બ્રામ્પટન, વુડબ્રીજ, મિસીસાગા, ઓકવિલે, સ્કારબોરો, બેરી અને કેમ્બ્રીજ સહિત ઓન્ટેરિયોમાં વધારાના ૨૦૦૦ એન ૯૫ માસ્ક અને ૧૦,૦૦૦ જેટલા નાઈટ્રીલ ડીસ્પોઝેબલ ગ્લવ્સ કલીનીકસ અને આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલાઓને આપવામાં આવ્યા હતા. આ સાથે બાપ્સ ચેરીટીઝ તરફથી કેનેડામાં અપાયેલા પીપીઈ કીટની સંખ્યા ૪૧ હજારથી વધુની થઈ છે.

વુડબ્રીજ મેડીકલ સેન્ટર ખાતેની ફેમિલી હેલ્થ ટીમની લીડર અને નર્સ મૌરીન મુલેરે કહ્યું હતું કે, વુડબ્રીજ મેડીકલ સેન્ટર ફેમિલી હેલ્થ ટીમ વતી હું બાપ્સ ચેરીટીઝનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. ખાસ કરીને એન ૯૫ રેસ્પીરેટર માસ્ક અમારા સેન્ટરને આપવા બદલ આભારી છું. આ દાનને કારણે અમે સમાજની સેવાને ચાલુ રાખી શકીશું અને દદીઓ અને અમારી ટીમની સુરક્ષાા પણ જળવાઈ રહેશે. એ બદલ અમે આભારી રહીશું. બાપ્સ ચેરીટીઝના ડાયરેકટર ચંદ્રકાંત સચદેવ કહે છે, હવે જયારે અર્થતંત્ર ફરીથી પાટે ચઢવાની દિશામાં આગળ વધી રહ્યું છે ત્યારે અમે જોયું છે કે, નાના હેલ્થકેર કલીનીકસને પણ પીપીઈ કીટની જરૂર પડે છે. અમને આનંદ છે કે, તેમની જરૂરીયાત મુજબના માસ્ક અને ડીસ્પોઝેબલ ગ્લવ્સ અને પીપીઈ કીટ તેમને આપવાની અમને તક મળી છે.

કેનેડામાં બાપ્સ ચેરીટીઝના સ્વયંસેવકો સતત પરીસ્થિતિ પર ધ્યાન રાખી કયાં કેટલી જરૂર છે, એની જાણ કરીને અમને મદદરૂપ થઈ રહ્યા છે.

આજ સુધીમાં બાપ્સ ચેરીટીઝે કેનેડામાં ૧૪ હોસ્પિટલોને અને ફ્રંટલાઈન વર્કરોને ૪૧ હજાર પીપીઈ કીટસ, ૬૫૦૦થી વધુ ફુડ એન્ડ કેર પેકેજીસ પુરા પાડીને ટેકો આપ્યો છે. એ ઉપરાંત બાપ્સ ચેરીટીઝે વાન્કુંવરની સરે મેમોરિયલ હોસ્પિટલના હેલ્થકેર પ્રોફેશનલ્સને ૬૦૦ ડીશ ગરમ ભોજન પુરૂં પાડયું હતું અને વેબીનારના માધ્યમથી નવ હજારથી વધુ લોકોને કોરોના વિશે જાણકારી આપી જનજાગૃતિનું કામ પણ હાથ ધર્યું હતું.

# ઓન્ટેરિયો સ્કુલ બોર્ડને કલાસરૂમ અને ઓનલાઈન લર્નીંગ શરૂ કરવા આદેશ

નવુ શૈક્ષણિક સત્ર ઓક્ટોબર માસથી શરૂ થવાની પ્રબળ સંભાવના



ટોરન્ટો : ઓન્ટેરિયોના શિક્ષણમંત્રી સ્ટીફન લેસે કહે છે કે, તેમણે ઓન્ટેરિયોના તમામ સ્કૂલ બોર્ડસને નવા શૈક્ષણિક વર્ષને કલાસરૂમ લર્નીંગ અને ઓન લાઈન લર્નીંગના મિશ્રણ સાથે શરૂ કરવા આદેશ આપી દીધો છે. આ નવુ સત્ર ઓકટોબર માસથી શરૂ થઈ શકશે.

શુક્રવારે પત્રકારો સાથેની વાતચીતમાં લેસેએ કહ્યું હતું કે, બધા સ્કુલ બોર્ડસને એને માટે તૈયારીઓ શરૂ કરી દેવા જણાવી દેવામાં આવ્યું છે. જેથી ઓન લાઈન અને કલાસરૂમના મિશ્રણથી બધા વિદ્યાર્થીઓને શિક્ષણ આપી શકાય. જો કે, એને માટે શાળાઓની સાથે જ સ્થાનિક આરોગ્યઅધિકારીઓ પણ એ નક્કી કરશે કે, કોવિડ -૧૯ના જોખમને હિસાબે કયા વિસ્તારમાં કલાસરૂમ લર્નીંગ અને કયા વિસ્તારમાં ઓન લાઈન લર્નીંગ શરૂ કરવું. શનિવારે શિક્ષણમંત્રીએ એમ પણ કહ્યું હતું કે, બોર્ડને એવી સુચના આપવામાં આવી છે કે, વિદ્યાર્થીઓને એકાંતરે કે એક અડવાડિયા બાદ ૧૫ વિદ્યાર્થીઓના ગૃપને કલાસરૂમ લર્નીંગ માટે બોલાવવા અને બાકીનો સમય એમને ઓનલાઈન શિક્ષણ આપવું. તેમણે એમ પણ કહ્યું કે, પ્રાંતવાર એપ્રોચનો આરંભ ઓકટોબરથી થઈ શકશે. જયારે કોવિડ -૧૯ની સ્થિતીને પણ ધ્યાનમાં લેવામાં આવશે. અમે ઓન્ટેરિયોના બે મિલીયન બાળકો સાથે પણ વાતચીત કરી રહ્યો છીએ. જેઓ છેલ્લા છ માસથી કલાસરૂમમાં જઈ નથી શકયા. આ સમયગાળો બાળકોના માનસિક, સામાજીક અને લાગણીશીલતાની સ્વસ્થતા માટે ઘણો લાંબો ગણાય અને એની અસર બાળ માનસ પર પડી શકે છે. એને ધ્યાનમાં રાખીને જ હવે કલાસરૂમ અને ઓનલાઈન શિક્ષણના મિશ્રણનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. કોવિડ -૧૯ના પ્રસારને અટકાવવાના પગલા તરીકે ઓન્ટેરિયોમાં માર્ચના મધ્યથી કલાસરૂમ શિક્ષણ બંધ કરવામાં આવ્યું હતું. જો કે, અમે મે માસથી આ કામ શરૂ કરવા માંગતા હતા. પરંતુ લોકડાઉનની સ્થિતીને કારણે એ શકય બન્યું નહોતું.






# મોટાભાગના સ્પર્ધાત્મક આર્થિક રેન્કીંગમાં કેનેડા અમેરિકાને પછાડી આગળ નીકળ્યું

## આઈએમડીના રેંકીંગમાં કેનેડા ૧૩મા સ્થાનેથી આગળ વધીને આઠમા સ્થાને આવી ગયું




મોન્ટ્રીયલ : અમેરિકાની ચીન સામેની નુકસાનકારી ટ્રેડવોર નીતિને કારણે અમેરિકા આર્થિક રેન્કીંગમાં કેનેડાથી પાછળ રહી ગયું છે. તાજેતરમાં જાહેર થયેલા સ્વિસ બિઝનેસ સ્કુલ આઈએમડીના વાર્ષિક રેન્કીંગમાં કેનેડા ગયા વર્ષના તેના ૧૩મા સ્થાનેથી આગળ વધીને આઠમા સ્થાને આવી ગયું હતું.

જયારે અમેરિકા તેના ગયા વર્ષના ત્રીજા સ્થાનેથી ગગડીને ૧૦મા સ્થાને આવી ગયું હતું. છેલ્લા કેટલાંક દાયકાઓથી આ રેન્કીંગમાં પોતાનો પ્રભાવ દર્શાવનારા અમેરિકા માટે આ વખતનો દેખાવ નિરાશાજનક અને ખરાબ રહ્યો છે. ૧૯૮૯થી ચાલી રહેલા આ રેન્કીંગમાં કેનેડાએ પહેલીવાર સારો દેખાવ કર્યો છે. આ રેન્કીંગ માટે વર્ષ ૨૦૧૯ના ડેટાનો ઉપયોગ થયો હતો. પરંતુ બિઝનેસ લીડર્સના અભિપ્રાયો ૨૦૨૦ના આરંભમાં લેવામાં આવ્યા હતા. આઈએમડીએ એના અહેવાલમાં જણાવ્યું હતું કે, ચીન તેના ગયા વર્ષના ૧૪મા સ્થાનથી ૨૦મા સ્થાને પહોંચ્યુ છે. જેનું કારણ ચીન અને અમેરિકા વચ્ચેનું ટ્રેડવોર જ છે. એનાથી બંને દેશોના અર્થતંત્રને નુકસાન જ થયું છે. એમનો સકારાત્મકવિકાસ રૂંધાઈ ગયો છે.

આઈએમડીના કોમ્પીટીટીવનેસ સેન્ટરના વડા અનેફાઈનાન્સ પ્રોફેસર આર્ટુરો બ્રિસે કહ્યું હતું કે, દેખીતી રીતે જ ટોચના ૧૦ દેશોના અર્થતંત્રો હવે નાના અર્થતંત્રો બની ગયા છે. નાનું અર્થતંત્ર હોવાનો અત્યારનો સૌથી મોટો ફાયદો તેમને અત્યારની વૈશ્વિક મહામારી સામેની લડતમાં એમની ક્ષમતામાંથી આવે છે. પરિણામે વૈશ્વિક સત્તાઓએ ઘણો સમય સંઘર્ષ કરવો પડશે. તેઓ નાના અર્થતંત્રવાળા દેશો સામે હવે નબળા પડયા છે.

# અમેરિકામાં પ્રતિબંધ બાદ ઈમિગ્રેશન મંત્રીનો 'આવી જાવ કેનેડા'નો સંદેશ

- ઈમિગ્રન્ટસને આવકારવાથી અર્થતંત્રને ફાયદો થવાના કેનેડાના ઈમિગ્રેશન મંત્રીને આશા

ઓન્ટેરિયો : વિશ્વભરની પ્રતિભાને 'આવી જાવ કેનેડા'નો સંદેશ કેનેડાના ઈમિગ્રેશન મંત્રી માકી મેન્ડીસીનોએ ગઈકાલે જયારે અમેરિકા દ્વારા કાયમી અને કામચલાઉ વિઝાને સસ્પેન્ડ કરી દેવાની જાહેરાત કરી ત્યાર પછી તરત જ આપી દીધો હતો.

અમેરીકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નવો આદેશ જારી કર્યો હતો. જેને પગલે નવા ગ્રીનકાર્ડ ધારકો અને કામચલાઉવિદેશી કામદારોને વર્ષ ૨૦૨૦માં અમેરિકામાં પ્રવેશ નહીં મળી શકે. આ આદેશ પ ાછળનું કારણ એ છે કે જે અમેરીકન કામદારોની રોજગારી કોવિડ -૧૯ને કારણે જતી રહી હતી તેમને રોજગારી મળવામાં મદદરૂપ થઈ શકાય.

કેનેડાના ઈમિગ્રેશન મંત્રી મેન્ડીસીનોએ તો કોરોના વાઈરસની કટોકટી શરૂ થઈ ત્યારથી અનેકવાર કહી ચુકયા છે કે, કેનેડા વિશ્વભરના લોકો, કામચલાઉ વિદેશી કામદારો અને આંતરરાષ્ટ્રીય વિદ્યાથીઓને આવકારવા હજુ પણ પ્રતિબદ્ધ છે. જો કે, વૈશ્વિક મહામારીને કારણે કેનેડાનું અર્થતંત્ર પણ અસર પામ્યું છે, છતાં કેનેડાની સરકાર અને ઈમિગ્રેશન મંત્રી મેન્ડીસીનો માને છે કે, ઈમિગ્રન્ટસને આવકારવાથી એમના અર્થતંત્રને ફાયદો થશે. મેન્ડીસીનોએ પોતાના એ જ વિચારો તાજેતરમાં આપેલી ટી.વી. મુલાકાતમાં પણ વ્યકત કર્યા હતા. અમેરિકા દ્વારા લદાયેલા ઈમિગ્રેશન પ્રતિબંધો વિશેના પ્રતિભાવ વિશે પુછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે એ જ ઈમિગ્રેશન કેનેડાના અર્થતંત્રમાં વસંત લાવનારૂં બનશે. તેમણે કહ્યું કે અમારી પાસે નક્કર યોજનાઓ છે જે કેનેડાને આર્થિક મોરચે વિશ્વભરમાં ટોચનું સ્થાન અપાવશે. અમારી પાસે એકસપ્રેસ એન્ટ્રી પ્રોગ્રામ અને ગ્લોબલ ટેલન્ટ સ્ટ્રીમ જેવા માર્ગો છે, જેનાથી અમે વિશ્વભરનાઉદ્યોગ સાહસિકો, ઈજનેરો અને ઈનોવેટર્સને કેનેડામાં લાવી શકીશું. અમારી પાસે વિશ્વભરમાંથી કામદારો અને નિપુણ કામદારોને લાવવાનો પણ માર્ગ છે. કેનેડા સો જેટલા કાયમી અને કામચલાઉનિવાસી બનવાના વિકલ્પો આપવા તૈયાર છે.

# ટોરન્ટોમાં ફ્લાઈટમાં પપ્પીઝના મોતથી જીવદયા પ્રેમીઓમાં ભારે નારાજગી

ટોરન્ટો - ગત શુક્રવારે ટોરન્ટોના ઈયરસમ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે એક ઈન્ટરનેશનલ ફ્લાઈટમાંથી ૧૨થી વધૂ પાપ્પીઝ મૃત હાલતમાં મળ્યા હતા. જીવદયા પ્રેમીઓએ લોકોને પપ્પીસની ઓનલાઈન ખરીદી નહીં કરવા વિનંતી કરી હતી. ફોટા અને વિડિયોઝ ફેસબુક પર અપલોડ કરવામાં આવ્યા હતા. તેમાં જોઈ શકાતું હતું કે, યુક્રેનના કિવ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક ફ્લાઈટમાં સેંકડો પપ્પિઝને ક્રેટમાં મૂકી વિમાનમાં મુકાવાઈ રહ્યા છે. આ ફૂટેજ જોનાર એક મહિલા એ બી લોરેંઝને જણાવ્યું હતું કે, હું જ્યારે એક બિલાડીને લેવા ત્યાં ગઈ હતી ત્યારે પપ્પીઝના કણસતા અવાજ સંભળાયા હતા. લોરેન્સ એ ફેસબૂક પર લખ્યું હતું કે, એરલાઈને એટલા મોટા પ્રમાણમાં જીવતા પ્રાણીઓ પોતાની ફ્લાઈટમાં લઈ જવા જોઈતા નહોતા. આવા પ્રાણીઓને કેટલાક લોભિયા માણસોની કમાણી માટે ત્રાસ ભોગવવો પડે અને માંદા પડી જાય તે યોગ્ય નથી.

ટોરન્ટોના હવાઈ મથકે ૩૮ મરેલા પપ્પીઝ સાથે ૧૨ કલાક બાદ વિમાન ઉતાર્યું ત્યારે ડઝન બંદ મરેલા પપ્પીઝ તથા અન્ય માદા અને પાણીના અભાવથી પીડાતા પ્રાણીઓ પણ મળી આવ્યા હતા.

કેનેડિયન ફૂડ ઈનસ્પેક્ષને સી પ્રાણીઓની આયાતની અવગણના કરી હતી. તેણે શુક્રવારે એક નિયોજનમાં કબૂલ કરતા જણાવ્યું હતું કે, ૧૩મી જૂનના રોજ યુક્રેન ઈન્ટરનેશનલ એરલાઈન્સની એક ફ્લાઈટ ટોરન્ટોમાં ઉતરી હતી. આ ફ્લાઈટમાં ૫૦૦ પપ્પીઝ ચડાવવામાં આવ્યા હતા. એક જીવદયા પ્રેમીએ જણાવ્યું હતું કે, આ એરલાઈનના વિમાનોમાં જ્યારે પ્રાણીઓ મોકલવામાં આવે છે ત્યારે તેનું ધ્યાન રાખવામાં આવતું નથી. એક કારીગરે જણાવ્યું હતું કે, યુક્રેન અને અન્ય પૂર્વ યુરોપિયન દેશોમાંથી કેનેડા ખાતે આવા હજારો પપ્પીઝ મોકલવામાં આવે છે.






# H-1B વિઝામાં ચેડાં : કોરાનાનું નામ અને ડોનાલ્ડ ટ્રમ્પનું કામ

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

વિશ્વની મહાસત્તા ગણાતા અમેરિકામાં છેલ્લાં કેટલાક સમયથી સમસ્યા ખડકાઈ રહી છે. ચીન સાથે વારંવાર ટ્રેડ વોરના સંજોગો ઉભા થયા બાદ કોરોના સામે પુરતી તકેદારી નહીં રાખવાની નીતિ અમેરિકાને ભારે પડી રહી છે. આજે અમેરિકામાં બેરોજગારીનો દર ઘણો વધી ગયો છે. બીજી તરફ યુએસ પ્રેસીડન્ટની ચૂંટણી પણ ડિસેમ્બર આસપાસ યોજાવાની છે. આ બધી વાતો વચ્ચે ૨૦ દિવસ પહેલાં અશ્વેત નાગરિકની પોલીસ દ્વારા હત્યા થયા બાદ રંગભેદનો મુદો પણ ગરમાયો છે. આથી નાગરિકોને ધ્યાન હટાવવા સાથે કોરોનાને નામે ટ્રમ્પે પેંતરો રચ્યો છે. ટ્રમ્પ પ્રશાસન **H-1B** વિઝા સહિતના બીજા રોજગાર વિઝા સ્થગિત કરવા વિશે વિચાર કરી રહ્યું છે. આ અંગે ટ્રમ્પે ચાર દિવસ પહેલાં જ જાહેરનામા પર હસ્તાક્ષર કર્યા હતા. અગાઉ તેમણે કહ્યું હતું કે, કોરોના વાઈરસનું સંક્રમણ રોકવા માટે બીજા દેશોમાંથી આવતા લોકોની સંખ્યા મર્યાદિત કરવાની જરૂર છે. જો અમેરિકા **H-1B** તેમજ અન્ય રોજગાર વિઝા સ્થગિત કરી દે તો ભારતથી અમેરિકા જવા માંગતા લોકો અને ભારતની આઈટી કંપનીઓ પર અસર થવી નક્કી છે. રોજગાર માટે કે વસવાટ માટે અમેરિકા જવા માંગતા ભારતીય વ્યવસાયીઓમાં **H-1B** વિઝા ભારે લોકપ્રિય છે. આ વિઝા અમેરિકામાં છ વર્ષ માટે કામ કરવા માટે આપવામાં આવે છે. અમેરિકામાં કાર્યરત કંપનીઓ આ વિઝા એવા સ્કીલ્ડ કર્મચારીઓને આપે છે. આ વિઝા માટે કેટલીક શરતોનું પાલન થવું જરૂરી છે. જેમકે આ વિઝા મેળવવા માંગતા વ્યક્તિ પાસે સ્નાતક હોવા ઉપરાંત કોઈ એક ક્ષેત્રમાં વિશેષ યોગ્યતા હાંસલ હોવી જોઈએ. આ વિઝાની સૌથી મોટી વિશેષતા એ છે કે, તે બીજા દેશોના લોકોનો અમેરિકામાં વસવાટ માટેનો રસ્તો મોકળો કરી દે છે.

**H-1B** વિઝાને લઈને અમેરિકામાં છેલ્લા ઘણાં સમયથી વિવાદ ચાલે છે. અમેરિકાના લોકો આ વિઝાનો ભારે વિરોધ પણ કરતા હોય છે. ઘણાં લોકોનું માનવું છે કે, કંપનીઓ આ વિઝાનો ખોટી રીતે ઉપયોગ કરે છે. આ વિઝા એવા સ્કીલ્ડ લોકોને આપવા જોઈએ જે અમેરિકામાં મોજૂદ ન હોય. પરંતુ કંપનીઓ આ વિઝાનો ઉપયોગ કરવામાં આ નિયમ પાળતી નથી. સ્થાનિક લોકોનો આરોપ છે કે, **H-1B** વિઝાનો ઉપયોગ કરીને કંપનીઓ અમેરિકનોની જગ્યાએ વિદેશીઓને ઓછા પગારે નોકરીમાં રાખી લે છે. છેલ્લા થોડા વર્ષોથી અમેરિકામાં આ વિઝાને લઈને અદાલતી કેસો પણ ચાલ્યા છે. ૨૦૧૫માં ખ્યાતનામ કંપની ડિઝનીએ આ વિઝાને લઈને એક લાંબી કાયદાકીય લડાઈ લડવી પડી હતી. **H-1B** વિઝાને લઈને ભારતીય આઈટી કંપનીઓ ઉપર પણ આરોપો મુકાતા રહ્યાં છે. અમેરિકાના ઘણાં લોકોના વિરોધ સાથે છેલ્લા થોડા સમયથી **H-1B** વિઝા રાજકીય મુદો પણ બન્યો છે. ટ્રમ્પે પોતાના ચૂંટણી પ્રચારમાં **H-1B** વિઝા ઉપર પ્રતિબંધ મૂકવાની વાત પણ કરી હતી.અગાઉની સરકાર પણ એવા પ્રયાસો કરતી રહી છે કે, અમેરિકન કંપનીઓ આ વિઝાનો ઓછામાં ઓછો ઉપયોગ કરે. એટલા માટે વખતો વખત આ વિઝાની ફીમાં પણ ભારેખમ વધારો કરવામાં આવે છે. ઓબામા પ્રશાસને ૨૦10 અને ૨૦૧૬માં **H-1B** વિઝા ફીમાં ભારે વધારો કર્યો હતો. એ પછી ૨૦૧૭માં વિઝા ફી બે હજાર ડોલરથી વધારીને ૬ હજાર ડોલર કરી દેવામાં આવી હતી. એ સમયે ભારત સરકારે તેનો ભારે વિરોધ પણ કર્યો હતો. અમેરિકા હાઈલી સ્કીલ્ડ પ્રોફેશનલ્સને પોતાને ત્યાં કામ કરવા માટે આમંત્રવા માટે વાર્ષિક ૮૫ હજાર **H-1B** વિઝા જારી કરે છે.

આ વિઝા મેળવવા માટે દુનિયાભરના પ્રોફેશનલ્સ અરજી કરતા હોય છે પરંતુ આ વિઝા પ્રાપ્ત કરવામાં ભારતનો દબદબો છે. કુલ **H-1B** વિઝાના ૬૦ ટકા જેટલા વિઝા ભારતીયો મેળવી જાય છે. જે માટે તેમની કુશળતા ઉપરાંત અન્ય લોકો કરતા ઓછા પગારે કામ કરવાની તૈયારી મુખ્ય કારણ છે. **H-1B** વિઝાના નિયમો આકરા કરવામાં આવે છે તો તેની સીધી અસર ભારતની આઈટી કંપનીઓ ઉપર પડે છે. ખાસ વાત એ કે ઈન્ફોસિસ, વિપ્રો અને ટીસીએસ જેવી આઈટી કંપનીઓની લગભગ અર્ધી કરતા વધારે આવક અમેરિકામાંથી આવે છે. આ કંપનીઓ બહુ મોટી સંખ્યામાં **H-1B** વિઝાધારકોને નોકરીએ રાખે છે. **H-1B** પ્રાપ્ત કરવા માટેની મુખ્ય શરતોમાં વાર્ષિક પગાર જે હાલ ૬૦ હજાર ડોલર હોવો જરૂરી છે. એ ઉપરાંત આ વિઝા માટે અરજી કરનાર પાસે માસ્ટર ડિગ્રી હોવી જરૂરી છે. **H-1B** વિઝાનો વાર્ષિક ક્વોટા હાલ ૬૫ હજારનો છે જેની ફાળવણી લોટરી સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત વિદેશી વિદ્યાર્થીઓ માટે વધારાના ૨૦ હજાર એડવાન્સ **H-1B** વિઝાની વ્યવસ્થા પણ છે. **H-1B** વિઝાની હાલની જોગવાઈઓની વાત કરીએ તો બીજા દેશોમાંથી અમેરિકામાં **H-1B** વિઝા પર આવેલા લોકોને ત્રણ વર્ષ સુધી રહેવાની પરવાનગી મળે છે. આ સમયગાળો બીજા ત્રણ વર્ષ સુધી લંબાવી શકાય છે. જો કોઈ વ્યક્તિ આ રીતે છ વર્ષ અમેરિકામાં ગાળે તો તે અમેરિકામાં સ્થાયી નાગરિકત્ત્વ એટલે કે ગ્રીન કાર્ડ માટે અરજી કરી શકે છે. જ્યાં સુધી ગ્રીન કાર્ડની પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી એ વ્યક્તિના વિઝા લંબાયા કરે છે. ગ્રીન કાર્ડ માટેની અરજી પેન્ડીંગ હોય એવા લોકોમાં સૌથી વધારે પ્રોફેશનલ્સ ભારત અને ચીનના છે. કેટલાય લોકો તો એવા છે જેમની ગ્રીન કાર્ડની અરજી છેલ્લા દસ કે બાર વર્ષથી પેન્ડીંગ છે. અમેરિકામાં કાયમી વસવાટ કરવા માંગતા લોકો માટે **H-1B** વિઝા એકદમ અનુકૂળ છે. ખાસ કરીને ભારતના સોફ્ટવેર નિષ્ણાંતો **H-1B** વિઝા પ્રાપ્ત કર્યા પછી પાંચ વર્ષ બાદ ગ્રીન કાર્ડ માટે અરજી કરે છે જે પ્રાપ્ત થયા બાદ કાયમી નાગરિક બનવા તરફ મીટ માંડે છે. ખરેખર તો હજારો ભારતીય આઈટી પ્રોફેશનલ્સના કારણે જ અમેરિકાની ટેક ઈન્ડસ્ટ્રી ટકી રહી છે અને અમેરિકા આ વાત જાણે છે એટલા માટે જ પાછલી સરકારો આ વિઝા નીતિનું સમર્થન કરતી આવી છે.

જોકે ડોનાલ્ડ ટ્રમ્પની નીતિ આનાથી સાવ વિપરિત છે. વર્ષ ૨૦૧૬માં ચૂંટણી પ્રચાર દરમિયાન જ ટ્રમ્પે બાય અમેરિકન હાયર અમેરિકનનું સૂત્ર વહેતું કર્યું હતું. જે અંતર્ગત ટ્રમ્પે વચન આપ્યું હતું કે, અમેરિકામાં સ્થાનિક નોકરીઓમાં અમેરિકન લોકોને જ પ્રાથમિકતા આપવામાં આવશે. રાષ્ટ્રપતિ બન્યા પછી ટ્રમ્પે **H-1B** વિઝામાં ફેરફાર કરવા પણ ઘણાં પ્રયાસ કર્યાં હતાં પરંતુ તેમના પ્રયાસો સફળ નીવડયાં નહોતાં. ટ્રમ્પ પ્રશાસને ગ્રીન કાર્ડની અરજી પેન્ડીંગ હોય એ સમય દરમિયાન અમેરિકા છોડવાની શરત ઉપરાંત નવી વિઝા નીતિમાં બીજી કેટલીક આકરી શરતો લાગુ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ અમેરિકી કોંગ્રેસની મંજૂરી મળી નહોતી. હવે અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ટ્રમ્પે ફરી **H-1B** વિઝા સાથે છેડછાડ કરવાની હિલચાલ આદરી છે. ટ્રમ્પને ભલે લાગતું હોય કે **H-1B** વિઝા અમેરિકનોની નોકરી છીનવી રહ્યાં છે પરંતુ જાણકારોના મતે ટ્રમ્પની આ ધારણા ખોટી છે. તાજેતરના એક સર્વેક્ષણ અનુસાર **H-1B** વિઝાધારકો મોટે ભાગે કમ્પ્યુટર અને આઈટી સાથે સંકળાયેલી નોકરી કરતાં હોય છે. પરંતુ આવી નોકરીઓનો બેરોજગારી દર જાન્યુઆરીમાં માત્ર ૩ ટકા હતો જે હવે ઘટીને ૨.૫ ટકા થઈ ગયો છે. બીજી બાજુ અમેરિકામાં બીજા ક્ષેત્રોની નોકરીઓનો બેરોજગારીનો દર જાન્યુઆરીમાં ૪.૧ ટકા હતો જે કોરોનાકાળમાં વધીને ૧૩.૫ ટકા થઈ ગયો છે. મતલબ કે, કોરોનાના કારણે IT નહીં પરંતુ બીજા ક્ષેત્રોમાં બેરોજગારી વધી છે. એવામાં **H-1B** વિઝા સ્થગિત કર્યા બાદ પણ રોજગારના મામલે અમેરિકનોને ફાયદો થવાની શક્યતા સાવ જ ધૂંધળી છે.

manoj1968@yahoo.ca




Beautiful Well Maintained 1 Bedroom Suite In Marilyn Monroe. 600 Sq Ft, Amazing Views From Huge 130 Sq Ft Balcony W/Access From Living & Bedrooms. 9 Ft Ceilings. Gorgeous Kitchen W/ Centre Island, Granite Counter Tops & Stainless Steel Appliances. Many Amenities, Great Location W/ The Future Lrt Line On Hurontario.
MISSISSAUGA



Welcome To The Well Maintained, Super Clean And Bright 2 Bedrooms + Den In Rainbow Village, Huge Living/Dining Room, Large Bedrooms, 2 Full Washrooms,All Customized Closets In Kitchen,Bedrooms,Entrance,Wshrm. 24 Hrs Gatehouse Security, Large Recreational Facilities, Gym, Pool, Party Room, On Site Day Care, Visitor Parking, Playground On Site.
TORONTO



(Wow) Absolute Show Stopper! 4 Generous Size Bedrooms 3 Baths + Stunning Views Of Escarpment From Front Balcony, Facing Beautiful Park , Steps To Public Transit, Schools And Parks, Dbl Door Entry , Eat In Kitchen , Huge Family Doom With Hardwood Floors,Unfin Basement , House Is Truly A Model Home Master Ensuite W/Soaker Tub & Walk-In Closet.
MILTON



Aprx 4100 Sq Ft... Stunning Detached 5 Bedrooms, 5 Washrooms (5 Bedrooms & 4 Full Washrooms On The Second Floor) 10' Ceilings On Main Floor, 9' On Second Floor,Upgraded Tiles. Custom Kitchen With Extra Cabinetry, Large Island With Modern Back Splash & Quartz Counter Top. Hardwood Floor Through Out Main. Berber Carpet On The Second Floor. Crown Molding.
BRAMPTON

RE/MAX REALTY SERVICES INC. BROKERAGE
INDEPENDENTLY OWNED AND OPERATED
JAY PATEL
BROKER
647.241.3818
jaypatel1323@gmail.com

Off : 905.456.1000 I Fax : 905.456.1924
295 Queen Street East, Brampton, On., L6W 3R1

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest
✔ Mice
✔ Rat
✔ Cockroach
✔ Bedbug
✔ Animal Control
✔ Bird Control
✔ Wasps &
✔ Hive Removal

*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***
Written Guarantee And Discounted Rates
We speak English, Gujarati & Hindi
CPMA - ACGP
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION International
SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator
647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca
24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal

# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**
$ 6.99 10 items
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

Franchise Opportunity in GTA

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**

**$500**

Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# લોકડાઉન બાદ ફરી સજ્જ થતું પિયરસન એરપોર્ટ

## ભવિષ્યમાં રોબોટની મદદ લેશે, ટૂંક સમયમાં દરરોજ ૮,૦૦૦ પ્રવાસીઓની અવરજવર ચાલુ કરવા વ્યવસ્થા કરાશે



ટોરન્ટો -લોકડાઉન બાદ ટોરન્ટોનું પિયર સન ઈન્ટરનેશનલ એરપોર્ટ કામકાજ શરૂ કરવા માટે સજજ થઈ રહ્યું છે અને ભવિષ્યમાં રોબોટ તથા નવા નિયંત્રણોની મદદથી કામકાજ આગળ વધારશે.

વૈશ્વિક મહામારી કોવિડ ૧૯ને કારણે આ એરલાઈનના વિમાનો મેદાન ઉપર ખડકી દેવા પડયા હતા. એક વખત વિશ્વનું ધમધમતું આ હવાઈ મથક સુનકાર બની ગયું હતુ. પણ ટોરન્ટોના આ સૌથી વિશાળ હવાઈ મથકે ધીમે ધીમે ફરીથી શરૂ થઈ રહેલી વ્યાપારી પ્રવૃત્તિને કારણે જીવન ફરીથી નવા નિયંત્રણો સાથે પાટા પર આવી રહ્યું છે.

ત્યારે મંગળવારે પોતાની ભવિષ્યની યોજના જાહેર કરી હતી.

ગ્રેટર ટોરન્ટો એરપોર્ટ ઓથોરિટીના પ્રેસિડેન્ટ ડેબોરા ફ્લિન્ટે કહ્યું હતું કે, થોડા મહિના અગાઉ અમે અમારા સંચાલન મેં નાટ્યાત્મક પરિવર્તન લાવવાનો વિચાર કર્યો હતો અને આરોગ્ય તથા સલામતી પર વિશેષ ધ્યાન આપવા વિચારી રહ્યા હતા. એ પરિવર્તનો આજે અમે જનતા સમક્ષ જાહેર કરી રહ્યા છે જે આખા એરપોર્ટને આવરી લેશે.

રોગચાળા સિવાય પણ હવાઈ મથક ઉપર આરોગ્ય અને સફાઈ જેવી બાબતો પર ખાસ ધ્યાન આપ્યું હતું. પરંતુ આ મહારોગચાળા બાદ નવી જરૂરિયાતોને ધ્યાનમાં લઈ નવા ફેરફારો કરાઈ રહ્યા છે. રોગચાળા અસર માનવ જીવન પર દાયકાઓ સુધી રહેવાની છે ત્યારે તૈયારીઓ પણ એ રીતેજ થઈ રહી છે.

### હવાઈ મથક પર કયા કયા સુધારા જોવા મળશે

૧. પ્રવાસીઓ અને કર્મચારીઓએ માસ્ક પહેર્યા હશે.
૨. આરોગ્ય ખાતાના નિષ્ણાતોની ટીમ ટર્મીનલ્સની સ્વચ્છતા પર ખાસ ધ્યાન આપતા જોવા મળશે તેમજ જરૂર પડે તેઓને એક સ્થળેથી બીજે સ્થળે ઝડપથી પહોંચી જતા જોવા મળશે.
૩. જ્યાં ભારે અવર જવર હશે જેમ કે એસ્કેલેટર, મુવિંગ વોકવેઝ, હેન્ડરેલ્સ, સ્ટરવેઝ, બેગેજ કાર્ડ અને કીયોસ્કના ડીસ ઇન્ફેક્શન પર ખાસ ધ્યાન આપવામાં આવશે.
૪. જુલાઈ ૯મીથી કેનેડામાં પ્રવાસ કરનાર તમામ પ્રવાસીઓનું ટેમ્પ્રેચર ચેક કરવામાં અવશે તેમજ જુલાઈનાં અંત સુધી અહીંથી જનાર તમામ પ્રવાસીઓનું ટેમ્પ્રેચર ચેક કરાશે.
૫. ઈન – ટર્મિનલ ડિજીટલ સક્રિંસ, સંકેત, જાહેરાત તથા ટ્વીટર પર કોવિડ ૧૯ સબંધી નવીનતમ માહિતી આપવામાં આવશે.
૬. વધુ ફિલ્ટર હવા અને પ્રવાહ મળી રહે તે માટે નવા ફિલ્ટર્સ બેસાડવામાં આવશે.
૭. ૮૦ થી વધુ સ્થળો તથા ટેક્સી અને લીમોઝ ખાતે પ્લેક્સીગ્લાસ બેસાડવામાં આવશે.
૮. કિયોસ્ક એલિવેટર્સ અને બેગ ડ્રોપ્સ જેવા સ્થળો પર ટચલેસ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.
૯. હવાઈ મથક ઉપર કામદારોનો કોવિડ ૧૯ સબંધી રેકોર્ડ લખવામાં આવશે.
૧૦. પ્રવાસીઓને જરૂર પડ્યે વર્ચ્યુઅલ કસ્ટમર સર્વિસ ઓફિસરની મદદ આપવામાં આવશે.
૧૧. ડિસઇન્ફેક્શન માટે ૬ રોબોટિક ફ્લોર ક્લીનર્સ કામ કરતા હશે.
૧૨. બંને ટર્મિનલ પર હવાની ગુણવત્તાનું સતત પરીક્ષણ કરવામાં આવશે.
૧૩. જે લોકો પ્રવાસી હશે અથવા તો એરપોર્ટ ટર્મિનલમાં કામ કરતા હશે તેવા લોકોનેજ ટર્મિનલમાં પ્રવેશ અપાશે.
૧૪. બેગેજ ક્લેમ એરિયામાં લોકો પર્યાવરણ મિત્ર સેનેટાઇઝિંગ મિસ્ટનો ઉપયોગ કરી શકાશે, જે તેમને હવાઈમથક પરથી જંતુ રહિત નીકળી શકશે.






# ટોરન્ટો શહેરમાં યોગા માટે આઉટડોર ડોમ્સનું ઝડપભેર થઈ રહેલું નિર્માણ

**• હોટેલ એક્સનાં મેદાનમાં યોગાના ફિટનેસના ક્લાસિસનું આયોજન**



ટોરન્ટો : ટોરન્ટોમાં લોકો અર્ધ મુખશ્વાસ જેવા યોગાસનોનો અભ્યાસ કરી શકે એ માટે ઝડપથી ભ્રોમિતિક આકારના ડોમ્સ એકાએક ઊભા થવા લાગ્યા છે. હોટેલ એક્સનાં મેદાનમાં લેમન્સ આઉટડોર સ્ટુડિયો તરફથી ૨૧ જૂનથી ૩૧ જુલાઈ સુધી યોગાના ફિટનેસના ક્લાસિસનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કંપની અન્ય ૬ સ્ટુડિયો અને તેમના યોગ શિક્ષકો થકી વિશેષ મહિનાઓમાં યોગાના વિશેષ વર્ગોનું આયોજન કરશે. લેમન્સ ઈવેન્ટના આયોજન સ્ટીવ જોર્જીસે મીડિયાને જણાવ્યું હતું કે, અમે એક નવીનતમ પ્રકારની વ્યવસ્થા તૈયાર કરી છે. એમાં તમે વ્યક્તિગત રીતે તમારી માલિકીના ડોમમાં ફિટનેસ અને યોગાસનો કરી શકશો. જ્યાં તમે રોજ કરતા વધુ શાંતિથી ઓછી ખલેલ સાથે યોગાસનો કરી શકશો.

અહિં કોવિડ ૧૯ના નિયંત્રણોને ધ્યાનમાં રાખી સામાજિક અંતર જાળવી શકાય તેવા ૫૦ ખાનગી અને સ્વચ્છ ડોમ્સ બનાવવામાં આવ્યા છે અને અહી તમારી પોતાની માલિકીના ડોમમાં ફિટનેસ અને યોગાસનો કરી શકો છો. અહીં દરેક વ્યક્તિને ૨ મીટર ઊંચાઈ અને ૩ મીટર પહોળાઈ ધરાવતો ડોમ આપવામાં આવશે. દરેક ડોમમાં યોગ્ય તાપમાન જળવાઈ રહે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. જોર્જીસ કહે છે કે, દરેક ડોમ ઉપયોગ કર્યા બાદ સ્વચ્છ અને જંતુ રહિત બનાવવામાં આવે છે. જેથી વાઈરસનો ફેલાવો અટકાવી શકાય છે. દરેક વર્ગમાં જમીન, પાણી, હવા અને અગ્નિ એવા ૪ પ્રકાર પાડવામાં આવ્યા છે. ઉપભોગતાએ પોતાની યોગા મેટ્સ સાથે લાવવાની રહેશે. જો તમે ભૂલી જશો તો જોરજીસ તરફથી મેટનું વેચાણ કરવામાં આવશે.

સ્થળ પર પાણીની બોટલ અને પ્રોટીન બાર્સની વ્યવસ્થા કરવા માં આવી છે. જોર્જિસ તરફથી સપ્તાહમાં ૫ થી ૬ વર્ગોનું આયોજન કરવામાં આવશે. જેનો સમય ૮ થી રાતના ૧૦ વાગ્યા સુધીનો હશે.

# કોરોના પીડિત અનેક કેનેડિયનો માનસિક સારવાર હેઠળ : અભ્યાસ

ઓન્ટેરિયો : કોન્ફરન્સ બોર્ડ ઓફ કેનેડા એન્ડ ધ મેન્ટલ હેલ્થ કમિશન ઓફ કેનેડા (એમ એચ સી સી) તરફથી મંગળવારના રોજ એક નવો અહેવાલ બહાર પાડવામાં આવ્યો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે, કોવિડ ૧૯ હજુ પણ નોકરી કરનારાઓ માટે એક ચિંતાનો વિષય બની રહ્યો છે. કારણ કે, અનેક લોકોની આવકને અસર થઈ હોવાને કારણે માનસિક ચિંતા સતાવી રહી છે. એપ્રિલ ૨૭ થી મે ૧૫ની વચ્ચે આ અભ્યાસ હાથ ધરાવામાં આવ્યો હતો. એ દરમિયાન ૧૫ મુખ્ય પ્રશ્નો ૧,૮૦૦ લોકોને પૂછવામાં આવ્યા હતા.

**૧૮૦૦ નાગરિકોને ૧૫ મુખ્ય પ્રશ્નો પુછી અભિપ્રાયો મેળવાયા, નોકરી કરનારાઓને આવકની ચિંતા વધી**

જે તેમના માનસિક સ્વાસ્થ્ય સબંધી પ્રશ્નો હતા. લગભગ ૮૪ ટકા લોકોએ જણાવ્યું હતું કે, કોરોના વાઈરસની મહામારીને કારણે તેમનું માનસિક આરોગ્ય કથળ્યું છે. તેમાંથી મોટાભાગના લોકોએ તેમના, પરિવારના કલ્યાણ તથા એમના ભવિષ્ય માટે ચિંતા વ્યક્ત કરી હતી અને આઈસોલેશનમાં તથા એકાંતમાં રહેવાને કારણે સતત ડરની લાગણીનો અનુભવ કરી રહ્યા હતા. એમએચસીસીના પ્રેસિડેન્ટ અને સી ઈ ઓ લૂઈઝ બ્રેડલીએ જણાવ્યું હતું કે, અમે કોવિડ ૧૯ને કારણે માનસિક આરોગ્ય પર થયેલી અસરનો ઉકેલ શોધી શક્યા નથી અને તેનું કારણ શું છે તે કહી શકતા નથી. એમ કહેવું યોગ્ય નથી કે, આ રોગચાળાને કારણે તેમનું માનસિક આરોગ્ય બગડ્યું છે. અમારે આનું ચોક્કસ કારણ શોધી કાઢવું પડશે. સર્વે જણાવે છે કે, મોટાભાગના લોકોની માનસિક સ્થિતિ ચિંતાજનક જણાઈ હતી. આના ઉકેલ તરીકે એવું સૂચન પણ કરવામાં આવ્યું હતું કે, આવા લોકોએ કેટલીક માનસિક કસરત તથા પરિવાર અને મિત્રો સાથે વધુ સમય વિતાવવો જોઈએ.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગુજરાતમાં કોરોનાથી વધુ ૫૭૭ સંક્રમિત : ૧૮ના મોત

**• સતત ૧૩માં દિવસે રાજ્યમાં ૫૦૦થી વધુ કેસ નોંધાયા, ૨૪૦ને રજા અપાઈ**



અમદાવાદ : રાજ્યમાં કોરોના પોઝિટિવનો આંકડો સતત ૧૩માં દિવસે ૫૦૦થી વધુ નોંધાયો છે. ગુરુવારે કુલ ૫૭૭ નવા કેસ નોંધાયા હતા આ સાથે કુલ સંક્રમિતો આંકડો રાજ્યમાં ૨૯૫૭૮ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં મૃત્યુનો આંકડો ૧૮ થયો હતો. આ સાથે કુલ મૃત્યુઆંક ૧૪૫૭ થયો છે. રાજ્યમાં ૨૪૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંકડો ૨૧૫૧૬ થયો છે. રાજ્યમાં આજે ૫૧૯૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજે ૬૬ વ્યક્તિઓ વેન્ટીલેટર પર રહ્યા હતા. રાજ્યના આઠ મહાનગર વિસ્તાર અને ૨૪ જિલ્લામાં કોરોનાના ૫૭૭ નવા કેસો ઉમેરાયા છે જે ગત ૨૧મૂ જૂને નોંધાયેલા ૫૮૦ કરતા બીજા નંબરે સૌથી વધારે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૧૧ અને જિલ્લામાં એક, સુરત કોર્પોરેશનમાં ૩, ગાંધીનગર કોર્પોરેશનમાં ૧ અને ગાંધીનગરમાં ૧, સુરેન્દ્રનગરમાં ૧સાથે કુલ ૧૮ મૃત્યુ થયા છે. રાજ્યમાં કુલ મૃત્યુ કોરોનાના લીધે ૧૪૫૪ ૨ક પહોંચ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી અમદાવાદમાં કોરોના પોઝિટિવના ૨૫૦થી પણ ઓછા દર્દીઓ નોંધાતા આરોગ્ય તંત્રે રાહતનો શ્વાસ લીધો છે. આજે સતત છઠ્ઠા દિવસે ૧૦૦થી વધુ કેસ ૨૪ કલાકમાં પોઝિટિવ કોરોનાના સુરત કોર્પોરેશન અને જિલ્લાના ૧૬૪ નોંધાતા કુલ કોરોના સંક્રમિતોનો આકંડો ૩૮૭૬ થયો છે જ્યારે આજે વધુ ત્રણ મૃત્યુ સાથે મૃત્યુંઆંક ૧૪૨ થયો છે. વડોદરા કોર્પોરેશન અને જિલ્લામાં આજે ૪૪ નવા કોરોના પોઝિટિવના દર્દી ઉમેરાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૦૨૯ થયો છે જ્યારે ગાંધીનગરમાં આજે કોરોનાના ૧૫ નવા કેસ ઉમેરાતા કુલ સંક્રમિતનો આંકડો ૬૦૨ થયો છે. ગાંધીનગર કોર્પોરેશન અને જિલ્લામાં વધુ બે મોત નોંધાતા કુલ મૃત્યુઆંકડ ૨૭ થયો છે. જામનગર કોર્પોરેશનમાં ૧૧ અને જિલ્લામાં ૩, નર્મદમાં ૧૧, રાજકોટ કોર્પોરેશનમાં ૯ અને જિલ્લામાં ૫, ભરુચમાં ૯, વલસાડમાં ૮, આણંદ-૭, પંચમહાલ અને ખેડામાં ૬-૬, કચ્છ અને નવસારીમાં ૫-૫, ભાવનગર કોર્પોરેશનમાં ૪ અને જિલ્લામાં ૧, જુનાગઢ કોર્પોરેશન-૪, મહેસાણા, સીગરસોમનાથ ૪-૪, અમરેલીમાં ૩, અરવલ્લી, સાબરકાંઠા, પાટણ, સુરેન્દ્રનગરમાં ૨-૨, ભાવનગર, બોટાદ, દાહોદ અને મોરબીમાં ૧-૧ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા હતા. રાજ્યમાં ૬૩૧૮ કોરોનાના એક્ટિવ કેસ નોંધાયા છે જેમાં ૬૬ વેન્ટીલેટર પર અને ૬૨૫૨ સ્ટેબલ છે.

## કોરોના હોટસ્પોટ બનતા સુરત પાલિકા એક્શનમાં, ખાનગી હોસ્પિટલો સાથે એમઓયુ કર્યા

સુરત : અમદાવાદ બાદ સુરત કોરોનાનું હોટસ્પોટ બની રહ્યું છે. શહેરમાં દિવસેને દિવસે કોરોનાના કેસ વધી રહ્યાં છે. જેથી મહાનગરપાલિકા દ્વારા ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. સ્મીમેર હોસ્પિટલની સાથે સાથે કોરોના દર્દીઓની સારવાર માટે ૩૭ જેટલી ખાનગી હોસ્પિટલ સાથે એમઓયુ કરવામાં આવ્યાં છે. જેથી ખાનગી હોસ્પિટલમાં પણ હવેથી રિઝર્વ બેડ રાખવામાં આવશે. પાલિકા દ્વારા એટ યોર ડોર સ્ટેપ સુવિધા શરૂ કરવામાં આવી છે. આ સુવિધા અંગે મેયરે જણવ્યું હતું કે, સામાન્ય લક્ષણો હોય તો પણ દર્દી ૧૦૪ નંબર પર ફોન કરે એટલે પાલિકાની ટીમ તેમના ઘરે પહોંચીને યોગ્ય સારવાર શરૂ કરી દેશે. જો કોઈ કોરોના દર્દી નહિ પણ હશે, જે તે સમયે હોસ્પિટલમાં તો ખાલી બેડ હશે તો પણ ચાર્જ પાલિકા ચૂકવશે.

## કોરનાના ટેસ્ટિંગ માટે ખાનગી લેબ હવે ૨૫૦૦ રૂપિયા વસૂલી શકશે

**• કોર્ટના નિર્દેશ બાદ સરકારે ટેસ્ટિંગનું ભાવ બાંધણું કર્યું**

અમદાવાદ : રાજ્યમાં રજૂઆતો અને ફરિયાદોની તો કોઈ દરકાર જ ન હોય એ રીતે તંત્ર કામ કરે છે. જોકે, મોડે મોડેથી પણ લેવાયેલા આ નિર્ણયથી લોકોને રાહત થશે. કોરોનાની પરિસ્થિતિમાં ખાનગી લેબોરેટરી દ્વારા ટેસ્ટીંગની કિંમત રૂ. ૪૫૦૦ લેવાતી હતી તેમાં ઘટાડો કરીને હવે રૂ. ૨૫૦૦ લેવાના રહેશે એવો નિર્ણય રાજ્ય સરકારે નાગરિકોના આરોગ્યના હિતમાં લીધો છે કોરોનાના ટેસ્ટીંગની કામગીરી હાલ રાજ્ય સરકારની માલિકીની હોસ્પિટલો અને મેડીકલ કોલેજોમાં વિનામૂલ્યે કરવામાં આવી રહી છે. અંદાજે દરરોજના ૪૦૦૨થી ૪૫૦૦ જેટલા ટેસ્ટીંગની કામગીરી કરવામાં આવી રહી છે. તાજેતરમાં રાજ્ય સરકારે એવો પણ નિર્ણય કર્યો છે કે, દર્દીને કોરોનાના લક્ષણો જણાય તો એમ.ડી. ફીઝીશ્યન ડોક્ટરો જો ટેસ્ટીંગ માટે અભિપ્રાય આપે તો ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ કોરોનાનો ટેસ્ટ કરાવી શકશે. ખાનગી લેબોરેટરીઓ ટેસ્ટીંગની કિંમત રૂ. ૪૫૦૦ લેતી હતી તે સંદર્ભે કોર્ટના માર્ગદર્શન મુજબ નિર્ણય કરાયો છે.

## અમદાવાદ શહેરમાં ૨૨૫ નવા કેસ, વધુ ૧૧ દર્દીઓનાં મોત

અમદાવાદ : ગુરુવારે અમદાવાદમાં ૨૨૫ નવા કેસ નોંધાયા હતા અને ૧૧ દર્દીઓનાં મોત નીપજ્યાં હતા. શહેરમાં કુલ કેસની સંખ્યા ૧૯,૮૧૧ થઈ ગઈ છે જ્યારે કુલ મૃત્યુઆંક ૧,૩૮૭ થઈ ગયો છે. આજે કોરોનાની સારવાર દરમિયાન વધુ ૧૯૯ દર્દીઓને રજા અપાઈ હતી. અત્યાર સુધીમાં કુલ ૧૫,૦૭૩ દર્દીઓ ડિસ્ચાર્જ કરાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરમાં અનલોક-૧નો આરંભ થયો પછીના ૨૫ દિવસ દરમિયાન ૭,૬૭૧ કેસ નોંધાઈ ચૂક્યા છે જ્યારે ૫૪૫ દર્દીઓના મોત નીપજ્યાં છે. તા. ૨૫મી જૂનને સવારે ૧૧ વાગ્યાની સ્થિતિએ, શહેરમાં ૧૮,૮૫૬ કેસ નોંધાયા હતા જેમાં અત્યારે ૨૯૨૩ એક્ટિવ કેસ છે. શહેરના મધ્ય ઝોનમાં ૨૧૮, ઉત્તર ઝોનમાં ૪૬૭, દક્ષિણ પશ્ચિઝોનમાં ૩૯૪, પશ્ચિમ ઝોનમાં ૬૪૨, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૩૪૫, પૂર્વ ઝોનમાં ૪૧૫ અને દક્ષિણ ઝોનમાં ૪૪૨ એક્ટિવ કેસ છે.

## ઔદ્યોગિક શહેરોમાં કોરોનાનો ચેપ વધતા દિલ્હીથી એક્સપર્ટની ટીમ મુલાકાત લેશે

ગાંધીનગર : ગુજરાતમાં અમદાવાદ પછી સુરત, ભરૂચ, જામનગર જેવા ઔદ્યોગિક એકમો ધરાવતા શહેરોમાં કોવિડ-૧૯ના ચેપનો ફેલાપો વધતા ભારત સરકાર હરકતમાં આવી છે. રાજ્યમાં કોરોના કહેરની સ્થિતિ, સરકાર દ્વારા થતા દાવા મુજબ સારવાર થઈ રહી છે કે કેમ ? દેશના બીજા રાજ્યો કરતા ગુજરાતમાં મૃત્યુદર વધારે કેમ છે ? કન્ટેઈન્ટનમેન્ટ ઝોનનો અમલ, ટેસ્ટિંગ સ્ટ્રેટેજી જેવા અનેકવિધ વિષયોની સમિક્ષા તેમજ નિરીક્ષણ માટે ભારત સરકાર શુક્રવારે આરોગ્ય મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી લવ અગ્રવાલની આગેવાનીમાં એક્સ્પર્ટ ટીમ ગુજરાત મોકલી રહી છે. દિલ્હીથી આવી રહેલી આરોગ્ય મંત્રાલયની ટીમ શુક્રવારે અમદાવાદ શહેરોમાં કન્ટેનમેન્ટ ઝોનમાં મુલાકાત સાથે જ પોતાના પ્રવાસની શરૂઆત કરશે. એપેડેમિક એક્સપર્ટ ડોક્ટર સાથે આવી રહેલા જોઈન્ટ સેક્રેટરી લવ અગ્રવાલ અમદાવાદ સ્થિત આસારવા કે સોલા સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓની થઈ રહેલી સારવાર, ટ્રિટમેન્ટ પ્રોટોકોલ સંદર્ભે સ્થાનિક ડોક્ટરો સાથે પણ મુલાકાત યોજી શકે તેમ છે. રાજ્યના આરોગ્ય વિભાગમાંથી કેન્દ્રની ટીમ દેશના અલગ અલગ રાજ્યોની મુલાકાત લઈ રહી છે. તે પૈકી ગુજરાતની મુલાકાતે આવનારા જોઈન્ટ સેક્રેટરી ગાંધીનગરમાં સરકારી અધિકારીઓ સાથે પણ બેઠક યોજશે. રાજ્યભરની હોસ્પિટલોમાં ચાલી રહેલી સારવાર, દર્દીઓ સાથે સંવાદ માટે દિલ્હીની ટીમને મુખ્યમંત્રી નિવાસસ્થાને ઝસ ડેશ બોર્ડની મુલાકાતે પણ લઈ જવાશે. છેલ્લા એક સપ્તાહથી સુરતમાં કોરોના વાઈરસથી ચેપગ્રસ્તો અને તેના કારણે મૃત્યુ વધી રહ્યા છે.

## ટેસ્ટિંગ માટેની સુવિધાના અભાવે વધુ મોત થાય છે : પરેશ ધાનાણી

ગાંધીનગર : વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ પણ સીએમ રૂપાણી સમક્ષ એક માંગ મૂકી છે. પરેશ ધાનાણીએ સીએમ રૂપાણીને જણાવ્યું છે કે, કોરોના મહામારી મામલે ગુજરાતના દરેક જિલ્લામાં અદ્યતન હોસ્પિટલ ઉભી કરવી, આરોગ્ય સ્ટાફને પીપીઈ કીટ, માસ્ક, સેનેટાઈઝર સહિત સુરક્ષા માટે અન્ય વસ્તુઓ ઉપલબ્ધ કરાવવી. તે છતાં કોરોના દર્દીઓને અપૂરતી સારવાર તથા ટેસ્ટિંગની સુવિધાઓના અભાવે વધુમાં વધુ દર્દીઓ મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં કોરોના ટેસ્ટિંગ ચાર્જ વધુ એટલે ૪૫૦૦ રૂપિયા લેવાય છે. ટેસ્ટિંગ કીટ બધે સરખી જ હોય છે તો કેમ ગુજરાતમાં ચાર્જ વધુ વસુલાય છે. વધુ ચાર્જને લીધે લોકો કોરોનાનું સંક્રમણ હોવા છતાં ટેસ્ટ નહિ કરાવે સારવાર નહિ કરાવે જેથી વધારે લોકો મોતના મુખમાં ધકેલાશે.

## સોલા સિવિલમાં સપ્તાહમાં ૧૧ ડોક્ટર, ૭ નર્સને કોરોનાનો ચેપ

અમદાવાદ : પશ્ચિમ વિસ્તારમાં કોરોનાના કેસો વધ્યા છે ત્યારે અમદાવાદની સોલા સિવિલમાં પણ અઠવાડિયામાં જ ૧૧ જેટલા ડોક્ટરો અને ૭ જેટલા ર્નિસગ સ્ટાફ કોરોનાની ઝપટે ચઢયા છે તેમ ઈન્ટર્ન ડોક્ટરો જણાવી રહ્યા છે, સોમવાર પહેલાંના આ આંકડા છે એ પછી નવો કોઈ કેસ આવ્યો નથી. કેટલાક સારવાર બાદ સાજા પણ થયા હોવાનું હોસ્પિટલના સૂત્રો જણાવી રહ્યા છે. સોલા સિવિલ હોસ્પિટલમાં ઈન્ટર્ન ડોક્ટરોએ નારાજગી વ્યક્ત કરી પોતાને રહેવા માટે હોટેલમાં સવલત કરવાની માગણી કરી હતી, ડોક્ટરોએ કલેક્ટર કચેરી ખાતે દેખાવો પણ યોજ્યા હતા, અંતે હોટેલમાં રહેવા માટેની તેમની માગણીનો સ્વીકાર કરાયો એ પછી તેઓ પુનઃ ફરજ પર હાજર થયા હતા. અમદાવાદમાં ડોક્ટરમાં પ્રથમ કેસ સોલા સિવિલ ખાતે નોંધાયો હતો.


First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

**બ્રામ્પટન (વેસ્ટ)**
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

**India import Services Available**
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

**સ્કારબોરો**
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

**મીસીસાગા**
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com






હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

### બ્રહ્માંડમાંથી આવતા કોસ્મિક કિરણોનો સીધો પૃથ્વી પર મારો થવા સાથે સજીવસૃષ્ટિને વિપરિત અસર સંભવ

# સોલર મિનિમમ : સૂર્યનું તેજ ઘટવા માંડ્યું

**ઑફબીટ**
**ધવલ શુક્લ**

ચાર વર્ષથી ભારત સહિતના અનેક દેશોમાં ભલે કાળઝાળ ગરમી પડી રહી હોય, પરંતુ જીવનમાત્રને ઉર્જા આપતો સૂર્ય આજકાલ ઠંડો પડી રહ્યો છે. જેને વૈજ્ઞાનિકો સોલર મિનિમમ તરીકે ઓળખાવે છે. વૈજ્ઞાનિકોના મતે આ પ્રક્રિયામાં સૂર્યની સપાટી પર થતી પ્રક્રિયાઓ ઘટી જાય છે. ગ્રહો-નક્ષત્રોની અસર આમ તો જ્યોતિષશાસ્ત્રનો વિષય છે. પરંતુ સૂરજની સૃષ્ટિ ઉપર થતી અસરો વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. જીવનમાત્રને ઉર્જા આપતો સૂરજ આજકાલ ઠંડો પડી રહ્યો છે. સોલર મિનિમમ તરીકે ઓળખાતો આ ગાળો વૈજ્ઞાનિકોને ચિંતામાં મૂકી દીધાં છે. સોલર મિનિમમની સ્થિતિ ત્યારે ઉદ્‌ભવે છે. જ્યારે સૂર્યની સપાટી પર થતી સોલર એક્ટિવિટી એટલે કે, સૌર ગતિવિધિઓ ઘટી જાય છે. વૈજ્ઞાનિકોએ સોલર એક્ટિવિટીમાં અસાધારણ ઘટાડો નોંધ્યો છે. જેને વૈજ્ઞાનિક ભાષામાં સોલર મિનિમમ કહેવામાં આવે છે. ઉપરાંત સૂર્યનું ચુંબકીય ક્ષેત્ર પણ નબળું પડયું છે. વૈજ્ઞાનિકોએ સોલર મિનિમમના કારણે પૃથ્વીના વાતાવરણ ઉપર ગંભીર અસરો પડવાની શક્યતા વ્યક્ત કરી છે. સૂરજના કિરણો નબળા પડવાને કારણે અનેક પ્રકારના પરિવર્તનો જોવા મળી શકે છે. સૂર્ય હકીકતમાં તારો છે જેમાં બીજા તારાઓની જેમ રાસાયણિક પ્રક્રિયાઓ ચાલતી હોય છે. સૂરજના કેન્દ્રમાં હાઈડ્રોજનના અણુઓ વચ્ચે સતત પ્રક્રિયા થાય છે અને એમાંથી હિલિયમનું નિર્માણ થાય છે. આ પ્રક્રિયા દરમિયાન પ્રચંડ ઉર્જા ઉત્પન્ન થાય છે. સૂરજમાં ઈલેક્ટ્રિકલી ચાર્જ્ડ ગેસ એટલે કે પ્લાઝમા હોય છે જે સતત ગતિ કર્યા કરે છે. આ રીતે પ્લાઝમાની ગતિના કારણે ચુંબકીય બળ પેદા થાય છે અને આ ચુંબકીય બળના પ્રભાવવાળા ક્ષેત્રને ચુંબકીય ક્ષેત્ર કહે છે.

સૂર્યની અંદર જે રીતે પ્લાઝમા આમતેમ ભટક્યા કરે છે એ પરસ્પર ટકરાયા કરે છે અને તેના કારણે ઉત્પન્ન થયેલા ચુંબકીય ક્ષેત્રો પણ એકબીજા સાથે અથડાતા રહે છે અને એકબીજામાં ભળતા રહે છે. આવી પ્રક્રિયાઓના કારણે સૂરજની સપાટી પર ભારે હલચલ પેદા થાય છે જે સોલર ફ્લેર્સ એટલે કે સૂર્યની જ્વાળાઓ ભભૂકવી, કોરોનલ માસ ઈજેક્શન એટલે કે સૂર્યની સપાટીમાંથી કેટલોક પદાર્થ બહાર ફેંકાવો તેમજ સનસ્પોટ એટલે કે, સૌરકલંકો જેવી ઘટનાઓમાં પરિણમે છે. આ તમામ પ્રક્રિયાઓને સોલર એક્ટિવિટી તરીકે ઓળખવામાં આવે છે. સૂર્યની અંદર સતત ન્યૂક્લિયર ફ્યૂઝનની પ્રક્રિયા ચાલ્યા કરે છે, જેમાં હાઈડ્રોજનના પરમાણુઓના સંયોજનથી હિલિયમના પરમાણુનું સર્જન થાય છે. આ પ્રક્રિયા દરમિયાન પ્રચંડ ઉર્જા મુક્ત થાય છે જે આસપાસના વાયુઓને ગરમ કરી દે છે. આ વાયુઓ સૂર્યના કેન્દ્રમાંથી સૂર્યની સપાટી તરફ ગતિ કરે છે. તો સપાટી પરના પ્રમાણમાં ઠંડા વાયુઓ સૂર્યના કેન્દ્ર તરફ ગતિ કરે છે. સપાટી ઉપર પહોંચતા વાયુ ઠંડા પડે છે અને કેન્દ્રમાં પહોંચતા વાયુ ગરમ થાય છે. આ પ્રક્રિયા નિરંતર ચાલ્યા કરે છે જેના કારણે ચુંબકીય ક્ષેત્રો સર્જાય છે. જે પરસ્પર ગુંચવાઈ જાય છે. પરિણામે સૂર્યની સપાટી ઉપર કેટલાંક હિસ્સા એવા રહી જાય છે, જ્યાં ગરમ વાયુ પહોંચી શકતા નથી. આ ક્ષેત્રો સૂર્યની બીજી સપાટીના પ્રમાણમાં ઠંડા રહી જાય છે અને સૂર્યની ધગધગતી સપાટી પર કાળા રંગના ધબ્બા જેવા દેખાય છે જેને સન સ્પોટ કહે છે. આ સનસ્પોટ આકારમાં આપણી પૃથ્વી કરતા પણ અનેકગણાં મોટા હોઈ શકે છે અને તેમનું ચુંબકીય ક્ષેત્ર પૃથ્વીના ચુંબકીય ક્ષેત્ર કરતાં હજારોગણું વધારે શક્તિશાળી હોઈ શકે છે. એક મોટા કદના સનસ્પોટનું તાપમાન ૩૭૦૦ ડિગ્રી સેલ્સિયસ જેટલું હોઈ શકે છે. આમ તો આ આંકડો ભલે મોટો લાગે પરંતુ સૂર્યની સપાટીના સરેરાશ તાપમાન ૫૫૦૦ ડિગ્રી સેલ્સિયસ કરતાં ઘણો ઓછો છે.

આ સનસ્પોટની આસપાસ રહેલું સઘન પરંતુ અસ્તવ્યસ્ત ચુંબકીય ક્ષેત્ર મોટા પ્રમાણમાં ઉર્જા ગ્રહણ કરી લે છે અને ઉર્જા તદુપરાંત વધી જતાં વિસ્ફોટક જ્વાળાઓ સ્વરૂપે લપકે છે. જેને સોલર ફ્લેર્સ કહે છે. કેટલીક વખત આ સૌરજ્વાળાઓ સાથે સૂર્યનું કેટલુંક દ્રવ્ય પણ બહાર ફેંકાય છે. જેને કોરોનલ માસ ઈજેક્શન કહે છે. સોલર ફ્લેર્સ અને સૌરદ્રવ્ય જોરદાર વિસ્ફોટ સાથે અંતરિક્ષમાં ફેંકાય છે. જો કે, સંશોધકો સૂર્યની અંદરના ભાગમાં થતી અનેક પ્રક્રિયાઓ વિશે આજે વર્ષો પછી પણ અજ્ઞાત છે. સૂર્યની સપાટી પર થતી પ્રક્રિયાઓનું અવલોકન કરીને સૂર્યની અંદર ચાલી રહેલી ગતિવિધિઓ વિશે અંદાજ મેળવાયા છે. અત્યારે સનસ્પોટની સંખ્યા સાવ ઘટી ગઈ છે. એનો અર્થ એ કે સૂર્ય પર પહેલા જેટલા ચુંબકીય ક્ષેત્ર બની નથી રહ્યાં. મતલબ કે સૂર્યની અંદર થતી પ્રક્રિયાઓ મંદ પડી ગઈ છે. સાંભળવામાં આ વાત ચિંતાજનક લાગે પરંતુ વૈજ્ઞાનિકો આને સામાન્ય પ્રક્રિયા ગણે છે. સૂર્ય એવી રીતે ગતિ કરે છે કે જેના કારણે તેના ઉત્તર અને દક્ષિણ ધ્રૂવમાં અદલાબદલી થયા કરે છે. આ ક્રિયા થતા ૧૧ વર્ષનો સમય લાગે છે. સતત ચાલતી આ પ્રક્રિયાને સોલર સાઈકલ એટલે કે સૌરચક્ર કહેવાય છે. સૂર્યના ધ્રૂવો પરસ્પર સ્થાન બદલતા ચુંબકીય ક્ષેત્ર પણ સાવ પલટાઈ જાય છે. સૌરચક્રના ૧૧ વર્ષના સમયગાળામાં એક સમય એવો આવે છે જ્યારે સૂર્યની સપાટી પર મહત્તમ ગતિવિધિ જોવા મળે છે. જેને સોલર મેક્સિમમ કહે છે. એ જ રીતે એવો સમય પણ આવે છે જ્યારે સૂર્યની સપાટી પરની ગતિવિધિ સાવ મંદ પડી જાય છે. જેને સોલર મિનિમમ કહે છે.



કેટલાંક વૈજ્ઞાનિકોને આ વખતનું સોલર મિનિમમ અજુગતું લાગે છે. કારણ કે, ૨૦૨૦ના મે મહિના સુધી સૂર્યની સપાટી પર કોઇ સનસ્પોટ દેખાયું નથી જેનું કારણ ત્યાંનું ચુંબકીય ક્ષેત્ર નબળુ પડવું માની શકાય

સૌરચક્રની ગણતરી માટે ૧૭૫૫ના વર્ષને આધારવર્ષ ગણવામાં આવે છે. મતલબ કે પહેલું સૌરચક્ર ૧૭૫૫થી ૧૭૬૬ સુધી ચાલ્યું હતું. અત્યારે ૨૫મું સૌરચક્ર ચાલી રહ્યું છે જેની શરુઆત ૨૦૧૯ના ઉત્તરાર્ધમાં થઈ હતી અને આ સૌરચક્ર ૨૦૩૦ સુધી ચાલવાનું અનુમાન છે. અગાઉના એટલે કે, ૨૪મા સૌરચક્ર દરમિયાન એપ્રિલ ૨૦૧૪માં સોલર મેક્સિમમની સ્થિતિ ઉદ્‌ભવી હતી. એ વખતે સૂર્યની સપાટી ઉપર ૮૨ સનસ્પોટ જોવા મળ્યાં હતાં. જયારે ૨૦૦૯-૨૦૧૦ દરમિયાન સોલર મિનિમમ જોવા મળ્યું હતું. કેટલાંક વૈજ્ઞાનિકોને જોકે આ વખતનું સોલર મિનિમમ અજુગતું લાગે છે. કારણ કે ૨૦૨૦નું વર્ષ શરુ થયા બાદ મે મહિના મધ્ય ભાગ સુધી ૧૦૦થી વધારે દિવસો એવા પસાર થયા છે. જેમાં સૂર્યની સપાટી પર કોઈ સનસ્પોટ દેખાયું નથી. મતલબ કે, આ દરમિયાન આશરે ૭૫ ટકા સમય સૂર્યની સપાટી પર કોઈ ગતિવિધિ વિના પસાર થયો છે. ગયા વર્ષે આ આંકડો ૭૭ ટકા હતો. ૨૦૧૯માં વર્ષના ૨૮૧ દિવસ સનસ્પોટ દેખાયા નહોતાં. સતત બે વર્ષ દરમિયાન આટલા લાંબા સમય સુધી સૂર્યની સપાટી ઉપર કોઈ ગતિવિધિ ન જણાય એ ચિંતાનો વિષય લાગી રહ્યો છે. ખગોળશાસ્ત્રીઓના મતે આ વખતે સદીના સૌથી ભીષણ સોલર મિનિમમના અણસાર છે. સૂર્યનું ચુંબકીય ક્ષેત્ર અત્યંત નબળું પડી રહ્યું છે. જેનું સૌથી મોટું નુકસાન તો એ થશે કે બ્રહ્માંડમાંથી આવતા કોસ્મિક કિરણોને અગાઉ સૂર્યનું શક્તિશાળી ચુંબકીય ક્ષેત્ર રોકી લેતું હતું. પરંતુ હવે કોસ્મિક કિરણોનો પૃથ્વી પર મારો થશે જે પૃથ્વીના ચુંબકીય ક્ષેત્ર તેમજ સજીવસૃષ્ટિ પર વિપરિત અસર કરી શકે છે.

તીવ્ર કોસ્મિક કિરણો સેટેલાઈટ્સને પણ નુકસાન પહોંચાડી શકે છે. વૈજ્ઞાનિકોને સૌથી પહેલો અંદેશો તો ધરતી ઉપર નાના હિમયુગના આગમનનો છે. વર્ષ ૧૭૯૦થી ૧૮૩૦ દરમિયાન આવો સમયગાળો આવ્યો હતો, જેને ડાલ્ટન મિનિમમ નામ આપવામાં આવ્યું હતું. ડાલ્ટન મિનિમમને કારણે સમગ્ર યુરોપમાં ભારે ઠંડી પડી હતી અને નદીઓ થીજી ગઈ હતી. ભારે બરફવર્ષાને કારણે પાક બરબાદ થઈ ગયા હતાં. ૧૮૧૬માં તો જુલાઈ મહિના એટલે કે, ઉનાળામાં યુરોપમાં ભારે હીમવર્ષા થઈ હતી. ધરતીના અનેક ભાગોમાં ભૂકંપ અને દુષ્કાળ જેવી કુદરતી આફતો જોવા મળી હતી. ૧૮૧૫માં ઈન્ડોનેશિયાના માઉન્ટ તંબોરા ખાતે જ્વાળામુખી વિસ્ફોટ થયો હતો, જેને આધુનિક ઈતિહાસની સૌથી મોટી જ્વાળામુખી દુર્ઘટના ગણવામાં આવે છે.

# વડોદરામાં કોરોના ડેથ રેટ ૧૧.૩૦ ટકા અને રિકવરી રેટ ૮૮.૭૦ ટકા

વડોદરા- વડોદરામાં કોરોનાની એન્ટ્રીને ત્રણ મહિના પુરા થયા છે. અત્યાર સુધીમાં કોરોનાના ૧૮૦૦થી વધુ કેસ થયા છે. આ ત્રણ મહિના દરમિયાન કોરોનાની સારવાર દરમિયાન મૃત્યુ પામેલા દર્દીઓ અને સાજા થઈને અથવા તો હોમ આઈસોલેશનની શરત સાથે ડિસ્ચાર્જ કરાયેલા દર્દીઓના આંકડાઓ પર નજર ફેરવીએ તો જાણવા મળે છે કે વડોદરામાં સ્થિતિ ખૂબ ખરાબ છે. શુક્રવારે કોરોનાના ૪૫ પોઝિટિવ કેસ સાથે કુલ કેસની સંખ્યા ૧૭૮૩ થઈ, ૧૧૪૬ને ડિસ્ચાર્જ કરાયા વડોદરામાં અત્યાર સુધીમાં કુલ ૧૭૮૩ કેસ નોંધાયા છે જે પૈકી ૧૨૯૧ કેસ ક્લોઝ (ડેથની સંખ્યા વત્તા રિકવરી-ડિસ્ચાર્જ કેસની સંખ્યા એટલે ક્લોઝ કેસ)થયા છે એટલે વડોદરામાં કુલ ક્લોઝ થયેલા કેસમાંથી ૧૧.૩૦ ટકાના મોત થયા છે અને ૮૮.૭૦ ટકા સાજા થઈને ઘરે ગયા છે. બીજી તરફ ભારતમાં અત્યાર સુધીમાં ક્લોઝ થયેલા કેસમાંથી ૬ ટકાના ડેથ થયા છે અને ૯૪ ટકા રિકવર અથવા તો ડિસ્ચાર્જ થયા છે અને વિશ્વકક્ષાએ આ આંકડાઓ અનુક્રમે ૯ અને ૯૧ ટકા છે. મતલબ વડોદરામાં કોરોના કેસની વૈશ્વિક અને ભારતીય સરેરાશ કરતા વધુ મોત થાય છે બીજી તરફ ડિસ્ચાર્જ અને રિકવરી રેટની ટકાવારી ઓછી છે.

# ફેમિલી ફિઝિશિયનના પ્રિસ્ક્રિપ્શન પર ટેસ્ટની મંજૂરી આપવા માંગ

અમદાવાદ મેડિકલ એસોસિયેશને રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી છે કે, એમડીની સાથે એમબીબીએસ અને ફેમિલી ફિઝિશિયનના પ્રિસ્ક્રિપ્શન પર પણ કોરોનાના ટેસ્ટની મંજૂરી આપવી જોઈએ. સામાન્ય બીમારીમાં લોકો તબીબી તપાસ માટે ફેમિલી ફિઝિશિયન સમક્ષ જતાં હોય છે, અત્યારે કોર્ટમાં મુદ્દે પેન્ડિંગ હોઈ હકારાત્મક દિશામાં ન્યાયતંત્ર ચુકાદો આપે તેવી આશા છે તેમ પણ એસોસિયેશન દ્વારા જણાવાયું છે. કંડલા પોર્ટ જેવા વિસ્તારમાં પણ ટેસ્ટ માટે લેબોરેટરીની સવલત ઊભી કરવાની માગણી કરાઈ છે.

# કચરાના ઢગલામાં PPE કિટ ફેંકતી શિવમ હોસ્પિટલને પાંચ લાખનો દંડ

## ● આદિત્ય હોસ્પિટલને નોટિસ : મશીનોની ક્ષમતા કરતાં અનેકગણો નિકળી રહેલો ભયજનક કચરો

અમદાવાદઃ ઘાટલોડિયા વિસ્તારમાં કચરો એકત્ર કરતી ખુલ્લી વાનમાં પીપીઈ કીટ વગેરે લઈ જવાતી હોવાના મુદ્દે વિવાદ ઊભો થયો છે. આ માટે શિવમ મેટરનીટી હોમને પાંચ લાખની પેનલ્ટીની નોટિસ, તેમજ આદિત્ય હોસ્પિટલને બેદરકારી બદલ નોટિસ સોલીડ વેસ્ટ ખાતાએ ફટકારી છે.

કેટલીક હોસ્પિટલોવાળા સાદા કચરાની વચમાં વપરાયેલાં પીપીઈ કીટ, હાથમોજા, માસ્ક ઘુસાડી દેતા હોયછે. જે ખુલ્લી કચરાની ગાડીમાં લઈ જવાતા ચેપ વધુ ફેલાવાનો ભય પેદા થાય છે.

સોલીડવેસ્ટ ખાતા દ્વારા આ વાહનોનું મોનિટરીંગ થતું હોવાથી તેમણે નોટિસ આપી દંડ ફટકારવાનું નક્કી કર્યું છે. જો કે અગાઉ પીરાણાના ટેકરાં નજીક પણ ખુલ્લામાં આ પ્રકારનો વેસ્ટ પડયો હોવાની વિગતો બહાર આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે હોસ્પિટલના કચરાને બાવળા માટેના મશીનોની ક્ષમતા કરતાં અનેકગણો કચરો આજે કોરોનાના કારણે બહાર નીકળે છે. જેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થાય તે બાબત અત્યંત જરૂરી છે.

# ભરતસિંહ બાદ મૌલિન વૈષ્ણવ અને ચેતન રાવલ કોરોનાની ઝપટે ચઢ્યા

અમદાવાદ : ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી બાદ કોંગ્રેસનાં ભરતસિંહ સોલંકીને કોરોના પોઝિટિવ આવતાં રાજકારણમાં ભૂકંપ આવી ગયો હતો. હવે કોંગ્રેસના મૌલિક વૈષ્ણવનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. મૌલિક વૈષ્ણવનો પહેલો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે, જ્યારે તેનો બીજો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. ભરતસિંહ સોલંકી બાદ વધુ એક કોંગી નેતા કોરોનાની ઝપેટમાં આવ્યા છે. ભરતસિંહ સોલંકી બાદ અમદાવાદ શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ચેતન રાવલ અને અન્ય નેતા મૌલિન વૈષ્ણવને પણ કોરોના પોઝિટિવ આવતા સમગ્ર કોંગ્રેસમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.આ સિવાય પાણીગેટ પોલીસે દારૂ સાથે પકડાયેલા આરોપીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

# નિવૃત્ત DGP-ભાજપનાં નેતા I.A. સૈયદનું કોરોનાને કારણે નિધન

અમદાવાદ : ગુજરાતમાં કોરોનાને કારણે મોતનો કુલ આંક ૧૭૫૦થી વધુ ગયો છે. તેવામાં બુધવારે અમદાવાદથી ખુબ જ દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ગુજરાતના પૂર્વ ડ્ઢૈં વકફ બોર્ડના પૂર્વ ચેરમેન અવે ભાજપના નેતા એ.આઈ. સૈયદનું કોરોના વાઈરસના કારણે મોત નીપજ્યું છે. કેટલાક દિવસોથી તે એપોલો હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. તેઓએ ભાજપમાં અને સરકારમાં ઘણી મહત્વની ફરજ નિભાવી છે. અમદાવાદ શહેરમાં ૨૨ જૂનની સાંજથી ૨૩ જૂનની સાંજ સુધીમાં કોરોનાના ૨૩૦ કેસ નોંધાયા છે અને શહેરમાં ૧૩ તેમજ જિલ્લાના ૨ મળીને કુલ ૧૫ દર્દીના મોત થયા છે. આ ઉપરાંત ગુજરાતમાં કોરોનાને કારણે મેડિકલ સ્ટાફ પણ ખુદ દર્દી બની ગયાના પણ કિસ્સા છે.


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
* NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
* CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
* MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS



માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

Available on the App Store
GET IT ON Google Play

હવે App Store તથા Play Store પરથી
Swadesh News
ટાઈપ કરી મોબાઈલ એપ્સ તમારા ફોન પર Installed કરી ઘરે બેઠા બેઠા કોરોના તથા દેશ-દુનિયાનાં સમાચારો વાંચો.

સ્વદેશ +1 416 996 7755 I SWADESH 24x7

## સુશાંત સિંહ બાદ જાણીતી ટિકટોક સ્ટાર સિયા કક્કડે કરી આત્મહત્યા




નવી દિલ્હી: બોલીવુડ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતે થોડા દિવસ પહેલા ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ સમાચારથી ફેન્સ ખુબ દુખી થયા હતા. હજુ આ વાતને વધુ દિવસ થયા નથી ત્યાં આપઘાતનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ૧૬ વર્ષની સોશિયલ મીડિયા સ્ટાર સિયા કક્કડે આપઘાત કરી લીધો છે. સિયા સોશિયલ મીડિયા પર જાણીતી સેલિબ્રિટી હતી. આ ખબરથી તેના પ્રશંસકો પણ ચોંકી ગયા છે. પરંતુ હજુ આપઘાતનું કારણ સામે આવ્યું નથી. મળતી માહિતી મુજબ ગત રાતે એક ગીતને લઇને સિયાની વાત તેના મેનેજર અર્જુન સરીન સાથે થઇ હતી. અજુને જણાવ્યું કે સિયા બરાબર હતી અને પ રેશાન પણ લાગી રહી ન હતી. મેનેજરે જણાવ્યું કે હાલ સમજમાં આવી રહ્યું નથી કે તેણે આત્મહત્યા જેવું પગલું કેમ ભર્યું.. જણાવી દઇએ કે થોડાક કલાક સિયા કક્કરે તેના ઇન્સ્ટાગ્રામ પર સ્ટોરીમાં ડાન્સ વીડિયો પણ અપલોડ કર્યો હતો.સિયાના આપઘાતના સમાચાર મળ્યા બાદ તેના પ્રશંસકો વચ્ચે હડકંપ મચી ગયો છે. દરેકના મનમાં માત્ર એક સવાલ ચાલી રહ્યો છે કે સિયાએ આખરે આત્મહત્યા કેમ કરી છે. બધા ઇન્સ્ટાગ્રામ પર તેના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી રહ્યાં છે અને આ ૧૬ વર્ષીય રાઇઝિંગ સ્ટારના ચાલ્યા જવાથી દુખી પણ છે.

# ટ્રોલિંગથી પરેશાન સોનાક્ષી સિંહાએ આખરે ટ્વીટર છોડ્યું



અભિનેત્રી સોનાક્ષી સિન્હા સોશિયલ મીડિયા પર પોતાનાં સ્પષ્ટ મંતવ્યો માટે જાણીતી છે. જોકે હવે તે ટ્રોલિંગથી ખુબ જ પરેશાન થઇ ચુકી છે. જેના કારણે તેણે ટ્વિટર પરથી વિદાય લઇ લીધી છે. તેણે પોતાનું ટ્વિટર એકાઉન્ટ ડિએક્ટિવેટ કરી દીધું છે. સોનાક્ષીએ પોતાની ઓફિશિયલ ઇંસ્ટાગ્રામ એકાઉન્ટર પર શેર કર્યું કે, તે હવે ટ્વિટર પર નથી. તેણે પોતાના અંતિમ ટ્વીટના કેપ્શનમાં લખ્યું કે, આગ લગે બસ્તી મેં, હમ અપની મસ્તી મેં. સોનાક્ષીએ ટ્વિટર છોડવાનાં કારણ અંગે લખ્યું કે, ટ્વિટર પર ખુબ જ નેગેટિવિટી છે. પોતાના મેન્ટલ હેલ્થનું ધ્યાન રાખવું હોય તો નેગેટિવિટીથી દુર રહોય. આજનાં સમયમાં ટ્વિટરમાં ખુબ જ નેગેટિવ લોકો નેગેટિવિટી ફેલાવી રહ્યા છે. જેના કારણે હું મારુ એકાઉન્ટ ડિએક્ટિવેટ કરી રહી છું.

## ટોરન્ટો ફિલ્મ ફેસ્ટિવલ : અનુરાગ કશ્યપ અને પ્રિયંકા ચોપરાને આમંત્રણ



મુંબઈ : કોરોના વાઇરસ મહામારીને લીધે દુનિયાભરના પ્રખ્યાત ફિલ્મ ફેસ્ટિવલ અને એવોર્ડ સમારંભ જેવા કે એમી, બાફટા, કાન્સ, ઓસ્કાર જેવા આયોજનો પાછળ ઠેલાઈ રહ્યા છે. વર્ચ્યુઅલી આયોજીત થઈ રહ્યા છે. કેનેડામાં યોજાનાર ટોરન્ટો ફિલ્મ ફેસ્ટિવલમાં પણ ડિજિટલ સ્ક્રીનીંગનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ તેની રેડ કાર્પેટ ઇવેન્ટ પણ વર્ચ્યુઅલ રહેશે. આ વખતે આ ફિલ્મ ફેસ્ટિવલમાં એમ્બેસેડર તરીકે અનુરાગ કશ્યપ અને પ્રિયંકા ચોપરાને  આમંત્રણ મળ્યું છે

## ફિલ્મો કરતાં પણ મ્યુઝિક ઇન્ડસ્ટ્રીમાં વધુ માફિયાગીરી : સોનૂ નિગમનો આક્ષેપ

મુંબઇ : ગાયક સોનૂ નિગમે મ્યુઝિક ઇન્ડસ્ટ્રીમાં થતી માફિયાગીરી પર આક્ષેપ કર્યો છે. તેણે જણાવ્યું છે કે, નવા સિંગર્સ સાથે કમ્પ ોઝ રાઇટર અને પ્રોડયુસર કામ કરવા ઇચ્છે છે, પરંતુ મ્યુઝિક કંપનીઓ તેમની સાથે કામ કરવાનો ઇનકાર કરે છે. સોનૂ નિગમને પણ કડવો અનુભવ થયો હતો. જોકે હવે તો મ્યુઝિક ઇન્ડસ્ટ્રીમાં વાતાવરણ વધુ ખરાબ થઇ ગયું હોવાની વાત કરી હતી. સોનૂ નિગમે બોલીવૂડ અને મ્યુઝિક ઇન્ડસ્ટ્રીને ચેતવણી દેતા કહ્યું હતું કે, જો આ બધુ રોકવામાં નહીં આવે તો જલદી જ સંગીતની દુનિયામાં પણ આત્મહત્યા જેવા કેસ આવવા લાગશે. સોનૂએ સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને જણાવ્યું હતું કે મ્યુઝિક માફિયા નવા અને ટેલન્ટેડ સિંગર્સને આગળ આવવા દેતા નથી. ઘણા મ્યુઝિક ડાયરેકટર્સ અને સિંગર્સો પાસેથી કામ છીનવી લેવામાં આવ્યું છે. ઘણા એકટર્સોએ પણ સિંગર્સને કામ આપવા પર રોક પણ લગાવી છે.






# ૧૪૩ વર્ષમાં પહેલીવાર ભગવાનનું માત્ર પરિસરમાં ભ્રમણ

અમદાવાદ: અમદાવાદની ભગવાન શ્રી જગન્નાથ યાત્રા આ વખતે પહેલી વાર ૧૪૩ બાદ નગર ચર્યા નીકળી નહોતી. એટલું જ નહીં રથયાત્રાની મંજૂરી માટે આખી રાત ચાલેલા હાઈવોલ્ટેજ ડ્રામા બાદ અમદાવાદના જગન્નાથ મંદિરમાં હવે રથને મંદિરના દરવાજા સુધી લઈ જવા કે નહીં તે બાબતે મંદિરના મહંત-ટ્રસ્ટી સામે સરકાર-પોલીસ વચ્ચે મડાગાંઠ ચાલુ રહી હતી. મામલો મંદિરની પરિક્રમા મુદ્દે અટવાતા ૧૪૩ વર્ષમાં પહેલીવાર એવું બન્યું છે કે સવારે ૯ વાગ્યા સુધી મંદિર ભગવાનના રથમાં બિરાજ્યા હોવા છતાં ત્રણેય રથ ૯ વાગ્યા સુધી મંદિરમાં પડી રહ્યા હતા. માત્ર મંદિરની અંદર જ પરિસરમાં રથો ફેરવવા માટેની મંજૂરી હતી. સવારે મંગળા આરતી બાદ રૂપાણીએ પહિન્દ વિધિ કરીને યાત્રાનું પરિસર પૂરતું પ્રસ્થાન કરાવ્યું હતો. મહંત દિલીપદાસજી તથા ટ્રસ્ટી મહેન્દ્ર ઝા આગ્રહ કરી રહ્યા હતા કે રથને એકવાર ગેટની બહાર કાઢીન પરંપરાને જાળવી રાખવામાં આવે, પરંતુ હાઈ કોર્ટે રથયાત્રાની ના પાડી હતી.



## રથયાત્રામાં સરકારે ભરોસો તોડ્યોઃ મહંત

અમદાવાદ:જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજીએ જગન્નાથજીના રથ મંદિરની બહાર નીકળી ન શકવા મામલે સરકાર અને મુખ્ય પ્રધાન વિજય રૂપાણીનું નામ લીધા વિના તેમની સામે બળાપો ઠાલવ્યો હતો. મહંત દિલીપદાસજીએ કહ્યું હતું કે, તેમને છેક સુધી અંધારામાં રાખવામાં આવ્યા હતા અને છેલ્લી ઘડીએ તેમની સાથે ગેમ થઈ ગઈ. તેમણે જે માણસ પર વિશ્વાસ રાખ્યો હતો તેણે જ તેમની સાથે વિશ્વાસઘાત કર્યો છે.

## બીજેપીથી છેતરાયા ખુદ ભગવાન, છેતરવાનુ કામ શું કામ : ધાનાણીનું ટ્વીટ

ભાજપ પર પ્રહાર કરવામાં કોંગ્રેસ એક પણ તક છોડતી નથી, ત્યારે વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ટ્વીટ કરી લખ્યું હતું કે, હવે તો ખુદ ભગવાન પણ ભાજપથી છેતરાયા છે. તેમને છેતરવાનું શું કામ હતું. કોના ઈશારે આ કામ કરાયું છે તેનો જવાબ સરકારે આપવો જોઈએ.

# આખરે શંકરસિંહ વાઘેલાએ એનસીપી સાથે છેડો ફાડયો

- શંકરસિંહે ફરી પ્રજાશક્તિ મોરચો બનાવ્યો, મહેન્દ્રસિંહ માટે માર્ગ મોકળો બન્યો

અમદાવાદ- ગુજરાત એનસીપીનું પ્રમુખપદ છિનવી લીધા બાદ નારાજ શંકરસિહ વાઘેલાએ એનસીપીના જનરલ સેક્રેટરીપદેથી રાજીનામુ ધરી દીધુ છે.શંકરસિંહ વાઘેલાએ એનસીપીના સુપ્રિમો શરદ પવારને રાજીનામુ મોકલી આપ્યુ છે. આ ઉપરાંત શંકરસિંહ વાઘેલાએ ફરી એકવાર ત્રીજા મોરચાની જાહેરાત કરી છે.એનસીપીને અલવિદા કર્યા બાદ બાપુએ પ્રજાશક્તિ મોરચાની રચના કરી છે.

રાજ્યસભાની ચૂંટણી પહેલાં જ શંકરસિંહ વાઘેલા પાસેથી ગુજરાત એનસીપીનું પ્રમુખપદ છિનવી લેવાયુ હતું જેના કારણે શંકરસિંહ વાઘેલા એનસીપીની નેતાગીરીથી નારાજ રહ્યાં છે. એનસીપીમાંથી રાજીનામુ ધર્યા બાદ શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે, લોકડાઉન વખતે ગુજરાત એનસીપીના પ્રમુખપદને બદલવા ફોન આવ્યો હતો તે વખતે મે રોકાઈ જવા કહ્યુ હતું. પણ મને જાણ કર્યા વિના જ પ્રદેશ પ્રમુખ બદલવાનો નિર્ણય લેવાતાં મે એનસીપીમાં નહી રહેવા નક્કી કર્યુ હતું.

# રાજ્યસભાની ચૂંટણીનું પરિણામ જાહેર, ભાજપની ૩, કોંગ્રેસની ૧ બેઠક પર જીત

અમદાવાદ- રાજ્યસભાની ૪ બેઠકોનું પરિણામ આવી ચુક્યું છે. રાજ્યસભાના ચાર બેઠકોમાંથી ભાજપની ૩ અને કોંગ્રેસની ૧ બેઠક પર જીત થઈ છે. ગુજરાતની ૪ રાજ્યસભાની બેઠકો માટે ચૂંટણી યોજાઈ છે જેમાં ગુજરાત વિધાનસભાના ધારાસભ્યો દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું.

જે બાદ રવિવારે સાંજે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ કોંગ્રેસે ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને કેસરીસિંહ સોલંકીના મતદાન પર વાંધો ઉઠાવ્યો છે. આ બંન્ને નેતાઓના મત રદ્દ કરવાની અરજી કોંગ્રેસે કરી જેનાથી મતગણરીમાં વિલંબ થયો હતો.

કોંગ્રેસ દ્વારા રજૂ કરવામાં આવેલા વાંધા કેન્દ્રીય ચૂંટણી પંચે ફગાવ્યા હતા અને મતગણતરી કરવા માટે લીલી ઝંડી આપી હતી જે બાદ મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જે બાદ રાજ્યસભાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ભાજપના નરહરિ અમીન, અભય ભારદ્વાજ અને રમીલાબેન બારાનો વિજય થયો, જ્યારે કોંગ્રેસમાંથી શક્તિસિંહ ગોહિલનો વિજય થયો હતો અને ભરતસિંહની હાર થઈ છે. આ ચૂંટણીમાં ભાજપના ૧૦૩, કોંગ્રેસના ૬૫, એનસીપીના ૧ અને એક અપક્ષે મતદાન કર્યુ છે. આમ કુલ ૧૭૦ મત પડ્યા છે. જ્યારે ૠ મતદાનથી અળગું રહ્યું છે. આ સાથે જ ભાજપના ત્રણેય ઉમેદવાર રમીલાબેન બારા, નરહરિ અમીન અને અભય ભારદ્વાજની જીત નિશ્ચિત થઈ જ્યારે કોંગ્રેસમાંથી શક્તિસિંહ ગોહિલની જીત નક્કી થઈ ગઈ છે અને ભરતસિંહ સોલંકીને હારનો સામનો કરવો પડ્યો છે.ભરતસિંહ સોલંકીને ૩ મત ઓછા મળતા ભાજપ ત્રણેય સીટો જીતવામાં સફળતા મળી છે.

# ગુજરાતના સાત મતક્ષેત્રમાં વિધાનસભા બેઠકની પેટાચૂંટણીઓ હવે પાછી ઠેલાશે

- ૧૮૨ મતક્ષેત્રો ધરાવતી વિધાનસભામાં હાલ ૯ બેઠકો ખાલી પડી છે

ગાંધીનગર : કોરોનાને કારણે ડિસેમ્બરમાં યોજનારી પાલિકા-પંચાયત જ નહીં પણ તે પહેલાં ગુજરાતમાં વિધાનસભાની પેટા ચૂંટણીઓ પણ પાછી ઠેલાશે તેમ મનાઈ રહ્યું છે. ૧૮૨ મતક્ષેત્રો ધરાવતી વિધાનસભામાં હાલ ૯ બેઠકો ખાલી છે. જેમાંથી, ૭ મતક્ષેત્રોમાં મોડામાં મોડા ૧૫મી સપ્ટેમ્બર પહેલાં જનપ્રતિનધિ મળવા જોઈએ. પરંતુ, સાંપ્રત સ્થિતિને કારણે સમયસર ચૂંટણી થાય તેમ ન હોવાથી ભારતનું મુખ્ય ચૂંટણી પંચ પણ અસમંજસ સ્થિતિમાં મુંકાયું છે. પહેલાથી દેવભૂમિ દ્વારકા અને મોરવા હડફ એમ બે મતક્ષેત્રોમાં ધારાસભ્યોનું ફોર્મ રદ થતા ખાલી છે. સુપ્રીમ કોર્ટમાં તે સંદર્ભે કેસ પણ ચાલી રહ્યા છે. રાજ્યસભા ચૂંટણીમાં આડકતરી રીતે ભાજપના ત્રીજા ઉમેદવારને મદદ કરવા ૧૩થી ૧૬મી માર્ચ દરમિયાન લીબડી, ધારી, ડાંગ અને ગઢડા એમ ચાર મતક્ષેત્રોમાંથી ચૂંટાયેલા કોંગ્રેસના ધારાસભ્યોએ રાજીનામાં આપ્યા હતા.

બાદમાં તાજેતરમાં જ મોરબી, કપરાડા અને કરઝણ એમ વધુ ત્રણ કોંગ્રેસના ધારાસભ્યોએ ચૂંટાયેલા જનપ્રતિનિધિ તરીકે રાજીનામું ધરીને અધવચ્ચે જ સાથ છોડી દઈને નાગરિકો સાથે દગો કર્યો હતો. આમ, એક રીતે આ સાતેય બેઠકો ઉપર હાલમાં પેટા ચૂંટણી યોજવાની થાય છે.

૧૬ માર્ચે પહેલા શરૂઆતની ચાર બેઠકો ખાલી થઈ હોવાથી આ તમામ મતક્ષેત્રોના નાગરિકોને ૬ મહિનામાં અર્થાત ૧૫મી સપ્ટેમ્બર- ૨૦૨૦ પહેલાં જનપ્રતિનિધિ મળવા અનિવાર્ય છે. સાંપ્રત સંજોગોમાં કાયદા મુજબ ૬ મહિનાની અંદર ચૂંટણી શક્ય નથી.

# આગોતરા જામીન મુદ્દે હાઈકોર્ટના જસ્ટિસને ધારાસભ્યના નામે ફોન

નડિયાદ : હાઈકોર્ટમાં પડતર કેસ સંદર્ભે હાઈકોર્ટના જસ્ટિસ બેલાબહેન ત્રિવેદીને અજાણી વ્યક્તિનો ફોન આવ્યો હતો. આ મુદ્દે, હાઈકોર્ટે આણંદ જિલ્લાના એસપીને આદેશ કર્યો છે કે, આ કેસમાં પેટલાદના ધારાસભ્ય નિરંજન પટેલ અને જેના નામે મોબાઈલ ફોન નોંધાયેલો છે, તેના નિવેદનો સંબંધિત ડીવાયએસપી દ્વારા લેવામાં આવે અને આ અંગેનો રિપોર્ટ ૨૪ જૂને હાઈકોર્ટમાં રજૂ કરો.

હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું છે કે, કોઈપણ વ્યક્તિ ક્યારેય પણ ન્યાયપ્રક્રિયાની બાબતમાં દખલ કરી શકે નહીં. આ ઘટના એ ક્રિમિનલ કન્ટેમ્પ્ટ સમાન છે. જો કે, આ પ્રકારના પગલા લેતા પહેલાં એ બાબત સ્પષ્ટ થવી જરૂરી છે કે, તેમને જે મોબાઈલ ફોન પરથી કોલ્સ આવ્યો ત્યારે આ ફોન કોની પાસે હતો? આ મોબાઈલ દ્વારા તેમના પર ફોન કોલ્સ અને એસએમએસ કોણે મોકલ્યા છે, તે જાણવું જરુરી છે. સોમવારે આગોતરા જામીન અરજીના સંદર્ભે હાઈકોર્ટના જસ્ટિસને પેટલાદના ધારાસભ્ય નિરંજન પટેલના નામે ફોન આવ્યો હતો. જસ્ટિસ દ્વારા ફોનને તરત જ કાપી નાખવામાં આવ્યો હતો. આ પછી, જસ્ટિસને એસએમએસ પણ આવ્યો હતો. આ ઘટના બાદ, હાઈકોર્ટે તેના રજિસ્ટ્રાર (આઈટી)ને આ મુદ્દે તપાસ કરવાનો આદેશ કર્યો હતો.

# ગુજરાતના નવા લોકાયુક્ત તરીકે નિવૃત્ત જસ્ટિસ રાજેશ શુક્લએ શપથ લીધા

ગાંધીનગર: ગુજરાત હાઈ કોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ જસ્ટિસ રાજેશ એચ શુક્લએ રાજ્યના નવા લોકાયુક્ત તરીકે આજે શપથ ગ્રહણ કર્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ રાજભવન ખાતે મુખ્ય પ્રધાન વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં હોદ્દો અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. શપથવિધિ સમારોહ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિંગ સહિતના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું. રાજ્યમાં લોકાયુક્ત તરીકેનું પદ છેલ્લા દોઢ વર્ષથી આ સ્થાન ખાલી હતું. રાજ્ય સરકારે આખરી મંજૂરી આપતાં જસ્ટિસ શુક્લ હવે નવા લોકાયુક્ત બન્યા છે. રાજભવન ખાતે શપથવિધિ સમારોહમાં વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી અને રાજ્યમંત્રી મંડળના સભ્યો તેમજ મુખ્ય સચિવ અનિલ મુકિમ, હાઈ કોર્ટના ન્યાયમૂર્તિઓ અને રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો આ ઉપસ્થિત રહ્યા હતા.

# બોરસદ પાસે ૨ કાર ભટકાઈ, એક જ પરિવારના ૩નાં મોત

આણંદ : મંગળવારના રોજ વહેલી સવારના સુમારે વાસદ-બોરસદ સ્ટેટ હાઈવે ઉપર બનેલ ગોઝારા અકસ્માતની મળતી માહિતી મુજબ વડોદરા જિલ્લાના નાની શેરખી ગામે રહેતા હિતેષભાઈ હર્ષદભાઈ પંડયા (ઉં.વ.૪૨) પોતાની કારમાં પત્ની જયશ્રીબેન (ઉં.વ.૩૬) તથા એક પુત્ર તથા પુત્રી અને અન્ય બે પરિવારજનને લઈ કપડવંજ ખાતે રહેતા સબંધીને ત્યાં પ્રસંગમાં હાજરી આપવા જવા નીકળ્યા હતા. દરમ્યાન સવારના સુમારે તેઓની કાર આસોદર ચોકડી વટાવીને વાસદ તરફ જઈ રહી હતી ત્યારે સવારના લગભગ ૮:૩૦ કલાકની આસપાસના સુમારે કંથારીયા ગામની સીમમાં નાની નહેર નજીક વાસદ તરફથી પુરપાટ ઝડપે આવી ચઢેલ એક સ્વીફ્ટ કાર સાથે તેઓની કાર ધડાકાભેર અથડાતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કારમાં સવાર હિતેષભાઈ પંડયા તેમની પત્ની જયશ્રીબેન અને ૧૪ વર્ષીય પુત્ર વિવેકને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચતા ત્રણેયનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે રિધ્ધિબેન ભટ્ટ, કૃપાબેન તથા વિધિબેનને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બીજી તરફ સ્વીફ્ટ કારમાં સવાર ત્રણથી ચાર જેટલા વ્યક્તિઓને પણ શરીરે વધતા-ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચી હતી.

# કોરોનાને લીધે હજયાત્રા પર બ્રેક, ગુજરાતમાં ૭૨૮૫ લોકોને નાણાં પરત કરાશે

ગાંધીનગર : કોરોનાની મહામારીને ધ્યાને રાખીને સાઉદી સલ્તને વર્ષ ૨૦૨૦માં હજયાત્રા પર પાબંદી મૂકી છે, આ વર્ષે માત્ર સાઉદી અરેબિયાના નાગરિકો જ હજયાત્રા કરી શકશે, એ સિવાય અન્ય કોઈ પણ દેશના નાગરિકો આ યાત્રા નહિ કરી શકે. સાઉદી સરકારના આ નિર્ણયને પગલે ગુજરાતમાંથી પસંદ થયેલા ૭,૨૮૫ જેટલા હજયાત્રીઓને આગામી એક મહિનાની અંદર તેમણે ભરેલી રકમ રિફંડ કરી દેવામાં આવશે. કેલેન્ડર વર્ષ ૨૦૨૦માં દેશમાંથી કોઈ પણ વ્યક્તિ હજયાત્રાએ જઈ નહિ શકે તેમ કહેતાં હજ કમિટીના સૂત્રોએ જણાવ્યું કે, મુંબઈ હજ કમિટી તરફથી જે તે વ્યક્તિએ ભરેલી રકમ કેન્સલેશન ચાર્જ વગર સીધા બેંક ખાતામાં પરત જમા કરવામાં આવશે. આ કારણસર હવે કોઈએ પણ કેન્સલેશન ફોર્મ ભરવાની જરૂર નહિ પડે.

# બે જૈન સાધુ પર દુષ્કર્મનો આરોપ મૂકનારી મહિલા ફરી ગઈ

## ઈડર-પાવાપુરી જલપરી મંદિરના ટ્રસ્ટીએ દવાઓ ખવડાવી ખોટો વીડિયો બનાવડાવ્યાની મહિલાની કેફિયત : પુરાવા હોવાનો ટ્રસ્ટીઓનો દાવો

અમદાવાદ : ઈડરના પાવાપુરી જૈન તીર્થના બે જૈન સાધુ દ્વારા તંત્ર મંત્ર અને મેલી વિદ્યાઓના નામે જૈન અનુયાયી મહિલાઓને ડરાવી દુષ્કર્મ આચર્યાનો આક્ષેપ કરતી ફરિયાદમાં ભોગ બનનાર સુરતની મહિલાએ પોલીસ સમક્ષ નિવેદન ફેરવ્યું હતું. મહિલાએ આ મામલે જલપરી મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીએ દવાઓ ખવડાવી ખોટો વીડિયો બનાવડાવ્યાનું કહ્યું હોવાનું જણાવ્યું છે. જોકે, આ અંગે ફરિયાદ કરનાર ટ્રસ્ટી ડૉ. આશિત દોશીએ જંણાવ્યું છે કે ભોગ બનનાર મહિલા તદન ખોટું બોલી રહી છે. અમારી પાસે વીડીયો, ઓડિયો, તેના સ્વહસ્તે લખેલા લખાણ સહિતના તમામ પુરાવા છે.

ઈડરમાં છેલ્લા ૩૧ વર્ષથી સર્જન તરીકે મેડિકલ પ્રેક્ટિસ કરતા ડૉ. આશિત પ્રફુલચંદ્ર દોશી (ઉં.૫૬)એ ઈડર પોલીસ સ્ટેશનમાં મહારાજ સાહેબ કલ્યાણસાગર અને રાજતિલક સાહેબ વિરુદ્ધ ફરિયાદ કરી હતી. જે મુજબ ફરિયાદી પાવાપુરી સંમેત શીખર તીર્થધામ, સર્વ કલ્યાણ ટ્રસ્ટ



અને અષ્ટપદ જલમંદિર ટ્રસ્ટમાં છેલ્લા ૧૨ વર્ષથી ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. ટ્રસ્ટીઓની ગેરહાજરીમાં મહારાજ સાહેબ કલ્યાણ સાગર અને રાજતિલક સાગર મહારાજ ટ્રસ્ટનો વહીવટ કરતા હતા. છેલ્લા એક વર્ષથી ડૉ. આશિત સહિતના ટ્રસ્ટીઓને બંને મહારાજ વિરુદ્ધ વ્યભિચારની ફરિયાદો મળી હતી. આ બંને મહારાજ સાહેબો જૈન ધર્મના નૈતિક મૂલ્યોની જીવનચર્યાની જગ્યાએ સાંસારિક જીવનચર્યા મુજબ રહેતા હતા. સુરતની મહિલાએ તેઓને મહારાજ સાહેબોએ તેની સાથે દુષ્કૃત્ય કર્યાની ફરિયાદ કરી હતી. આ ઘટના ઈડરના પાવાપુરી જૈન તીર્થની પવિત્ર જગ્યામાં આચરવામાં આવી હતી. આ અંગે ટ્રસ્ટીઓને પીડિત પરિવારે વીડિયો અને ફોટા પણ આપ્યા હતા. ત્યાર બાદ વીડિયો અને ફોટા બંને મહારાજ સાહેબને બતાવતા બંનેએ પોતાનો ગુનો સ્વીકાર્યો હતો. આ અંગે ટ્રસ્ટીઓને કલ્યાણજી સાગરે ટ્રસ્ટમાંથી છૂટા થતાં હોવાનું લેખિત આપીને મૌખિક જણાવ્યું કે, પોતે સંસારિક જીવનમાં પરત ફરી રહ્યા છે. ત્યારબાદ બીજા મહારાજ સાહેબ રાજતીલક સાગરે ધાર્મિક વડાઓ મારફતે દબાણ કરાવી કોઈ કાર્યવાહી ના થાય તેવા પ્રયાસ કર્યા હતા.

## કચ્છમાં મોરનાં શિકાર બાદ રાજ્યનું સૌથી મોટા ગન કૌભાંડનો પર્દાફાશ

પોરબંદર : કચ્છ LCBએ મોરના શિકાર સાથે ઝડપેલાં આરોપીની તપાસ અમદાવાદ સુધી પહોચી અને એક મોટુ કૌભાંડ સામે આવ્યું છે. ગન હાઉસના માલિકો દ્વારા ગુનેગારોને ગેરકાયદેસર હથિયાર સપ્લાય કરવાના કૌંભાડનો પર્દાફાશ થયો છે. ૮૦ લાખના હથિયાર અને ૯ આરોપીની ધરપકડ બાદ તપાસનો રેલો ક્યાં સુધી પહોંચે છે. તે જોવુ રહ્યુ.

હથિયારોની તસ્કરીના માસ્ટર માઈન્ડ તરૂણ ગુપ્તા છેલ્લા ૨ વર્ષ કરતાં વધુ સમયથી હથિયારોની હેરાફેરી કરતો હતો. જેમાં તેણે ૭૦થી વધુ હથિયારો વેંચ્યા છે. પરંતુ પોલીસે એક દિવસની તપાસમાં ૫૪ હથિયારો કબ્જે કર્યા.

તરૂણ ગુપ્તા કચ્છ પોલીસના રિમાન્ડ પર છે. અને ગુજરાત એટીએસના ગુનામાં વોન્ટેડ છે. મહત્વનું છે કે પોલીસે જે હથિયાર કબ્જે કર્યા છે તેમાં ૧૫ ઈમ્પોર્ટેડ છે. ૩૯ ઈન્ડીયન ઓર્ડીનન્સ ફેક્ટરીની બનાવટ છે. ત્યારે ગુનામાં કેટલાક સવાલો ઉભા થઈ રહ્યા છે. જેમ કે તરૂણ હથિયાર કેવી રીતે મેળવતો, બનાવટી લાયસન્સ કેવી રીતે મેળવતો, તરૂણ હથિયાર ક્યાંથી લાવતો, ફોરેન મેડ વેપન કેવી રીતે મેળવતો, કયા લાસન્સ પર તરૂણ હથિયાર મેળવતો અને કેવી રીતે વેચતો. આ તમામ સવાલો પોલીસ તપાસમાં ઉભા થયા છે.

## ધારાસભ્ય કાંધલ જાડેજાને એનસીપીએ નોટિસ ફટકારી ખુલાસો પૂછ્યો

રાજ્યસભાની ચૂંટણીમાં એનસીપીએ કોંગ્રેસને સમર્થન જારી કર્યુ હતું. ધારાસભ્ય કાંધલ જાડેજાને વ્હિપ આપ્યો હોવા છતાંય પક્ષના આદેશનો અનાદર



કરીને ભાજપને મત આપ્યો હતો. આ ઉપરાંત પક્ષની સૂચના વિરૂધ્ધ ભાજપના ધારાસભ્યોની બેઠકમાં ય કાંધલ જાડેજા હાજર રહ્યાં હતાં. આ જોતાં ગુજરાત એનસીપીએ કાંધલ જાડેજાને નોટિસ ફટકારી દિન-૭માં ખુલાસો રજૂ કરવા જણાવ્યુ છે. સૂત્રોના મતે, એનસીપી આ વખતે કાંધલ જાડેજા સામે કડક કાર્યવાહી કરવાના મૂડમાં છે.

## ઓનલાઈન લેશન કરવાથી કંટાળેલી વિદ્યાર્થીનો ગળે ફાંસો ખાઈ આપઘાત

રાજકોટ: રાજકોટમાં મંગળવારે વહેલી સવારે ધોરણ-૮ની વિદ્યાર્થીનીએ આપઘાત કરી લીધો છે. ઓનલાઈન અભ્યાસમાં મન ન લાગતા વિદ્યાર્થીનીએ આપઘાત કરી લેતા શિક્ષણ વિભાગ પર મોટા સવાલો ઉભો થઈ રહ્યા છે. ધોરણ-૮ની વિદ્યાર્થીનીએ ઘરમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. આજકાલ કોરોના મહામારીના કારણે સ્કૂલો, કોલેજ સહિત અનેક શૈક્ષણિક સંસ્થાઓ બંધ છે. ત્યારે વિદ્યાર્થીઓનું ભવિષ્ય ના બગડે તેના માટે શિક્ષણ વિભાગે વચ્ચેનો રસ્તો કાઢીને ઓનલાઈન ભણતર કર્યું છે. હવે બાળકોને ઓનલાઈનમાં પણ પ્રોબ્લેમ થઈ રહ્યા છે. ત્યારે આજે રાજકોટમાં ઓનલાઈન લેશન કરવાથી ધો-૮ની છાત્રા 'ખુશી'એ ગળાફાંસો ખાઈ જિંદગીથી છેડો ફાડ્યો છે.

લોકડાઉનને કારણે શરૂ થયેલી ઓનલાઈન શિક્ષણ પધ્ધતિનો પહેલેથી જ વિરોધ થઈ રહ્યો છે. રાજકોટના એક પરિવારની એકની એક લાડકવાયીના મોતથી સોરઠીયા પ્રજાપતિ પરિવારમાં ગમગીની છવાઈ છે. રાજકોટના મવડીની ગિરનાર સોસાયટીમાં આજે સવારે ધોરણ-૮ની વિદ્યાર્થીનીએ ઓનલાઈન લેશનથી હેરાન પરેશાન થઈને રૂમનો દરવાજો બંધ કરી જિંદગીનું અંતિમ પગલુ ભરી લીધું છે. રાજકોટની આ વિદ્યાર્થીની જયકિશન સ્કૂલમાં ભણતી હતી.

## કચ્છના સાગરકાંઠેથી વધુ છ કરોડની કિંમતના ચરસના ૪૦૦ પેકેટ મળ્યાં

ભુજઃ કચ્છના જખૌથી કરી,પાકિસ્તાનની સરહદને અડકીને આવેલા લખપત અને માંડવી સુધીના દરિયામાં સર્ચ ઓપરેશન દરમિયાન ચરસના વધુ અંદાજે ચારસો જેટલા પેકેટ મળ્યાં છે.

પશ્ચિમ કચ્છ પોલીસના ત્રણ પોલીસ મથકે ૧૮૭ પેકેટ (જખૌ મરીન પોલીસ-૧૫૩, જખૌ અને ગઢશીશા પોલીસ ૧૭-૧૭) પડીકા કબજે કર્યાં છે. સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યૂરોએ ૭૪ પેકેટ કબજે કર્યાં છે. મરીન ટાસ્ક ફોર્સે આજે વધુ ૩૬ પેકેટ અને બીએસએફએ ૫૫ પેકેટ કબજે કર્યાં છે. આજના દિવસે અત્યાર સુધીમાં મળી આવેલાં ચરસના કુલ પેકેટનો આંકડો ૫૫૨ પર પહોંચ્યો છે. દરમિયાન જખૌ મરીન પોલીસની ટીમને ચરસ ભરેલાં વધુ કેટલાક કોથળા દરિયામાંથી મળ્યાં હોવાનું પીઆઈ વી.કે.ખાંટે જણાવ્યું છે. આ કોથળામાંના ચરસના પેકેટની ગણતરી હજુ બાકી છે.

## રાજકોટમાં કળયુગી પૌત્રએ ભંગાર વેચવાના મુદ્દે દાદા, દાદીને ફટકાર્યા

રાજકોટ : રાજકોટ મનહરપ્લોટ શેરી નં.૧૦માં રહેતા વૃધ્ધ દંપતી જેરામભાઈ સગપરીયા તથા મણીબહેનને પૌત્રએ શેરીમાં ફડાકા ઝીંકી, ધક્કા મારી જમીન પર પટકી દીધાનો વીડિયો વાયરલ થયો હતો. પોલીસે વૃધ્ધ દંપતીના પુત્ર કૈલાશ અને પુત્રવધુ ભાવનાની અટકાયત કરી હતી.

એક જ ઘરમાં વૃધ્ધ દંપતી અને ઉપરના ભાગે પુત્ર, પુત્રવધુ, પૌત્ર રહે છે. આજે સવારના સમયે પુત્રવધુ ભાવનાએ ઘરની બહાર શેરીમાં ભંગાર લેવા વાળો આવતા પસ્તી અને ભંગાર બહાર કાઢીને વેચતા વૃધ્ધ દંપતીએ ના પાડી હતી. વૃધ્ધ જેરામભાઈએ ભંગાર વાળાને ચાલ્યા જવા કહ્યું, સાસુ મણીબહેને પુત્રવધુને ઠપકો આપ્યો હતો. સાસુ, વહુ બંનેને બોલાચાલી થઈ હતી. માતા સાથે દાદી ઝગડો કરવા લાગતા ૧૭ વર્ષીય પુત્ર દોડી આવ્યો હતો અને વૃધ્ધ દાદા, દાદીને ધક્કો મારી નીચે પછાડી દીધા હતા. મીડિયા સાથેની વાતચીતમાં દાદા જેરામ બાપા એ જણાવ્યું છે કે, વર્ષો પહેલા મેં મારી તમામ પ્રોપર્ટી મારા તમામ સંતાનો વચ્ચે સરખા ભાગે વહેંચી હતી. હાલ ૭૫ વર્ષની ઉંમરે પણ હું પ્રોવિઝન સ્ટોર ચલાવીને મારા ઘરનું ગુજરાન ચલાવું છું. ત્યારે મારા પૌત્ર તેમજ તેની પત્ની દ્વારા અમને અવારનવાર માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવે છે.

## રાજકોટ ઈજનેરી વિદ્યાર્થીઓએ સોલારથી ચાલતી બસ બનાવી

રાજકોટ : રાજકોટની ખાનગી એન્જીન્યરીંગ કોલેજના ૬ વિદ્યાર્થીઓએ બસ બનાવી છે, પણ આ બસને પેટ્રોલ-ડીજલથી નહીં, પરંતુ બેટરી અને સોલારથી ચલાવી છે આ બસમાં છત પર ૩૦૦ વોટની સોલાર પેનલ લગાવવામાં આવી છે. સાથે બસમાં ૧૦૦ એપીયર ધરાવતી ૧૨ વોલ્ટની ૫ બેટરી પણ બેસાડવામાં આવી છે. બસ બેટરીની મદદથી ચાલ્યા કરે છે અને આ ૫ બેટરીને ચાર્જ થતા ૧૨ કલાક જેટલો સમય લાગે છે. ૫ બેટરી ચાર્જ થયા બાદ ૫૦ કિલોમીટર સુધી આ બસ ચાલે છે. રાજકોટ મોરબી રોડ પર આવેલ હડાળા ગામ પાસે દર્શન એન્જીન્યરીંગ કોલેજના ૬ વિદ્યાર્થી દ્વારા આ બસ ત્યાર કરવામાં આવી છે સાથે તેમને બસ બનાવવામાં સતત પ્રોફેસર દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવતું હતું. બસ બનાવામાં આશરે ૩ મહિના જેટલો સમય લાગ્યા છે. આ બસમાં પેસેન્જરની વાત કરીએ તો ૬ જેટલા લોકો બસમાં બેસી શકે છે.

## મોરારિબાપુ મામલે વિવાદ વધી જતાં ભાજપ જાગ્યો: ડેમેજ કંટ્રોલની કવાયત

- મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તલગાજરડા પહોંચ્યા

જસદણ:દ્વારકામાં માફી માટે પહોંચેલાં મોરારિબાપુ પર ભાજપનાં પબુભા માણેક દ્વારા હુમલાનો પ્રયાસ થતાં સમગ્ર સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. સૌરાષ્ટ્રનાં અનેક વિસ્તારોમાં હુમલાના વિરોધમાં બંધનું એલાન કરવામાં આવ્યું હતું. અને પબુભા માણેક માફી માગે તેવી માગ કરવામાં આવી હતી. વિવાદ સતત વકરતાં હવે ભાજપે ડેમેજ કંટ્રોલની શરૂઆત કરી છે. અને મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને વિવાદનો અંત લાવવા તલગાજરડા મોકલ્યા હતા. આ મુલાકાતમાં લોકગાયક કીર્તિદાન ગઢવી અને ભાજપના ભરત પંડ્યા પણ સામેલ હતા. તો બીજી બાજુ તલગાજરડાના આશ્રમ ખાતે પોલીસ બંદોબસ્ત પણ વધારી દેવામાં આવ્યો છે. એકજીં અને આઠ પોલીસ જવાનોનો કાફલો સુરક્ષા બંદોબસ્તમાં ગોઠવી દેવામાં આવ્યો છે. જ્યારે પબુભા માણેક તલગાજરડા આવવા હોવાની વાત વહેતી થતાં લોકો વિરોધ કરવા ઉમટી પડ્યા હતા.

### વિરપુર સ્વયંભુ સજ્જડ બંધઃ જસદણમાં રામધૂન સાથે રેલી

વીરપુર જલારામધામ ખાતે મોરારીબાપુ બાપુ પરના હુમલાના વિરોધમાં સોમવારે ગામ સંપૂર્ણ સજ્જડ બંધ રહ્યું હતું. અને બાપાના વંશજ ભરતભાઇ ચાંદ્રાણી તેમજ ગામના પાંચ અગ્રણી રાજકોટ કલેક્ટર કચેરીએ જઈ આવેદનપત્ર આપી બાપુ પર હુમલો કરનાર સામે યોગ્ય પગલાં ભરવા માંગ કરી હતી. જસદણમાં ત્રિપાંખી સાધુ સમાજના લોકો રામધૂન સાથે રેલી યોજી હતા.

## રાજકોટમાં પેટ્રોલના ભાવવધારા સામે કોંગ્રેસની ગાડાયાત્રા, ૧૫૦ની અટકાયત

રાજકોટ- કેન્દ્ર સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રૂડના ભાવો ઓછા છતાં ટેક્સનો દર ઊંચા કરી પેટ્રોલ-ડીઝલના ભાવમાં બેફામ ભાવ વધારો કરીને પ્રજાની ઉઘાડી લૂંટ કરી છે તેમ કહીને લોકોમાં પ્રવર્તતા મારે આક્રોશના પગલે કોંગ્રેસે આજે રાજકોટમાં તમામ ૧૮ વોર્ડમાંથી બળદગાડામાં નીકળીને ત્રિકોણબાગ એ ભેગા થવાનો કાર્યક્રમ આપ્યો હતો.

આ અંગે મનપાના વિરોધ પક્ષના નેતા વશરામ સાગઠિયા જણાવ્યું કે ભાજપના ઈશારે લોકોનો અવાજ દબાવવા માટે પોલીસે બળપ્રયોગ કરીને રસ્તામાં બળદગાડા ઓ રોકી લીધા હતા અને આ વિપક્ષી નેતા તથા અતુલ રાજાણી શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગર તથા મહિલા કોંગ્રેસના પ્રમુખ ગાયત્રીબા વાઘેલા વગેરેની કુલ ૧૫૦ જેટલા કાર્યકરો નેતાઓને અટકાયત કરી પોલીસ હેડ કોટર લઈ જવાયા હતા.

કોંગ્રેસે જણાવ્યું કે યુપીએ સરકારમાં ક્રૂડના ભાવ વધુ હતા છતાં પેટ્રોલ-ડીઝલ તેના પર કેન્દ્ર અને રાજ્ય સરકારના ઓછા કરવેરાને કારણે લોકોને સસ્તા મળતા હતા પરંતુ મોદી સરકાર એક તરફ રાહતની વાતો કરે છે અને બીજી તરફ લોકોના ખિસ્સામાંથી રૂપિયા ખંખેરે છે.

# ન્યુજર્સીમાં ગુજરાતી પરિવારનાં ૩ સભ્યોનાં ડૂબી જતાં મોત

## •સ્વિમીંગ પુલમાં ડુબતી ૮ વર્ષની દીકરીને માતા અને દાદા બચાવવા જતાં કરુણાંતિકા સર્જાઈ





ન્યુજર્સી : અમેરિકાના ન્યુજર્સીમાં પોતાના ઘરનાં સ્વિમિંગ પુલમાં ડૂબી જતાં મૂળ ગુજરાતી એવાં કામરેજના મોરથાણાના પટેલ પરિવારનાં ૩ સભ્યોનાં મોત નિપજ્યા છે. પ્રાથમિક તપાસમાં પોલીસે એવું તારણ કાઢ્યું હતું કે સ્વિમિંગ સારૂં ન આવડતું હોવાને કારણે ત્રણેય મોત નિપજ્યા હશે. પરંતુ આજે આ ઘટનામાં મોટો ખુલાસો થયો છે.

અમેરિકાના ન્યુજર્સીમાં પોતાના ઘરનાં સ્વિમિંગ પુલમાં કામરેજના મોરથાણાના પટેલ પરિવારની ૮ વર્ષની દીકરી નાહવા ગઈ હતી જે ડૂબવા માંડતા તેને બચાવવા જતા માતા અને દાદા પણ ડૂબ્યા હોવાનું સામે આવ્યું છે. ન્યૂજર્સીમાં પોતાના જ ઘરમાં આલીશાન સ્વિમિંગ પુલ બનાવેલો હતો. જેમાં પરિવારમાં રહેલી ૮ વર્ષની દીકરી તેમાં સ્વીમીંગ કરી રહી હતી. ૨૦ દિવસ પહેલાં જ કામરેજના મોરથાણાના પટેલ પરિવારે ન્યુજર્સીના ઈસ્ટ બર્નસ્વિક ખાતે ક્લિયર વ્યૂ રોડ પર કરોડો રૂપિયામાં સ્વિમિંગ પુલ સાથેનું આલિશાન ઘર ખરીદ્યું હતું. સોમવારે ઘરમાંથી બૂમો સંભળાતાં પાડોશીઓએ પોલીસને કોલ કરીને આ મામલે જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અને જોયું તો સ્વિમિંગ પુલમાં ત્રણ લોકો ડૂબેલાં હતા. પોલીસે તમામને બચાવવાનો પ્રયાસ કર્યો. પણ ૩૩ વર્ષીય નિશા પટેલ અને તેની ૮ વર્ષીય દીકરી તથા સસરા ૬૨ વર્ષીય ભરત પટેલનું મોત નિપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં ત્રણેય લોકોને ખૂબ સારું તરતાં આવડતું ન હોવાથી ઘટના બની હોઈ શકે એવી શંકા પોલીસે વ્યક્ત કરી હતી જો કે, પોલીસે તપાસ કરતા મોટો ખુલાસો થયો હતો. આ દૂર્ઘટનામાં ઘરની પાછળના ભાગમાં આવેલો સ્વિમિંગ પૂલ જમીનથી થોડો ઉપર હતો. પાડોશીએ પણ વીજ શોક અપાયાની શંકા વ્યક્ત કરી હતી. પરંતુ પોલીસે વીજ શોક અપાયાની થીયરીનો પાછળથી ઈનકાર કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, સ્વિમિંગ પૂલના વચ્ચેનો અને શરૂઆતનો ભાગ ઊંડો છે. પ્રાથમિક તપાસમાં ત્રણેય લોકોને ખૂબ સારું તરતાં આવડતું ન હોવાથી ઘટના બની હોઈ શકે એવી શંકા પોલીસે વ્યક્ત કરી છે.

# વટવામાં દેવું વધી જતાં ૪ સંતાનની હત્યા કરી બે સગાભાઈઓએ આત્મહત્યા કરી

અમદાવાદ : વટવાના વિંઝોલ વિસ્તારમાં પ્રયોશા રેસીડેન્સીમાં ચાર બાળકોની હત્યા કર્યા બાદ બે સગા ભાઈએ ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનામાં પોલીસ તપાસમાં ગૌરાંગ પટેલના નામના હોમ-પર્સનલ સહિત કુલ ૩૭ બેન્ક એકાઉન્ટ હતા, જેમાં રૂા. ૩૦ લાખનું મોટું દેવું હતું. બીજીતરફ લોક ડાઉનના કારણે ધંધા રોજગોર ખોરવાઈ ગયા હોવાથી આર્થિક સંકડામણના કારણે સંતાનોની હત્યા કર્યા બાદ બન્ને ભાઈએ આત્મહત્યા કરી હોવાનું બહાર આવ્યું છે જોકે સ્યુસાઈડ નોટ ન હોવાથી આપઘાતનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસે સીસીટીવી ફૂટેજ તેમજ પડોશીઓ અને સંબંધીઓની પુછપરછ હાથ ધરી છે. બન્ને ભાઈ તેમના ચારેય બાળકોને ફરવા લઈ જવાનું કહીને ઘરેથી બે દિવસ પહેલા કાર અને સ્કુટર પર નીકળ્યા હતા.વટવા જીઆઈડીસી વિંઝોલ ખાતે રીંગરોડ પર આવેલા પ્રયોશા રેસીડેન્સીમાં રહેતા અમરીશ આર.પટેલ (૪૨) અને ગૌરાંગ આર. પટેલે (૪૦) તેમના બે દિકરા અને બે દિકરી સાથે ૧૭ જુનના રોજ સવારે ૮.૩૦ વાગ્યે ઘરેથી નીકળ્યા હતા. પરિવારજનોએ તેમનો પતો ન લાગતા વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ પણ નોંધાવી હતી. દરમિયાન તેઓ કદાચ વટવાના પ્રયોશા રેસીડેન્સીના ફ્લેટ પર ગયા હોવાની શંકાને આધારે બન્ને ભાઈઓની પત્ની જ્યોત્સનાબહેન એ.પટેલ, હેતલબહેન જી.પટેલ તથા બહેન પલ્લવી કે.પટેલ ફ્લેટ પર ગયા હતા. જોકે સાતમા માળે આવેલો ફ્લેટ બંધ હોવાથી તેમમે પોલીસને જાણ કરી હતી.

# બનેવી સાથે સંબંધ બાબતે ઠપકા બાદ યુવતીનો નદીમાં મોતનો કૂદકો

બારડોલી - બારડોલી નગરના શેઠ ફળિયામાં પિતાના ઘરે એકલી રહેતી ૨૩ વર્ષીય દીપિકા નાયડુ નામની યુવતીએ મિંઢોળા નદીના પુલ ઉપરથી રાત્રે આઠે વાગ્યે લોકોની હાજરીમાં પોતાનું મોપેડ રોડની સાઈડે મૂકી પાણીમાં મોતનો ભૂસ્કો મારતા ભારે ચકચાર મચી ગઈ હતી. હાજર લોકોએ બૂમાબૂમ કરતા મોડી રાત્રે લોકટોળા ભેગા થઈ ગયા હતા. ફાયર અને પોલીસતંત્રે બે અઢી કલાકની શોધખોળ પછી આ યુવતીની લાશ શોધી કાઢી હતી.

મળતી માહિતી મુજબ કોળી પટેલ સમાજની ચાર બહેનો અને એક ભાઈનો પરિવાર બારડોલીથી ગત લાંબા સમયથી સુરત શહેરમાં સ્થળાંતર કરી ગયો હતો. પરિવારજનોમાં ત્રણ બહેનો અને એક ભાઈ પરિણીત હોવા સાથે અલગ અલગ સ્થળોએ રહેતા હતા. પરિવારમાં સૌથી નાની અને કુંવારી બહેન દીપિકા ગત પાંચ વર્ષથી પોતાની સૌથી મોટી બહેન મિનાક્ષી સાથે સુરતમાં રહેતી હતી. તેમજ ગત પાંચ-છ મહિનાથી બારડોલીના શેઠ ફળિયામાં આવેલા પોતાના પૈતૃક મકાનમાં એકલી રહેતી આવી હતી. આ દરમિયાન તેની બહેન મીનાક્ષીબેનના પતિ મિતેશ રમણભાઈ પટેલ રહે, મોરા ભાગળ રાંદેર સુરત સાથે તેણીને પ્રેમસંબંધ હતો.

## રૂપાણી સીએમ બન્યા એટલે મેં પોટલા બાંધી દીધા હતા : ગોવિંદ પટેલ

ગાંધીનગર : ભાજપના ધારાસભ્ય ગોવિંદ પટેલ હાઈકમાન્ડથી નારાજ હોવાની અટકળો વચ્ચે તેમને ખુલાસો કરતા જણાવ્યું હતું કે, હું કોઈપણ પ્રકારે ભાજપથી નારાજ નથી. કોઈ મારા વિશે ખોટા અહેવાલો ફરતા કરી રહ્યું છે. જેથી ખોટા સમાચાર વેહતા કરનારને હું શોધી રહ્યો છું. ગોવિંદ પટેલનો આડકતરો વિપક્ષ પરપ્રહાર કરીને જણાવ્યું હતું કે ગુજરાતમાં કોંગ્રેસ તુટી રહી છે.

તેમણે ઉમેર્યુ હતું કે, રાજ્યના સીએમ વિજય રૂપાણી સીએમ બન્યા બાદ મેં મંત્રીપદની આશા છોડી દીધી હતી અને ગાંધીનગરથી મારા બીસ્ત્રા પોટલા સંકેલી લીધા હતા. જે પણ કંઈ છું તે પાર્ટીના કારણે જ છું.

# સુરત, યુએસ, યુકે, કેનેડામાં વૈષ્ણવો દ્વારા ઘર બેઠા ૫૧ કરોડ અષ્ટાક્ષર મંત્રજાપ કરાયા

સુરત : કોરોના સંક્રમણ અને લોકડાઉન વચ્ચે શહેરનાં મંદિરો, વિવિધ સમુદાય દ્વારા ધાર્મિક અનુષ્ઠાનનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત સુરતના વૈષ્ણવો દ્વારા લોકડાઉનમાં ઘર બેઠા ૫૧ દિવસમાં ૫૧ કરોડ અષ્ટાક્ષર મંત્રજાપ અભિયાન પૂર્ણ કરાયું છે. સુરતની ૧૨ હવેલીના વલ્લભકુળ આચાર્યોએ વૈષ્ણવોને ઘરે બેસીને 'શ્રી કૃષ્ણ શરમ મમઃ'ની માળા કરવા માટે હાકલ કરી હતી. જેને આધીન સુરત સિવાય મુંબઈ, પૂણે, બેંગ્લોર અને યુએસ, કેનેડાના વૈષ્ણવો પણ મંત્રજાપમાં જોડાયા હતા. સુરત ખાતેથી વૈષ્ણવ સંપ્રદાય દ્વારા સમયનો સદ્ઉપયોગ અને ધર્મની રક્ષા, સંસ્કૃતિની જાળવણી માટે અષ્ટાક્ષર મંત્ર જાપ અભિયાન છેડવામાં આવ્યું હતું. સુરતની ૧૨ હવેલીના વલ્લભકુળ આચાર્યોએ સુરતના વૈષ્ણવોને ઘરે બેસીને માળા કરવાની હાકલ કરી હતી. જેને વૈષ્ણવોએ શિરોમાન્ય કરી અભિયાન ચાલુ કર્યુ હતું.

# ગારિયાધાર યુવકની હત્યા પ્રકરણમાં આરોપીને શોધવા પાંચ ટીમની રચના કરાઈ

ગારિયાધાર : ગારિયાધારમાં રહેતા યુવક કલ્પેશભાઈ ઘણવણીયાનું પ્રેમ પ્રકરણે પાંચ શખસોએ અપહરણ કરી માર મારીને ફેંકી દેતાં તેનું સારવાર દરમ્યાન મોત થતાં બનાવ હત્યામાં પરિણ્મ્યો હતો. જયારે, ઘટનાને લઈ ગત સમી સાંજથી જીલ્લામાંથી એસઓજી, એલસીબી, ઉમરાળા અને ગારિયાધાર પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.પરંતુ આરોપીઓ હજુસુધી પોલીસને હાથવાળી દેવીમાં સફળ રહ્યા છે.જયારે તપાસનીશ અધિકારી પીએસઆઈ ધ્રાંગુએ આ કેસ બાબતે કોઈપણ પ્રકારની અપડેટ ન હોવાનું જણાવ્યું હતું. જયારે બીજીબાજુ, મૃતક કલ્પેશભાઈના મૃતદેહને પેનલ પી.એમ. બાદ આજે તેમના પરિવારને સોંપાયો હતો. જયાં જ્ઞાતિના આગેવાનો, પરીવારજનો અને પોલીસ બંદોબસ્ત વચ્ચે ગારિયાધાર ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

## સક્ષિપ્ત સમાચાર

- ખેડા જીલ્લામાં નડિયાદના મોટા નારણદેવ મંદિર અને સુપ્રસિધ્ધ યાત્રાધામ ડાકોરમાં આજે રથયાત્રા ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ રથયાત્રા મંદિર પરિસરમાં જ પ્રદક્ષિણા કરી ફેરવવામાં આવી હતી. આ પ્રસંગે સરકારી નિયમોનુસાર મંદિરના કર્મચારીગણ, પોલીસ કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ભક્તો આ રથયાત્રાના દર્શન પરિક્રમા પૂર્ણ થયા બાદ કરી શક્યા હતા.
- સાણંદની કંપનીમાં બુધવારે લાગેલી આગ હજુ પણ બેકાબૂ છે. ગઈકાલથી ફાયર વિભાગ જહેમત ઉઠાવી રહ્યું છે. આગ કાબૂમાં લેવામાં હાલ અત્યાધુનિક વાહનો કામે લાગ્યા છે. હાલ ૧ વરુણ પંપની પણ મદદ લેવાઈ રહી છે.
- સુરતના કીમના ફેક્ટરી માલિકનું અપહરણ કરી રૂ.૫ કરોડની ખંડણી માંગવાની યોજનામાં સામેલ રીઢા આરોપીને ક્રાઇમ બ્રાન્ચે પાંડેસરા સિદ્ધાર્થનગર પાસેથી ઝડપી લીધો હતો. રીઢા આરોપીની ટીપના આધારે યોજનાને અંજામ આપવા સુરત આવતી અમરસિંહ ઠાકોરની ગેંગને મહેસાણા પોલીસે ઘાતક હથિયારો સાથે ઝડપી લેતા તેનું નામ ખૂલતા મહેસાણા પોલીસે સુરત ક્રાઇમ બ્રાંચને જાણ કરી હતી.
- સુરતના સારોલી વિસ્તારની કેનેરા બેંકમાં સંબંધીની પાસબુક અપડેટ કરાવવા બાબતે વિખવાદમાં સરથાણા પોલીસ મથકમાં ફરજ બજાવતા એક જવાને તેનો વિડીયો ઉતારી રહેલી મહિલા કર્મચારીને લાફો ચોડી માર મારતો વિડીયો વાયરલ થયો હતો. ઘટના અંગે કેન્દ્રીય નાણાંમંત્રી દ્વારા તપાસનો આદેશ કરાયો હતો તેમજ પોલીસ જવાનને સસ્પેન્ડ કરાયો છે.
- ગુજરાત ચેમ્બરમાં યુવાનોને તક આપો, એક વયસ્કને કોરોનાને નામે ડરાવીને બીજા વયસ્કને માનીતા ઉમેદવાર તરીકે બેસાડી દેવાની પેરવી કરવાને બદલે લોકશાહી ઢબે ચૂંટણી થવા દેવાની માગણી આજે કરવામાં આવી છે.
- વડોદરા શહેર આસપાસના સાત ગામોને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સમાવવાનો નિર્ણય રાજ્ય સરકારે ૧૭મી જૂનના રોજ કર્યો છે. આ નિર્ણય સામે સાત પૈકીના ચાર ગામોએ હાઇકોર્ટમાં રિટ કરી છે, જેની સુનાવણી ૨૬મી જૂનના રોજ હાથ ધરાશે
- કામરેજ પોલીસ મથકની હદમાં આવતા ખોલવડ ગામ પાસે નેશનલ હાઈવે પર આવેલા આઈઆરબી રેસ્ટ એરિયામાં ફાયરિંગની ઘટના બની હતી. પૈસાની લેતીદેતીમાં એક મિત્રે બીજા મિત્રની કાર પર ૬ રાઉન્ડ ફાયર કરી દીધા હતા. ગોળી કારનાં કાચમાં વાગતા બીજા મિત્રને ઈજા પહોંચી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.
- વડોદરામાં મેડિકલ વિદ્યાર્થીઓની હાઈ પ્રોફાઈલ પાર્ટીમાં પોલીસે ભંગ પાડ્યો હતો. વાઘોડિયા તાલુકાના આમોદર ગામ પાસે આવેલી શ્યામલ કાઉન્ટી સોસાયટીના મકાન નં-૧૧૨માં દારૂની મહેફિલ માણતા સુમનદીપ વિદ્યાપીઠમાં મેડિકલનો અભ્યાસ કરતા ૭ વિદ્યાર્થીઓ અને ૫ વિદ્યાર્થિનીઓને ઝડપી પાડ્યા હતા. તમામ સામે વાઘોડિયા પોલીસ મથકમાં ગુનો નોંધી કુલ રૂપિયા ૯,૫૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.
- નડિયાદ- નડિયાદ શહેરના મિલરોડ પર આવેલ સુભાષનગરમાં કપિરાજે થોડા દિવસો પહેલા એક વ્યક્તિ પર હિચકારો હૂમલો કર્યો હતો. આખરે કપિરાજને ઝડપી પાડતા સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે. અગાઉ તા.૮ જૂનના રોજ કપિરાજે ૧૦ થી વધુ લોકોને બચકા ભર્યા હતા.આમ છેલ્લા ૧૨ દિવસથી વાનરનો આંતક જોવા મળી રહ્યો છે.
- ઝઘડીયાના ધારાસભ્ય છોટુ વસાવા અને દેડિયાપાડાના ધારાસભ્ય મહેશ વસાવાએ રાજયસભાની ચૂંટણીમાં તેમની ભૂમિકાને લઈ રાજકીય પક્ષો દ્વારા તેમના પર હુમલો કરવામાં આવી શકે છે તેવો ભય વ્યકત કર્યો છે. રાષ્ટ્રપતિ અને રાજ્યપાલને સંબોધી એક પત્ર લખી તેમની સુરક્ષા માટેની તાત્કાલિક અસરે વ્યવસ્થા કરવામાં આવે તેવી માગ કરવામાં આવી છે.
- ભાજપના પાદરાના પૂર્વ ધારાસભ્ય અને બરોડા ડેરીના ચેરમેને સાત ગામોને કોર્પોરેશનમાં સમાવવાના મુદ્દે રાજ્ય સરકાર સામે મોરચો માંડવાની ચીમકી આપતાં ભાજપી છાવણીમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. પૂર્વ ધારાસભ્ય દિનુમામાએ કહ્યું છે કે, સામાન્યરીતે સરકારના બધા નિર્ણયો આવકાર્ય હોય છે.પરંતુ સાત ગામોને કોર્પોરેશનમાં જોડવાનો નિર્ણય ઉતાવળિયો લેવાઇ ગયો છે.આ નિર્ણય એસી ઓફિસોમાં બેસી સરકારી બાબુઓના ઇશારે લેવાયો હોય તેમ લાગે છે.હકિકતમાં સરકારે કાર્યકરો તેમજ ગ્રામજનોને વિશ્વાસમાં લઇને આવા નિર્ણયો લેવા જોઇએ તેમજ અગાઉ કોર્પોરેશનમાં સમાવાયેલા ગામોના લોકોનો પણ અભિપ્રાય લેવો જોઇએ.

# ચીનની ફરી નવી ચાલ, કૂટનીતિક વાતચીત સાથે લદ્દાખમાં સૈન્ય હાજરી વધારી દીધી

લદ્દાખ : લદ્દાખના ઉત્તરમાં આવેલા ગલવાન ખીણમાં સૈન્ય મુઠભેડ બાદ ભારત અને ચીન વચ્ચે સ્થિતિ તણાવપૂર્ણ થઇ ચુકી છે. સહદ પર સેનાની હાજરી ઘટાડવાની વાતચીતની વચ્ચે પૂર્વ લદ્દાખમાં બગ ઓલ્ડીમાં ચીન સૈન્યનો જમાવડો કરી રહ્યો છે. છેલ્લાં કેટલાંક દિવસથી ચીન ગલવાન ઘાટી પર દાવો કરી રહ્યું છે પરંતુ ભારત તેને એવો દાવો બતાવી રહ્યું છે કે જેમાં કોઈ તથ્ય જ નથી. ચીનની લઈને રોજ નવા કાવતરાનો પર્દાફાશ થઈ રહ્યો છે. તણાવ ઓછો કરવા માટે ભારતની તરફથી વાતચીતનો ક્રમ ચાલુ છે, ત્યા ચીને સૈન્ય અને કૂટનીતિક વાર્તા કરવાની સાથે પૂર્વ લદ્દાખમાં પેંગોંગ સો, ગલવાન ઘાટી, અને અન્ય ટકરાવવાળા



વિસ્તારમાં પોતાની સૈન્ય હાજરી પણ વધારી રહ્યું છે. દેપસાંગ વિસ્તારમાં ૨૦૧૩માં ચીને ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો, એટલા માટે જ ભારત પહેલાથી જ તૈયાર હતું. ચીનની સરખાણીએ ભારતની સેનાએ પણ અહીં પોતાની હાજરી વધારી છે અને ચીનની તમામ હરકતનો મૂંહતોડ જવાબ આપવા માટે તૈયાર છે. સોમવારના રોજ બંને દેશોની સેનાઓના ટોચના કમાન્ડરોની બેઠક યોજાઈ જે કલાકો સુધી ચાલી હતી. આ દરમ્યાન બંને પક્ષોમાં સહમતી બની કે તેઓ પૂર્વ લદ્દાખમાં તમામ સંઘર્ષ બિન્દુઓ પર ગતિરોધને ધીમે-ધીમે ઓછો કરશે. બંને પક્ષોની વચ્ચે બુધવારના રોજ કૂટનીતિક વાર્તા પણ થઈ. આ ઘટનાક્રમોની વચ્ચે સેના પ્રમુખ જનરલ નરવણે એ બુધવારના રોજ પૂર્વ લદ્દાખના અગ્રીમ મોરચાવાળા ક્ષેત્રોનો પ્રવાસ કર્યો અને સેનાના અભિયાન સંબંધિત તૈયારીઓની સમીક્ષા કરી.

## દૌલત બેગ ઓલ્ડી નજીક ડેપસાંગમાં ચીની સેનાનો ઘૂસણખોરીનો પ્રયાસ

લદ્દાખ : ગલવાન વેલી, પેંગોંગ લેક અને હોટ સ્પ્રિંગમાં પ્રવર્તતા તણાવ મધ્યે ચીની સેનાએ ભારત માટે વધુ એક વ્યુહાત્મક સ્થળ ડેપસાંગમાં ઘૂસણખોરી કરી મોટી સંખ્યામાં સૈનિકો અને તોપ સહિતનો શસ્ત્રસરંજામ ખડક્યો છે. ભારત માટે અત્યંત મહત્ત્વની ગણાતી દૌલત બેગ ઓલ્ડી એરસ્ટ્રીપથી ૩૦ કિમી દૂર આવેલા ડેપસાંગ પ્લેન્સમાં વાય જંકશન ખાતે ચીને સૈનિક ટુકડીઓ, અને સ્પેશિયલ મિલિટરી ઈક્વિપમેન્ટ્સ તહેનાત કર્યા છે. વાય જંકશન એલએસીથી ભારતની તરફ લગભગ ૧૮ કિમીના અંતરે આવેલું છે. ચીનનો દાવો છે કે એલએસી વાય જંકશનથી પણ પાંચ કિમી વધુ દૂર પશ્ચિમમાં આવેલી છે. ગલવાન વેલી, હોટ સ્પ્રિંગ, ડેપસાંગ અને પેંગોંગ લેક ખાતે સ્થિતિ હજુ તણાવપુર્ણ છે. ભારતે ચારે સ્થળો ખાતે ચીની સેનાને જવાબ આપવા માટે મોટી સંખ્યામાં દળો અને તોપ તહેનાત કરી છે. સામે પક્ષે ચીન પણ સૈનિક બળમાં વધારો કરી રહ્યો છે.

## ભારત પર પાંચ દિવસમાં ૪૦ હજાર વખત ચીની સાઈબર હુમલાનો પ્રયાસ

- આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બેન્કિંગ સેક્ટર ચીનનું ટાર્ગેટ
- ચીની હેકરો પાસે આશરે ૨૦ લાખ જેટલા ભારતીયો ઈમેલ આઈડીનો ડેટાબેઝ હોવાની પોલીસને આશંકા

મુંબઈ : ચીનના હેકરોએ છેલ્લા પાંચ દિવસમાં ભારતના આઈટી અને બેંકિંગ ક્ષેત્ર પર ૪૦,૦૦૦થી વધુ વખત સાઈબર હુમલાનો પ્રયાસ કર્યો હતો તેવી ચોંકાવનારી માહિતી મહારાષ્ટ્રના ટોચના અધિકારીએ આપી છે. ઈન્ટરનેટ યૂઝર્સે આ પ્રકારના હૂમલા અંગે સાવચેતી રાખવાની સાથે પોતાની સાઈબર સિક્યોરિટીનું ઓડિટ કરવાની જરૂર છે, તેમ પણ તેમણે ઊમેર્યુ હતું. લદ્દાખની ગલવાન ખીણમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે થયેલી લોહિયાળ અથડામણ બાદ અચાનક જ ચીન તરફથી ભારત પર થઈ રહેલા સાઈબર હૂમલામાં વધારો થયો છે. મહારાષ્ટ્રની સાઈબર વિંગના સ્પેશિયલ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ યશસ્વી યાદવે કહ્યું કે, છેલ્લા ચાર-પાંચ દિવસમાં ચીનના ચેન્ગુડા વિસ્તારમાંથી ભારત પર ઓછામાં ઓછા ૪૦,૩૦૦ જેટલો સાઈબર હૂમલાના પ્રયાસ થયા છે.


**કલાસીફાઇડ / Classified**

**હોટલમાં રસોઈ કામ માટે જોઈએ છે.**

વેસ્ટર્ન ફૂડ મેકર, રસોઈ બનાવનાર, રસોઈ કામ કરનાર તથા રસોઈયાને મદદ કરનાર જોઈએ છે. રસોઈ બનાવનારને રહેવાની સુવિધા આપવામાં આવશે. ગાનાનોક, ઓન્ટેરિયો.

**સંપર્ક કરો :- 226-203-4871**


## ચીની પ્રોડક્ટનો બહિષ્કાર કરો, ઉદ્યોગપતિઓને વેપારીઓએ પત્ર લખ્યા

નવી દિલ્હી : ચીની સૈન્ય સાથે સરહદે ભારે ઘર્ષણ દરમિયાન ભારતના ૨૦ જવાનો શહીદ થઈ ગયા છે. આ સ્થિતિ વચ્ચે દેશમાં ચીની વસ્તુઓના બહિષ્કાર માટે એક કેમ્પેઇન શરૂ થઈ ગયું છે. જેને પગલે હવે આમ નાગરિકોથી લઈને વ્યાપારીઓ પણ અવાજ ઉઠાવવા લાગ્યા છે. આ સ્થિતિ વચ્ચે દેશના અનેક વ્યાપારીઓએ હવે મોટા ઉધ્યોગપતીઓ જેમ કે રતન તાતા, મુકેશ અંબાણી સહિતનાને પત્ર લખ્યો છે અને ચીની વસ્તુઓના બહિષ્કારના અભિયાનમાં જોડાવવા અપીલ કરી છે. વ્યાપારીઓના સંગઠન કોન્ફેડરેશન ઓફ ઓલ ઇંડિયા ટ્રેડર્સએ નેતાઓ, સેલિબ્રિટી બાદ હવે આશરે ૫૦ જેટલા મોટા ઉધ્યોગપતિઓને પત્ર લખ્યો છે. જેમાં તેઓએ એવી અપીલ કરી છે કે દેશના બધા જ લોકોએ બોયકોટ ચાઈના કેમ્પેઈનમાં જોડાવું જોઈએ.

જે ઉધ્યોગપતિઓને પત્ર લખ્યો છે તેમાં મુકેશ અંબાણી, રતન તાતા, આદિ ગોદરેજ, અજીમ પ્રેમજી, કુમાર મંગલમ બિડલા, આનંદ મહિન્દ્રાને પણ સમાવવામાં આવ્યા છે. નોંધનીય છે કે સરહદે ભારે તંગદીલી વચ્ચે દેશમાં ચીનની નાનીથી લઈને દરેક મોટી વસ્તુઓના બહિષ્કારની માગણી ઉઠી રહી છે. અને આ માટે એક વિશેષ કેમ્પેઈન પણ શરૂ કરવામાં આવ્યું છે. જોકે હવે તેમાં વ્યાપારીઓ તો જોડાઈ રહ્યા છે સાથે જ મોટા દિગ્ગજ ઉધ્યોગપતિઓને પણ જોડવામાં આવે તેવી માગણી ઉઠી રહી છે.

# પાલનહાર અલ્લાહનો આભાર (શુકર) માનવાનો મહિમા અને મહત્વતા

**ઈસ્લામની આરસી**

કાસિમ અબ્બાસ

ભાગ-૧

આ બ્રહ્માંડમાં આવેલ દરેક નાની, મોટી, મહામોટી, મહાકાય તથા અતિ મહાકાય વસ્તુઓનું સર્જન કરનાર પરમેશ્વર જ છે. જે સર્વે વસ્તુઓ તેણે સર્જન કરેલ છે તેના સર્જનનો એક ચોક્કસ હેતુ છે કે તેણે જ સર્જન કરેલ માનવજાત તેનો સારી રીતે ઉપયોગ કરી શકે. અને એ સત્ય છે કે પરમેશ્વરે સર્જન કરેલ દરેકે દરેક વસ્તુઓનો મનુષ્ય એક અથવા બીજી રીતે સદ્ઉપયોગ કરે છે. એ જુદી વાત છે કે કોઈ નઠારો મનુષ્ય પરમેશ્વરે સર્જન કરેલ વસ્તુઓનો દુરઉપયોગ કરે છે, જો કે તે વસ્તુઓનું સર્જન પરમેશ્વરે મનુષ્યોના સદઉપયોગ માટે જ કરેલ છે. આનું સાદું ઉદાહરણ છરી કે ચાકુ નું આપી શકાય કે તેનો સદઉપયોગ રસોઈઘરમાં થાય છે, પણ કોઈ નઠારો મનુષ્ય તેજ છરી કે ચાકુનો ઉપયોગ કોઈ બીજા મનુષ્યનો પ્રાણ લેવામાં કરી લે છે. આ ઉદાહરણમાં વાંક છરી કે ચાકુનો નહિ પરંતુ વાક નઠારા મનુષ્યનો છે, અને તેને તેના આ નઠારા કૃત્યનો બદલો આ જગતમાં અથવા બીજા જગતમાં અવશ્ય મળશે.



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

પરમેશ્વરે આ રીતે મનુષ્યોના સદઉપયોગ માટે સર્જન કરેલ વસ્તુઓ, સાધન સામગ્રીઓ તથા ઉપલબ્ધતા એક રીતે પરમેશ્વરના મનુષ્યો પર એક મહાન ઉપકાર સમાન છે, અને પ્રત્યેક મનુષ્યે આ મહાન ઉપકાર માટે પરમેશ્વરનો અતિ આભાર અવશ્ય માનવો જોઈએ, એટલે કે તેનો શુકર અદા કરવો જોઈએ.

પરમેશ્વરનો આભાર(શુકર)મૌખિક રીતે તેની પ્રશંસા કરીને પણ વ્યક્ત કરી શકાય છે કે અને તેની ઉપાસના (બંદગી)કરીને પણ કરી શકાય છે અને તેના આદેશોનું ચુસ્તપણે પાલન કરીને પણ કરી શકાય છે. આ રીતે જગતના દરેક ધર્મમાં પરમેશ્વરનો આભાર વ્યક્ત કરવા માટે મૌખિક જાપ (ઝીક્ર) તથા ઉપાસના (બંદગી) કરવામાં આવે છે.

તે ઉપરાંત પરમેશ્વરે મનુષ્યનું સર્જન કર્યું, તેને જુદા જુદા પ્રકારની શક્તિઓ આપેલ અને તેના સર્વે સર્જનોમાં મનુષ્યને સર્વ શ્રેષ્ઠ સર્જન (અશરફુલ મખલુકાત) બનાવ્યો તે માટે પણ મનુષ્યોને પોતાના સર્જનહાર પરમેશ્વર એટલે કે પાલનહાર અલ્લાહનો અતિ આભાર અવશ્ય માનવો જોઈએ.

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં અસંખ્ય બોધવચનો છે, જેમાં મનુષ્યોને આદેશ આપવામાં આવેલ છે કે પાલનહાર અલ્લાહે તેમના પર કરેલ કૃપાઓ (મહેરબાનીઓ- નેઅમતો) માટે તેનો આભાર (શુકર) વ્યક્ત કરવો જોઈએ. આ વિષે નીચે કુરાન મજીદમાંના પાંચ બોધવચનો આપવામાં આવે છે.

"અને પાલનહાર અલ્લાહે તમોને તમારી માતાઓના પેટ માંથી કાઢ્યા, એવી અવસ્થામાં કે તમે કંઈ ન જાણતા હતા. તેણે તમોને કાનો થકી સાંભળવાની શક્તિ આપેલ, આંખો થકી જોવાની શક્તિઓ અને હૃદય થકી વિચારવાની શક્તિ આપેલ, જેથી તમે તેના આભારી બનો (તેનો શુકર અદા કરો)." (પ્રકરણ ૧૬, શ્લોક ૭૮)

"તે પાલનહાર અલ્લાહ જ છે, જેણે તમને સાંભળવા માટે શક્તિઓ આપેલ તથા જોવા માટે શક્તિઓ આપેલ તથા વિચારવા માટે હૃદય આપ્યા, પણ તમે તેનો બહુ જ થોડો આભાર માનો છો." (પ્રકરણ ૨૩, શ્લોક ૭૮)

"પછી હે લોકો, પાલનહાર અલ્લાહે જે કંઈ કાયદેસરની આજીવિકા (હલાલ અને પવિત્ર રીઝક) તમોને અર્પણ કરેલ છે, તેને ખાઓ અને પાલનહાર અલ્લાહના ઉપકારો અને મહેરબાનીઓ (નેઅમતો)ના આભારી બનો (શુકર અદા કરો) જો ખરેખર તમે તેની જ ઉપાસના (બંદગી) કરનારાઓમાંના છો." (પ્રકરણ ૧૬, શ્લોક ૧૧૪)

"બસ તમે સૌ મારૂં સ્મરણ (ઝીક્ર) કરો, તો હું તમારૂં સ્મરણ (ઝીક્ર) કરીશ (તમે મને યાદ કરો, હું તમોને યાદ કરીશ) અને મારા આભારી થાવ (મારો સુકર અદા કરો)અને આપકારી ન બનો." (પ્રકરણ ૨, શ્લોક ૧૫૨)

"અને યાદ રાખો, તમારા પાલનહાર અલ્લાહે તમને ચેતવી દીધા હતા કે જો તમે મારા આભારી બનશો, તો હું તમારા ઉપર વધુ મહેરબાની કરીશ (નેઅમતો નાઝીલ કરીશ.) અને જો તમે મારી મહેરબાનીઓ (નેઅમતો) નો ઈન્કાર કરશો, તો મારી સજા ઘણી સખત છે." (પ્રકરણ ૧૪, શ્લોક ૭).

ક્રમશઃ

# ગુજરાત ભાજપમાં ફેરફારના એંધાણ વાઘાણી સહિતના હોદેદારો બદલાશે

અમદાવાદ : રાજ્યસભાની ચૂંટણી અને રથયાત્રાનો પ્રસંગ પૂર્ણ થયો છે. જેથી આગામી દિવસોમાં પ્રદેશ પ્રમુખ સહિતના હોદેદારોની નિમણૂકની તૈયારી શરુ થઈ છે. હાલના પ્રદેશ નેતાઓએ ‘મારો એ સારો, પણ સારો એ મારો નહીં’ એવી નીતિને કારણે હવે કાર્યકરો સાઈડલાઈન થવા માંડયાં છે.

સૌરાષ્ટ્રનાં પાટીદાર નેતા તરીકે જીતુ વાઘાણીને પક્ષની કમાન સોંપાઈ હતી. તેમનાં વડપણ હેઠળ ૨૦૧૭ ની ચૂંટણીમાં ભાજપની બેઠકો ઘટી હતી. ૨૦૧૯ની પેટા ચૂંટણીમાં ભાજપે ૬માંથી ત્રણ બેઠકો ગુમાવી હતી.

ભાજપમાં એક સમયે વિવિધ મોરચાનું પણ મહત્ત્વ હતું. યુવા મોરચામાં ભાજપે પાટીદારને પ્રમુખ બનાવી દાવ ખેલ્યો. યુવા મોરચાનાં નરેન્દ્ર પરમાર ઉપર બુટલેગર જેવા અને અન્ય નેતાઓ પર ખંડણીનાં ગંભીર આક્ષેપો છે. જ્યારે પોતાના જ વહીવટમાં રચ્યાપચ્યા રહેતા ડો. ઋત્વિજ પટેલ કંઈ જ ઉકાળી શક્યા નથી. કિસાન મોરચાના અધ્યક્ષ બાબુભાઈ ઝેબલિયા પણ નિષ્ફળ પૂરવાર થયા છે. મહિલા મોરચાની કામગીરી પણ સંતોષજનક નથી. ઉપરાંત, ભાજપના કેટલાક નેતાઓનાં સેક્સકાંડના કારણે ઘણી જ બદનામી થઈ છે. સારા ઘરની દીકરીઓ હવે મહિલા મોરચામાં આવતા પણ ડરી રહી છે. આ જ રીતે આદિવાસી મોરચો પણ નિષ્ફળ ગયો છે. વનબંધુ યોજનાથી પણ ભાજપને કોઈ જ ફાયદો થયો નથી. જ્યારે લઘુમતી મોરચો ગુજરાતમાં ભાજપને કોઈ લાભ અપાવી શક્યો નથી. પૂર્વ સાંસદ બનેલા શંભુનાથ ટુંડિયાના તેતૃત્વમાં અનુસૂચિત જાતિ મોરચો એવો છે કે જેમાં છેલ્લા ત્રણ વર્ષની અંદર એકપણ પ્રદેશ કારોબારીનું ગઠન થયું નથી.

# અમદાવાદના શાહપુરમાં સામાન્ય મુદ્દે બે કોમના ટોળા વચ્ચે પથ્થરમારો

## • દિલ્હી દરવાજા પાસે વ્યંડળનું હવામાં એક રાઉન્ડ ફાયરિંગ

અમદાવાદઃ ગુરૂવારે મોડી સાંજે શાહપુરમાં આવેલા ભિલડીયા વાસ નામના વિસ્તારના નાકે યુવકો બેઠાં હતાં. આ દરમિયાન એક બાઈક પર પુરપાટ ઝડપે આવેલા યુવકે બાઈક ઉભી રાખી અને જણાવ્યું કે સામે કેમ જોવે છે. તેથી સામે બેઠેલા યુવકો ઉશ્કેરાયા હતા અને ઝગડો કર્યો હતો આ જોઈ બાઈક ચાલક યુવકનો ભાઈ છરી લઈ દોડી આવ્યો હતો. આમ જે છરી લઈ આવ્યો તેની છરી લઈ તેને ઝપાઝપી થતાં વાગી હતી. આમ આ જોઈ ટોળા સામ સામે આવી ગયા હતા. પથ્થર મારો થતાં થતાં નાસભાગ મચી ગઈ હતી. આમ પથ્થર વડે કે પછી લાકડીઓ વડે આસપાસ પાર્ક કરેલા વાહનોના કાચ ફેડી નાખવાના આવ્યા હતા. દિલ્હી દરવાજા પાસે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ કોફી કલરની કારમાં આવેલ એક વ્યંડળ હવામાં ફાયરિંગ કર્યુ હતું. એક આધેડનું નામ લઈ હવામાં ફાયરિંગ કર્યુ. કાર કાલુપુર તરફ ભાગી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ દોડી આવી હતી. ફાયરિંગ કરનાર વ્યંડળ નીતુ દે હોવાની પોલીસને આશંકા છે અને ફાયરિંગ કરતા પહેલાં વ્યંડળે રાજુ નામના આધેડનું નામ લીધું હતું.

# લોકતંત્રની રક્ષા માટે લડનાર સેનાનીઓનાં બલિદાનને દેશ ક્યારેય ભૂલશે નહીં : મોદી

નવી દિલ્હી : આજથી ૪૫ વર્ષ પહેલાં કોંગ્રેસનાં તત્કાલીન વડાં પ્રધાન ઈન્દિરા ગાંધીએ દેશભરમાં ઔઈમરજન્સી લાદીને હજારો વિપક્ષી નેતાઓને



જેલમાં પૂર્યા હતા. આખા દેશમાં સેન્સરશિપ લાદી હતી. કટોકટીની ૪૫મી વરસીએ પીએમ મોદીએ કોંગ્રેસ પર તેજાબી ચાબખા માર્યા હતા. તેમણે કહ્યું કે કટોકટીમાં દેશમાં લોકશાહીની રક્ષા કરવા માટે જે લોકોએ સંઘર્ષ કર્યો છે તેમને નમન. દેશ તેમનાં ત્યાગ અને બલિદાનને ક્યારેય ભૂલશે નહીં. જ્યારે કટોકટી લાદવામાં આવી ત્યારે તેનો વિરોધ ફક્ત રાજકીય નહોતો. જેલના સળિયા સુધી જ આંદોલન મર્યાદિત રહ્યું ન હતું. લોકોનાં મનમાં ભારે આક્રોશ હતો. લોકોના અધિકારો છીનવાઈ જાય ત્યારે લોકશાહીનું મહત્ત્વ સમજાય છે. લોકશાહી આપણી સંસ્કૃતિ છે અને આપણો અમર વારસો છે. આ વારસા સાથે આપણે ઉછર્યા છીએ. અત્રે ઉલ્લેખનીય છે કે ઈન્દિરા ગાંધીએ આજથી બરાબર ૪૫ વર્ષ પહેલાં દેશમાં ઈમરજન્સી લાદી હતી.

## રાતોરાત આખા દેશને જેલ બનાવી દેવાયો હતો : અમિત શાહ

કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે ગાંધી પરિવાર પર પ્રહારો કર્યા હતા. શાહે કહ્યું કે એક રાજવંશ પરિવારની સત્તાની લાલચમાં આખા દેશમાં ઇમરજન્સી લાદવામાં આવી હતી. રાતોરાત આખા દેશને જેલ બનાવી દેવાયો હતો. પ્રેસ, કોર્ટ અને લોકોની બોલવાની આઝાદીને દબાવી દેવામાં આવી હતી. તે વખતે ગરીબો અને સમાજના નબળા વર્ગના લોકો પર અત્યાચાર કરાયા હતા.

## નહેરુ અને ગાંધી પરિવારથી આટલી નફરત શા માટે છે? : કોંગ્રેસ

કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ વળતો હુમલો કરતા કહ્યું કે શાસક પહોવાને નાતે ભાજપએ બતાવવું જોઈએ કે મોદી સરકારને ફક્ત બે વ્યક્તિની સરકાર શા માટે કહેવામાં આવે છે? અન્યને શા માટે કોરણે મૂકવામાં આવે છે? અન્ય રાજ્યોમાં સરકાર તોડી પાડવા અને સત્તા મેળવવા હોર્સ ટ્રેડિંગ શા માટે કરવામાં આવે છે? તમામ સંસ્થાઓને પોતાની સંપત્તિ કેમ સમજવામાં આવે છે? નહેરુ અને ગાંધી પરિવારથી આટલી નફરત શા માટે છે?

# GTAમાં લૉકડાઉન દરમિયાન પ્રસરી વ્રજ કેનેડા દ્વારા સેવાકાર્યોની સુવાસ





ઓન્ટેરિયો : કેનેડાની ભૂમિ પર સેવા, પરોપકાર અને માનવતાની સુવાસ ફેલવાતા ઉત્તમ કર્યોની ઓળખનું કેન્દ્ર વ્રજ કેનેડા કૉમ્યુનિટી સેંન્ટર બની ચૂક્યું છે. ટોરન્ટો જી.ટી.એ. વિસ્તારમાં તારીખ માર્ચ ૨૩થી શરૂ થયેલા લૉકડાઉન દરમિયાન વ્રજ કેનેડા દ્વારા સેવાની સરિતાનો આરંભ થઈ ગયો હતો.

સભ્યો દ્વારા વિદ્યાર્થીઓ, જરૂરિયાતમંદો, કોવિડ પીડિતોને, વૃદ્ધોને પ્રતિદિન આવશ્યકતાનુસાર વિના મૂલ્યે શુદ્ધ તથા સાત્વિક ભોજનના ફૂડ પેકેટ્સ અપાયા હતા. રોજના ૫૦-૧૦૦ ફૂડ પેકેટ્સ કિચેનરથી એજેક્સ સુધી ઘરે ઘરે ફૂડ પેકેટ પહોંચાડવાનું કાર્ય કરવામાં આવ્યું હતુ. વ્રજ કેનેડા દ્વારા સરકારને પૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત વૈશ્વિક શાંતિ, સ્થિરતા તથા પ્રત્યેકના ઉત્તમ સ્વાસ્થ્ય માટે ટેલીફોનીક તથા ઓનલાઈન સત્સંગનો આરંભ તારીખ ૧૫ માર્ચ રવિવારથી થયો હતો.

જે અષાઢી બીજ સુધી ચાલ્યો હતો. કપરા સમયમાં પ્રત્યેકને નિરાશામાંથી બહાર કાઢવા સત્સંગની સાથે જ યોગ સેશન્સનું આયોજન પ્રત્યેક રવિવારે છેલ્લા ચાર સપ્તાહથી ચાલુ છે.

વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે જૂન ૨૧ના પાંચમી વાર વર્ગોનું આયોજન થયું હતુ. સંસ્થાના કાર્યોની નોંધ તાજેતરમાં જ પ્રાદેશિક સરકાર દ્વારા લેવાઈ છે. આ સર્વે કાર્યોમાં રમેશભાઈ ચોટાઈ, અંબરીશભાઈ ઠક્કરના કુશળ નેતૃત્વ તથા ઉત્સાહી સ્વયંસેવકો અને અનુભવીઓનું માર્ગદર્શનમાં વ્રજ કેનેડાની યુવા પાંખના સ્વયંસેવકોનો સહયોગ રહ્યો હતો.

કાર્યક્રમોને જોતાં કેનેડાભરમાં વાનકુંવર, કેલગરી, ઓટ્ટાવામાંથી યુવાઓ તથા સેવાભાવી વ્યક્તિઓ આ સેવાકાર્યોમાં વ્રજ કેનેડા તથા પુષ્ટિયૂથની સાથે જોડાઈ રહ્યા છે.

# શુભ-સારા કામ માટે નીચેના નક્ષત્રો લેવા નહીં

| | નક્ષત્રો | રાશિ | રાશિપતિગ્રહ | નક્ષત્રપતિગ્રહ | દેવતા |
|---|---|---|---|---|---|
| (૧) | અશ્વિની | મેષ રાશિ | મંગળગ્રહ | નક્ષત્રપતિ - કેતુ | અશ્વિનીકુમાર |
| (૨) | ભરણી | મેષ રાશિ | મંગળગ્રહ | નક્ષત્રપતિ - શુક્ર | યજ્ઞ દેવતા |
| (૩) | કૃતિકા | મેષ - વૃષભ | મંગળ, શુક્ર | નક્ષત્રપતિ - સુર્ય | અગ્નિદેવતા |
| (૪) | મૃગશિર્ષ | વૃષભ - મિથુન | શુક્ર બુધ | નક્ષત્રપતિ - મંગળ | સોમ-ચંદ્ર |
| (૫) | આદ્રા | મિથુન - બુધ | | નક્ષત્રપતિ - રાહુ | રૂદ્ર-શિવ |
| (૬) | આશ્લેષા | કર્ક - ચંદ્ર | | નક્ષત્રપતિ - બુધ | નાગ દેવતા |
| (૭) | મઘા | સિંહ - સૂર્ય | | નક્ષત્રપતિ - કેતુ | પિતૃ દેવતા |
| (૮) | જયેષ્ઠા | વૃશ્ચિક - મંગળ | | નક્ષત્રપતિ - બુધ | ઈન્દ્ર દેવતા |
| (૯) | પૂર્વા ફાલ્ગુની | સિંહ - સુર્ય | | નક્ષત્રપતિ - શુક્ર | ભગ દેવતા (ભાગ) |

(૧) **અશ્વિની નક્ષત્ર** માં શુભ - સારા કાર્યો એટલા માટે નહી લેવાના કે મંગળ અને કેતુ બન્ને એક સરખુ ઊગ્ર ફળ આપતા હોય છે. કેતુ ગ્રહને પાપગ્રહ કહેલો છે. જ્યારે તેના દેવતા અશ્વિનીકુમારો જે વિદ્યાર્થીઓ- કર્મકાંડ વેદનું કે પાઠોનું પઠન કરવા માટેનો આ નક્ષત્રનો સમય હોવાથી લગ્ન વિગેરે માટે લેવામાં આવતા નથી.

(૨) **ભરણી નક્ષત્ર** મેષ રાશિમાં સમાવેશ થાય છે. તેનામાં લીડ ગ્રહ મંગળ અને નક્ષત્રપતિ ગ્રહ શુક્ર ઊગ્ર અને કામવાસનાનો સમન્વય થતો હોવાથી અને તેના દેવતા યમ હોવાને કારણે આ નક્ષત્ર સારા કામો માટે લેવાતા નથી.

(૩) **કૃતિકા નક્ષત્ર** જેના સમાવેશ મેષ રાશિ અને વૃષભ રાશિમાં થાય છે. જે વિભાજીત નક્ષત્ર કહેવાય મેષરાશિ મંગળગ્રહની રાશિ અને વૃષભ રાશિ શુક્ર ગ્રહની રાશિ છે. મંગળ ઝડપ કરવાનો ગુણધર્મ ધરાવે છે. જ્યારે શુક્ર ઠંડો ગ્રહ હોવાથી એક બીજાની વિરૂધ્ધ પ્રકૃતિ ધરાવે છે. અને તેના નક્ષત્ર પતિ ગ્રહ સૂર્ય જે તપન કરે છે. અને તેના દેવતા અગ્નિ હોવાથી ખુબ જ તામસી હોવાને કારણે સારા કામોમાં વર્જીત છે.

(૪) **મૃગશિર્ષ નક્ષત્ર** આ નક્ષત્ર વૃષભ રાશિ અને મિથન રાશિમાં આવે છે. વૃષભનો માલિક ગ્રહ- શુક્ર અને મિથુનનો માલિક ગ્રહ બુધ છે. શુક્ર રસ કસનો કારક ગ્રહ (રસજ્ઞ) અને બુધ ગ્રહને યુવા (યુવરાજ) બન્નેવ સમાન વિચારધારા અને મિત્ર ગ્રહો હોવાથી અન્યને મુશ્કેલીમાં મુકતા હોય છે. નક્ષત્ર વિભાજીત રાશિઓમાં થવાથી અને તેના દેવતા ચંદ્ર જે ચંચળ પ્રકૃતિ ધરાવતો હોવાથી શુભ કે સારા કાર્યો માટે નિષેધ ગણવામાં આવેલ છે.

(૫) **આદ્રા નક્ષત્ર** આ નક્ષત્ર મિથુન રાશિમાં આવે છે. જેનો માલિક ગ્રહ-બુધ અને નક્ષત્ર પતિ ગ્રહ રાહુ છે. બુધ યુવા હોવાથી અને રાહુ વાયુ (હવા)ને કારણે સારા કાર્યોમાં ઊતાવળ કરાવે અથવા કાર્ય અધુરૂ મુકીને અન્ય કામ કરવા લાગે છે. જ્યારે તેના દેવતા રૂદ્ર-શિવ જે સંહારક માટે હોવાથી કાર્યમાં વિઘ્ન આવે. કાર્ય પુરૂ થાય નહીં માટે સારા કાર્યો માટે આ નક્ષત્ર લેવાતુ નથી.

(૬) **આશ્લેષા નક્ષત્ર** આ નક્ષત્ર કર્ક રાશિમાં આવે છે. જેનો માલિક ગ્રહ ચંદ્ર છે. ચંદ્રનો ચંચળ ઊતાવળીયો સ્વભાવ હોવાથી કાર્યમાં વિલંબ જરા પણ ચલાવી લેતા નથી. કાર્ય સમયસર - શુઆયોજિત પધ્ધતિસરનું માંગતા હોય છે. અને કોઈની પણ સલાહ કાર્ય વખતે માનતા નથી. જેના દેવતા નાગ જે વાયુભક્ષિ છે. જળ અને વાયુને કારણે વંટોળ લાવતા હોવાથી સારા કાર્યો માટે આ નક્ષત્ર લેવાતું નથી.

(૭) **મઘા** આ નક્ષત્ર સિંહ રાશિમાં આવે છે. જેનો માલિક ગ્રહ સુર્ય છે. જ્યારે નક્ષત્ર પતિ ગ્રહ કેતુ છે. સૂર્ય આત્મકારક પિત પ્રકૃતિ શરીરમાં ઊત્પન્ન કરે, જ્યારે કેતુ વાયુ પ્રકૃતિ ઊત્પન્ન કરે, બન્ને વિરોધાભાસ પ્રકૃતિ હોવાથી શારીરિક તકલીફ સારા કાર્યમાં ઊત્પન્ન થાય છે. જ્યારે નક્ષત્રના દેવતા પિતૃ હોવાથી તર્પણ કાર્યમાં લઈ શકાય. પરંતુ શુભ કાર્યમાં આ નક્ષત્ર લઈ શકાતુ નથી.

(૮) **જયેષ્ઠા નક્ષત્ર** આ નક્ષત્ર વૃશ્ચિક રાશિમાં આવે છે. વૃશ્ચિક રાશિનો માલીક ગ્રહ મંગળ છે. રાશિ ચિન્હ વિંછી છે. જેના દેવતા ઈન્દ્ર છે. મંગળને ભૂમિ પુત્ર પણ કહે છે. જેની પ્રકૃતિ પિત્ત હોવાથી યજ્ઞ સમયે જાતકને પિત્ત પ્રકોપ વધી જાય છે. જાતકને તેનાથી માથાનો અને છાતિમાં બળતરા વધુ પ્રમાણમાં થતી હોવાથી તથા દેવોના રાજા ઈન્દ્રનું આધિપત્યને કારણે જાતક અનેક પ્રકારની ભુલો કરે છે. માટે સારા કામમાં આ નક્ષત્ર લેવાતું નથી.

(૯) **પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર** આ નક્ષત્ર સિંહ રાશિમાં આવે છે. જેનો માલીક ગ્રહ સુર્ય છે. જ્યારે નક્ષત્રપતિ ગ્રહ શુક્ર છે. દેવતા ભગ છે. સૂર્ય-શુક્ર બન્ને એક બીજાના શત્રુ છે. બન્નેના ગુણધર્મો અલગ-અલગ હોવાથી અને દેવતા ભગ હોવાથી સારા કાર્યોમાં વિઘ્ન આવે છે. કાર્ય સરળતાથી પુરૂ થતુ નથી. સૂર્યનું તત્વ અગ્નિ છે જ્યારે શુક્રનું તત્વ જળ છે. અગ્નિ અને જળને બનતુ નથી. બંને વિરોધાભાષી હોવાથી સારા કાર્યમાં આ નક્ષત્ર લેવાતુ નથી.

જણાવેલ “ ૯ ” નક્ષત્રો કોઈપણ શુભ કે સારા કાર્યો માટે નહીં લેવા જોઈએ તેના કારણો સહિત પૂર્ણ અભ્યાસ કરીને જણાવેલ છે. કુલ “૨૭” નક્ષત્રોમાંથી “૯” નક્ષત્રો વર્જીત થતા ફક્ત “૧૮” નક્ષત્રો સારા-શુભકાર્ય અને અન્ય કાર્યો માટે ઉપયોગમાં લેવાતા હોય છે.

મૃત્યુ - સુતક જન્મ સમયે વર્ધી પડેલ હોય. બિમારી હોય અતિ વૃધ્ધા અવસ્થા હોય ત્યારે કોઈપણ નક્ષત્રનો દોષ લાગતો નથી અને જે તે ઊપર જણાવેલ કાર્યો કરી શકાય છે. અથવા નક્ષત્રનો જેટલો સમય છે તે જવા દેવો જોઈએ પછીકાર્ય કરી શકાય છે.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------

**બીપીન એસ્ટ્રોલોજર**

૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા

Whatsapp No. 98790 87511

Time : 10.00 am to 6.00 pm

# દેશમાં રેકોર્ડબ્રેક નવા ૧૬૯૨૨ કેસ, ૪૧૮નાં મોત

**૨૭૧૬૯૭ લોકો સાજા થયા, દેશમાં સાજા થનારાઓનો દર હવે ૫૭.૪૨ ટકા પર પહોંચી ગયો, મૃત્યુ આંક ૧૪,૮૯૪ પર પહોંચ્યો**

નવી દિલ્હી : ભારતમાં કોરોનાના ચેપગ્રસ્તોનો આંક સતત વધતો જઈ રહ્યો છે. દેશભરમાં કુલ ચેપગ્રસ્તોની સંખ્યા ૪,૭૩,૧૦૫ પર પહોંચી ચૂકી છે. વિતેલા ૨૪ કલાકની વાત કરીએ તો દેશમાં ૧૬,૯૨૨ નવા દર્દીઓ નોંધાયા છે. જ્યારે ૪૧૮ લોકોના મોત નિપજ્યા છે. તેની સાથે ભારતમાં ખતરનાક વાયરસથી જીવ ગુમાવનારાઓની સંખ્યા ૧૪,૮૯૪ પર પહોંચી છે. કોવિડ-૧૯ના વાયરસને અત્યાર સુધીમાં ૨,૭૧,૬૯૭ લોકો મ્હાત કરવામાં સફળ રહ્યા છે. તેની સાથે દેશમાં સાજા થનારાઓનો દર ૫૭.૪૨ ટકા પર પહોંચી ગયો છે. જે એક રીતે આંશિક રાહતની પણ વાત છે. દેશભરમાં તા.૨૪મી જૂને ૨,૦૭,૮૭૧ કોરોનાના ટેસ્ટ કરવામાં આવ્યા અને પોઝીટીવિટી રેટ ૮.૧૪ ટકાનો રહ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ૭૫,૬૦,૭૮૨ ટેસ્ટ કરવામાં આવી ચૂક્યા છે. દેશભરમાં કોરોનાનો સૌથી વધુ પ્રકોપ મહારાષ્ટ્ર રાજ્યમાં જોવા મળી રહ્યો છે. જ્યારે દિલ્હી પણ બીજા નંબરે રહ્યું છે. મહારાષ્ટ્રમાં કોરોનાના કેસોની સંખ્યા ૧,૪૨,૯૦૦ છે. તેમાંથી



૭૩,૭૯૨ લોકો સાજા થઈ ચૂક્યા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કોરોનાના ચેપથી ૬,૭૩૯ લોકોના મોત નિપજ્યા છે. કોરોનાના સક્રિય કેસોની સંખ્યા રાજ્યમાં ૬૨,૩૬૯ની છે. દિલ્હીમાં કોરોનાના કેસોની સંખ્યા ૭૦,૩૯૦ છે. તેમાંથી ૪૧,૪૩૭ લોકો કોરોનાને મ્હાત કર્યો છે. કોવિડ-૧૯થી દિલ્હીમાં ૨૩૬૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. દેશની રાજધાનીમાં કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ૨૬,૫૮૮ છે. દિલ્હીની જેમ મુંબઈમાં પણ કોરોનાના કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. કોરોનાના કહેરને લઈ તામિલનાડુ ત્રીજા નંબરે રહ્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૬૭,૬૬૮ દર્દીઓ નોંધાયા છે. તેમાંથી ૩૭,૭૬૩ લોકો સાજા થયા છે. રાજ્યમાં વાયરસથી ૮૬૬ લોકોના મોત થયા છે અને સક્રિય કેસોની સંખ્યા ૨૮,૮૩૯ છે. ગુજરાત, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં પણ કોરોનાના પ્રકોપ દિનપ્રતિદિન વધતો જઈ રહ્યો છે. જ્યારે મધ્યપ્રદેશના ભોપાલ તેમજ ઈન્દોરમાં કોવિડ-૧૯ના કહેરથી રોજબરોજ ચેપગ્રસ્તોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

## મહારાષ્ટ્રમાં વધુ ૨૦૮ લોકોના મોત, નવા ૩૮૯૦ કેસ નોંધાયા

મહારાષ્ટ્રમાં કોરોનાનું રૌદ્ર સ્વરૂપ અવિરત છે. આ સંકટ ટળવાનું નામ લેતું નથી. દરરોજ દરદીની સંખ્યા અને મૃતકોનો આંક વધી રહ્યો છે. તો બીજી તરફ મહારાષ્ટ્રમાં દરદીઓ સ્વસ્થ થવાનો પણ આંક ળદી રહ્યો છે. રાજ્યમાં આજે ચાર હજારથી વધુ દરદી સાજા થયા હોવાનો રેકોર્ડ છે. પણ આજે કોરોનાએ મહારાષ્ટ્રમાં ૨૦૮ જણનો ભોગ લીધો છે અને કોરોનાના નવા ૩૮૯૦ દરદી નોંધાયા છે. પરિણામે અત્યાર સુધી કોરોનાગ્રસ્તોનો આંક ૧,૪૨,૯૦૦ સુધથી પ હોંચ્યો છે અને મહારાષ્ટ્રમાં મરણાંક ૬૭૩૯ સુધી પહોંચ્યો છે. જ્યારે રાજ્યમાં અત્યાર સુધી ૭૩,૭૯૨ દરદીઓ સાજા થયા છે. જ્યારે મુંબઈમાં આજે ૩૮ દરદીએ જીવ ગુમાવ્યા છે અને કોરોનાના નવા ૧૫૫૨ દરદી નોંધાતા અત્યાર સુધી મુંબઈમાં કોરોનાના દરદીની સંખ્યા ૬૯,૫૨૮ થઈ છે. મુંબઈમાં મરણાંક ૩૯૬૪ થયો છે. આ સિવાય મહારાષ્ટ્રના ગામડા અને શહેરોમાં પણકોરોનાએ મજબૂત પગપેસારો કર્યો છે અને દરદીઓની તથા મૃતકોની સંખ્યા વધે છે. થાણેમાં ૨૬,૨૮૦ દરદી, પુણેમાં ૧૭,૪૪૫ દરદી, નાશિકમાં ૩૧૦૪ અને ઔરંગાબાદમાં ૩૮૬૭ દરદી નોંધાયા છે. મહારાષ્ટ્રમાં આજે ૪૧૬૧ દરદીઓ સ્વસ્થ થતાં તેઓને હોસ્પિટલથી ડિસ્ચાર્જ અપાયા હતા. આથી અત્યાર સુધી મહારાષ્ટ્રમાં ૭૩,૭૯૨ દરદી સાજા થયા છે. એટલે કે કોરોના મુક્ત થયા છે. આમ મહારાષ્ટ્રના કુલ દરદીઓ પૈકી ૫૧.૬૪ દરદી કોરોનામુક્ત થયા છે. જ્યારે મહારાષ્ટ્રમાં મરણાંક ૪.૭૨ ટકા છે, એમ રાજ્યના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ જણાવ્યું હતું.

## નવી દિલ્હીમાં ૨૪ કલાકમાં ૩૭૮૮ નવા કેસ, દર્દીઓની સંખ્યા ૭૦ હજારને પાર

નવી દિલ્હી : દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૭૮૮ નવા કેસ સામે આવ્યા છે અને ૬૮ લોકોના મોત થયાં છે. આ સાથે હવે રાજધાનીમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૭૦,૩૯૦ થઈ ગઈ છે. રાજ્યમાં કોરોનાથી થનારા મોતની સંખ્યા ૨૩૬૫ થઈ ગઈ છે. ઉલ્લેખનિય છે કે મંગળવારે દિલ્હીમાં સૌથી વધારે ૩૯૪૭ કેસ આવ્યા હતા. ગત કેટલાંક દિવસોથી દિલ્હીમાં ત્રણ હજારથી વધારે કેસો આવી રહ્યાં છે. દિલ્હીના રાવલનગરથી ધારાસભ્ય અને ભાજપના નેતા મોહન સિંહ બિષ્ટ કોરોના સંક્રમિત થયા છે. પરિવારે તેમને એમ્સમાં એડમિટ કર્યા છે. પરિવાર પ્રમાણે હાલ તેમની સ્થિતિ સ્થિર છે. દિલ્હીમાં તિગડી એસએચઓ સહિત કુલ ૧૦ પોલીસકર્મી કોરોના સંક્રમિત થઈ ગયા છે. તેમની સારવાર ચાલી રહી છે. જ્યારે સેનિટાઈઝેશન માટે એસએચઓના રૂમ બંધ કરી દેવામાં આવ્યા છે. આ સિવાય દિલ્હીના પોશ વિસ્તાર તરીકે ઓળખાતા વસંત કુંજમાં એક દિવસમાં ૧૫ કોરોના પોઝિટિવ કેસ આવ્યા છે. મંગળવારે સાંજે એમ્બ્યૂલન્સ સંક્રમિતોને લેવા આવી પરંતુ સંક્રમિતો જવા તૈયાર નહોતા. આ ડ્રામા કલાકો સુધી ચાલ્યા બાદ અંતે વસંત કુંજના એસએચઓ પીપીઈ કિટ પહેરીને ઘટના સ્થળે પહોંચ્યા અને લોકોને અપીલ કરી. જે બાદ રાત્રે ૧૦ વાગ્યે સંક્રમિતોને ક્વોરન્ટિન સેન્ટર લઈ જવાયા હતા.



## હવે ભારતે તૈયાર કર્યું સૌથી સસ્તુ વેન્ટિલેટર 'પ્રાણવાયુ'

નવી દિલ્હી : સમગ્ર દેશમાં સ્વદેશી અપનાવવાની માગ વચ્ચે એક સારા સમાચાર સામે આવ્યા છે. ભારતે કોરોના વાઈરસ સામે લડવા માટે સૌથી સસ્તુ વેન્ટિલેટર તૈયાર કરી લીધુ છે. દેશમાં વધતા કોરોના વાઈરસના દર્દીઓ વચ્ચે આઈઆઈટી રૂડકી અને એઈમ્સ ઋષિકેશએ ઘણુ જ સસ્તુ વેન્ટિલેટર તૈયાર કરવાનુ કામ કરી બતાવ્યુ છે. એન્જિનિયર અને ડોક્ટરની ટીમે પૂર્ણ સ્વદેશી વેન્ટિલેટર પ્રાણવાયુ તૈયાર કરી લીધુ છે. એઈમ્સ ઋષિકેશના ડાયરેક્ટરે જાણકારી આપતા કહ્યુ કે લગભગ અઢી મહિના પહેલા વેન્ટિલેટરને ટેકનિકલી વિકસિત કરવામાં આવ્યુ હતુ. પૂર્ણ સ્વદેશી વેન્ટિલેટર પ્રાણવાયુ એઈમ્સ ઋષિકેશમાં થયેલા પરીક્ષણમાં સફળ થયુ છે. એઈમ્સ ડાયરેક્ટરે આગળ જણાવ્યુ કે આ વેન્ટિલેટરની કિંમત માત્ર ૨૫-૩૦ હજાર રૂપિયા વચ્ચે હશે. આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા એક અન્ય અધિકારીએ જણાવ્યુ કે પૂર્ણ સ્વદેશી વેન્ટિલેટર પ્રાણવાયુ મેક ઈન ઈન્ડિયા હેઠળ તૈયાર કરવામાં આવ્યુ છે. આ વેન્ટિલેટરના તમામ ભાગ અને તકનીક પણ સ્વદેશી છે. આઈઆઈટી રૂડકી અને એઈમ્સ ઋષિકેશના સંયુક્ત તત્વાધાનમાં વિકસિત આ વેન્ટિલેટર પ્રાણવાયુનો ત્યારથી એઈમ્સ ઋષિકેશમાં પ રીક્ષણ કરવામાં આવી રહ્યુ હતુ અને આ વેન્ટિલેટર દરેક પ્રકારના ચિકિત્સકીય પરીક્ષણમાં સમગ્રરીતે સફળ થયુ છે. નવુ વેન્ટિલેટર એવા સમયમાં તૈયાર કરવામાં આવ્યુ છે જ્યારે ભારતમાં કોરોના વાઈરસના મામલે સતત વધારો થઈ રહ્યો છે.

## ખાંસી, તાવ કોરોનાના મુખ્ય લક્ષણો હોવાની પુષ્ટિ : બ્રિટન યુનિવર્સિટી

કોરોનાના મુખ્ય લક્ષણોમાં ખાંસી અને તાવ હોવાની પુષ્ટિ એક સ્ટડીમાં થઈ છે. તાજેતરમાં થયેલા સ્ટડીના મુખ્ય સાર અનુસાર આ બંને લક્ષણો સિવાય કોરોના વાયરસના બીજા લક્ષણોમાં થાક, ગંધ આવવી નહીં, શ્વાસ લેવામાં તકલીફ પડવી જેવા લક્ષણો સામેલ છે. જર્નલ 'પીએલઓએસ વન'માં પ્રકાશિત સ્ટડીમાં એ લક્ષણોની પષ્ટિ કરાઈ છે, આ લક્ષણોને ડબ્લ્યુએચઓએ આ બીમારીની શરુઆતમાં સૂચિબદ્ધ કર્યા છે. આ સ્ટડી રિપોર્ટ તૈયાર કરવામાં બ્રિટનની યુનિવર્સિટી ઓફ લીડ્સના સંશોધકો સામેલ છે. આ સંશોધકોએ ૯ દેશોના ૨૪૦૦૦થી વધુ દર્દીઓ દ્વારા અનુભવ કરાયેલા સામાન્ય લક્ષણોની ઓળખ કરવા માટે ૧૪૮ વિવિધ સ્ટડીના આંકડા સંકલિત કર્યા છે.

## હવે કોરોનાનાં લક્ષણ ધરાવતા દરેક વ્યક્તિની તપાસ થશે : આઈસીએમઆર

કોરોનાથી સંબંધિત તપાસની સીમા વધારતા ઇન્ડિયન મેડિકલ રિસર્ચ કાઉન્સિલએ બુધવારે કહ્યું કે હવે દેશભરમાં કોવિડ-૧૯ના લક્ષણ ધરાવતા દરેક વ્યક્તિની તપાસ સુવિધા વ્યાપક સ્તર પર ઉપલબ્ધ કરાશે. તપાસને લઈને આઈસીએમઆર દ્વારા ગત ૨૩ જૂને જાહેર કરેલાં એક સંશોધિત પરામર્શમાં કહેવાયું છે કે, ' ચેપ રોકવો અને લોકોના જીવ બચાવવાનો એક માત્ર ઉપાય છે કે અમે તપાસ કરીએ, ચેપના કારણ શોધીએ અને ફરી સારવાર કરીએ. એટલા માટે દેશના દરેક ખૂણામાં લક્ષણ ધરાવતા લોકો માટે તપાસ સુવિધા વ્યાપક સ્તર પર ઉપલબ્ધ કરાવવામાં આવે. આ સાથે જ ચેપના કારણોને શોધીને તેનો ફેલાવો રોકવા સંબધિત પ્રક્રિયા વધુ મજબૂત કરવી પડશે.

## કોરોનાથી ૧ લાખની વસતીએ ૧ મોત, વિશ્વમાં સૌથી નીચો મૃત્યુદર

નવી દિલ્હી : ભારતમાં કોરોના વાઈરસથી કુલ મૃત્યુઆંક ૧૪,૪૦૦થી વધુ થયો છે અને કુલ મૃત્યુના સંદર્ભમાં ભારત વિશ્વમાં આઠમા ક્રમે છે ત્યારે કેન્દ્ર સરકારે દાવો કર્યો હતો કે ભારતમાં પ્રતિ એક લાખની વસતીએ કોરોનાથી માત્ર એક વ્યક્તિનું મોત થાય છે અને ભારતમાં કોરોનાથી મૃત્યુદર સૌથી નીચો છે જ્યારે વિશ્વમાં કોરોનાનો મૃ ત્યુદર સરેરાશ ૬.૦૪ છે.

પીટીઆઈની રાજ્યવાર ટેલી મુજબ દેશમાં મંગળવારે એક દિવસમાં ૧૪,૬૯૫ નવા કેસ નોંધાયા હતા જ્યારે વધુ ૪૬૪નાં મોત થયા હતા. આ સાથે કોરોનાના કુલ કેસની સંખ્યા ૪,૪૬,૭૮૭ થઈ છે જ્યારે મૃત્યુઆંક ૧૪,૪૭૧ થયો છે. જોકે, અત્યાર સુધીમાં કોરોનાના ૨,૪૭,૭૪૮ દર્દી સાજા થઈ ગયા છે. ભારતમાં રિકવરી રેટ ૫૭.૬૮ ટકા છે. ભારતમાં કોરોનાના કેસમાં નોંધપાત્ર વધારો નહીં થયો હોવાના સરકારના દાવા વચ્ચે દિલ્હીમાં કોરોનાની સ્થિતિ સતત કથળી રહી છે. દિલ્હીમાં સતત બીજા દિવસે કોરોનાના કેસ એક દિવસમાં સૌથી વધુ ૩,૯૪૭ વધ્યા હતા. આ સાથે દિલ્હીમાં કોરોનાના કુલ ૬૬,૬૦૨ કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક ૨,૩૦૧ થયો છે.

## મુંબઈ IITમાં એક વર્ષ માટે લેક્ચર રદ થયા

કોરોનાની બીમારીને પગલે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીએ સમગ્ર વર્ષ માટે ફેસ-ટુ-ફેસ લેક્ચર્સ રદ કરવાનો નિર્ણય લીધો છે. આ લેક્ચર્સ ઓનલાઈન મોડમાં લેવાશે. આવી મહત્વપર્ણ જાહેરાત કરનાર આઈઆઈટી મુંબઈ દેશની સૌપ્રથમ મોટી અને ખ્યાતનામ શિક્ષણ સંસ્થા છે. આઈઆઈટી બોમ્બેના ડાયરેક્ટર પ્રોફેસર સુભાશીષ ચૌધરીએ બુધવારે રાત્રે ફેસબુક પર એક પોસ્ટ લખીને આ માહિતી આપી છે. તેમણે કહ્યું કે ખૂબ સમજી-વિચારીને વિદ્યાર્થીની સુરક્ષા અને હિતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. પ્રો.સુભાશીષ ચૌધરીએ ફેસબુક પોસ્ટમાં લખ્યું કે આઈઆઈટી-મુંબઈ માટે વિદ્યાર્થીઓ પ્રાથમિકતા છે.

## કર્ણાટકમાં ફરી લોકડાઉન, કોરોના અટકાવા સીએમએ આપ્યાં આદેશ

બેંગ્લુર : કર્નાટકમાં કોરોના વાઈરસના વધી રહેલા સંક્રમણને પગલે રાજ્યના મુખ્યમંત્રી વીએસ યેદીયુરપ્પાએ ક્લસ્ટર વિસ્તારમાં લોકડાઉન લાગુ કરવાના આદેશ આપ્યાં છે. સાથે આર્થિક ગતિવિધિમાં કોઈ બાધા ન પહોંચે તેનું ખાસ ધ્યાન રાખવા અધિકારીઓને કહ્યું છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળમાં કોરોનાના કેસો ઘણાં ઝડપથી વધી રહ્યાં છે. આ કારણ પ.બંગાળ સરકારે ફરીવાર રાજ્યમાં લોકડાઉન લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે. હવે પશ્ચિમ બંગાળમાં ૩૧ જુલાઈ સુધી લોકડાઉન લાગૂ રહેશે. યેદીયુરપ્પાએ સોમવારના રોજ બેંગ્લુરમાં કોરોનાના સંક્રમણને અટકાવવા મંત્રીઓ અને અધિકારીઓ સાથે મીટિંગ કરી હતી. જેમાં લોકડાઉન સહિતના પગલા ભરવા અધિકારીઓને આદેશ આપ્યાં. બેંગલુરૂમાં ક્લસ્ટર જાહેર કરાયેલા વિસ્તારમાં સૌથી વધારે કેસ સામે આવ્યાં છે. શહેરના સિદ્દાપુરા, વીવીપુર અને કાલાસિપલ્યા વિસ્તારમાં કડકાઈથી લોકડાઉનનો અમલ કરવા તાકીદ કર્યો છે. સાથે જ જે વિસ્તારમાં કોરોનાના કેસ સામે આવ્યાં છે તેની આસપાસના રોડને બંધ કરી દેવા અને ક્વોરન્ટાઈનનો ભંગ કરનારની સામે કડક પગલા ભરવવામાં અને FIR નોંધી ગુનો દાખલ કરવામાં આવશે.

# પતંજલિની કોરોનાની દવા 'કોરોનિલ' સામે સરકારને વાંધો

## યોગગુરૂ બાબા રામદેવે કોરોનાને માત આપનારી દવા 'કોરોનિલ'ને લોન્ચ કરી : ૧૦૦ પરિણામ મળવાનો દાવો

નવી દિલ્હી : દેશમાં જ્યારે કોરોના મહામારી પોતાના પગ પસારી રહી છે અને દરરોજ ૧૫ હજાર કેસ સામે આવી રહ્યા છે આવા સમયે વધુ એક ચર્ચાએ જોર પકડ્યું છે. મંગળવારનાં યોગગુરૂ બાબા રામદેવે કોરોનાને માત આપનારી દવા 'કોરોનિલ'ને લૉન્ચ કરી હતી. રામદેવે દાવો કર્યો કે આ દવા કોરોનાને માત આપે છે અને આનું રિઝલ્ટ ૧૦૦ ટકા છે, પરંતુ સાંજ થતા-થતા જ આયુષ મંત્રાલયે એક નિવેદન જાહેર કરતા આ દવાનાં પ્રચાર પર પ્રતિબંધ લગાવી દીધો અને પતંજલિ પાસે સંપૂર્ણ જાણકારી માંગી. એટલે કે મંત્રાલયે હજુ દવાને મંજૂરી નથી આપી.




### આયુષ મંત્રાલય હરકતમાં

બાબા રામદેવની આ જાહેરાતનાં થોડાક કલાક બાદ જ આયુષ મંત્રાલયનાં એક નિવેદનમાં તમામ પ્રશ્નો ઉભા થઈ ગયા. ફક્ત ૭ દિવસમાં કોરોનાનાં ઇલાજનાં દાવા પર આયુષ મંત્રાલય હરકતમાં આવી ગયું અને આ વાતને ધ્યાને લેતા કહ્યું કે તેમને આ પ્રકારની દવાની કોઈ જાણકારી નથી.

### ઉત્તરાખંડ સરકારની પતંજલિને નોટિસ

બાબા રામદેવની આર્યુવેદ કંપની પતંજલિએ કોરોનાની દવા શોધ્યાનો દાવો કર્યો એ પછી પરવાનગીનો વિવાદ ખડો થયો છે. ઉત્તરાખંડના આયુર્વેદ વિભાગે બાબા રામદેવને નોટિસ ફટકારી છે. રાજસ્થાન સરકાર બાદ મહારાષ્ટ્ર સરકારે પણ પ્રતિબંધ મૂકી દીધો છે. મહારાષ્ટ્ર સરકારના ગૃહમંત્રી અનિલ દેશમુખે કહ્યું કે કોરોનિલના ક્લીનિકલ ટ્રાયલ અંગે હજુ કોઇ પુખ્તા માહિતી નથી એવામાં મહારાષ્ટ્રમાં આ દવાના વેચાણ પર પ્રતિબંધ રહેશે.

### તમામ ગાઇડલાઇનનું પાલન કરવામાં આવ્યું : પતંજલિ

પતંજલિ તરફથી જવાબમાં કહેવામાં આવ્યું છે કે, આ સરકાર આયુર્વેદને પ્રોત્સાહન આપનારી છે. જે કૉમ્યુનિકેશન ગેપ હતો તે દૂર થઈ ગયો છે અને Randomised Placebo Controlled Clinical Trialsનાં જેટલા પણ Standard Parameters છે તે બધાને ૧૦૦ ટકા પૂર્ણ કરવામાં આવ્યા છે. આની જાણકારી આયુષ મંત્રાલયને આપવામાં આવી છે. બીજી તરફ બાબા રામદેવનું પણ કહેવું છે કે દવાનાં રિસર્ચમાં તમામ ગાઇડલાઇનનું પાલન કરવામાં આવ્યું છે, ત્યારબાદ દવાને બજારમાં લાવવામાં આવી રહી છે.

# પીએમ કેર ફંડમાથી ૫૦,૦૦૦ વેન્ટિલેટર બનાવવામાં આવશે

નવી દિલ્હી : કોરોના વાઈરસની મહામારીને જોતા બનાવવામા આવેલા પીએમ કેર ફંડમાથી સરકારે ૨૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. પીએમ કેર તરફથી અને તેના સિવાય ૧૦૦૦ કરોડ રૂપિયા પ્રવાસી શ્રમિકો માટે પણ ફાળવવામા આવ્યા. કોરોના વાઈરસની સામે જાહેર કરેલી લડાઈમા આ ૫૦,૦૦૦ વેન્ટિલેટરને કેન્દ્ર શાસિત પ્રદેશ અને રાજ્ય સરકારની સરકારી હોસ્પિટલને આપવામા આવશે. જ્યાં કોરોના વાઈરસના દર્દીઓની સારવાર ચાલુ છે. પીએમઓ દ્વારા જાહેર કરવામા આવેલા નિવેદન મુજબ, તેમાથી ૩૦,૦૦૦ વેન્ટિલેટરનુ નિર્માણ ભારત ઈલેકટ્રોનિક્સએ જાહેર કરવામા આવશે. જો કે ૨૦,૦૦૦ વેન્ટિલેટરને એગ્વા હેલ્થકેર્સ છસ્ઢ બેસિક સહિત બીજી દેશી કંપનીઓ બનાવશે. આ ૫૦,૦૦૦માથી અત્યાર સુધીમા ૨૯૨૩ વેન્ટીલેટર બનાવી લીધા છે, જેમા ૧૩૪૦ વેન્ટીલેટરતો રાજ્યોને ફાળવી દીધા છે. જેમકે, મહારાષ્ટ્રને ૨૭૫, દિલ્હીને ૨૭૫, ગુજરાતને ૧૭૫, બિહારને ૧૦૦, કર્ણાટકને ૯૦ અને રાજસ્થાનને ૭૫ વેન્ટીલેટર આપવામા આવ્યા છે, જુન મહિનાના આખરમા વધુ ૧૪,૦૦૦ વેન્ટીલેટર રાજ્યોને આપવામા આવશે.

# મહારાષ્ટ્રની શિવસેના સરકારે ૫૦૦૦ કરોડના ચીનના ત્રણ પ્રોજેક્ટો અટકાવ્યા

મુંબઇ : કેન્દ્ર સરકાર બાદ હવે મહારાષ્ટ્રની ઉદ્ધવ ઠાકરે સરકારે ચીનની ત્રણ કંપનીઓ સાથે થયેલા કરારને રોકી દીધા છે. મેગ્નેટિક મહારાષ્ટ્ર ૨.૦ સમિટમાં રાજ્ય સરકારે ત્રણ ચીની કંપનીઓની સાથે ૫૦૦૦ કરોડના રોકાણના પ્રોજેક્ટ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. મહારાષ્ટ્રના ઉદ્યોગ મંત્રી સુભાષ દેસાઈએ કહ્યું કે, અમે આ નિર્ણય કેન્દ્ર સરકાર સાથે વિચારવિમર્શ બાદ કર્યો છે. તેમણે જણાવ્યું કે, ભારત – ચીન સરહદે ૨૦ ભારતીય સૈનિકોની હત્યા પહેલાં આ સમજુતી ઉપર હસ્તાક્ષર થયા હતા. તેમણે જણાવ્યું કે વિદેશ મંત્રાલયે ચીનની કંપનીઓ સાથે કોઇ પણ અન્ય સમજુતી ઉપર હસ્તાક્ષર નહીં કરવા રાજ્ય સરકારને સલાહ આપી છે. તેમણે જણાવ્યું કે, મેગ્નેટિક મહારાષ્ટ્ર ૨.૦ સમિટમાં રાજય સરકારે વિવિધ કંપનીઓ સાથે ૧૬૦૦૦ કરોડથી વધુના કરાર કર્યા હતા, જેમાં ચીની કંપનીઓ પણ હતી.

### સૈન્યના બુલેટપ્રૂફ જેકેટનો ઓર્ડર સરકાર રદ કરશે ?

ચીનની સરહદે તણાવનો જવાબ આપવાના હેતુથી કેટલાય સરકારી વિભાગોએ ચીનથી આયાત ઓછી કરી નાંખી છે, ત્યારે ગૃહ મંત્રાલય એક કંપની પાસેથી ૫૦૦૦૦ બુલેટપ્રૂફ જેકેટ્સને ખરીદવાની તૈયારી કરી રહ્યું છે, એ સોદાનું શું થાય તેના ઉપર સૌની નજર છે કેમકે એ બુલેટપ્રૂફ જેકેટમાં ચીની સામાગ્રીનો ઉપયોગ કરાશે.એક મીડિયાના હેવાલ મુજબ જેકેટ્સ તૈયાર કરનારા વેન્ડર કાચી સામગ્રી પશ્ચિમી દેશો પાસેથી ખરીદવાને બદલે ચીનથી જ આયાત કરવા માંડયો છે. એ બાદ પણ ૧૮૦૦૦૦ જેકેટ્સનો ઓર્ડર આપનારા સંરક્ષણ મંત્રાલય હજુ એ સોદા અંગે કોઇ નિર્ણય લીધો નથી.

# રિલાયન્સ રૂ.૧૧.૪૩ લાખ કરોડ માર્કેટ કેપ હાંસલ કરનાર ભારતની પ્રથમ કંપની

મુંબઈ : રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ આજે-સોમવારે રૂ.૧૧,૪૩,૬૬૭ કરોડનું એટલે કે ૧૫૦ અબજ ડોલરનું માર્કેટ કેપિટલાઈઝેશન હાંસલ કરનાર ભારતની પ્રથમ કંપની બની છે.

કંપનીના શેરનો ભાવ આજે સવારે ખુલતાની સાથે રૂ.૧૮૦૪.૧૦ની નવી ઐતિહાસિક ઊંચાઈ બનાવતાં માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૨૮,૨૪૮.૯૭ કરોડ વધીને એક તબક્કે રૂ.૧૧,૪૩,૬૬૭ કરોડની નવી ઊંચાઈને આંબી ગયું હતું. જે ડોલરમાં ૧૫૦ અબજ ડોલરની સપાટીને પાર કરી ગયું હતું. અલબત કંપનીના શેરમાં ઉછાળે આજે નફારૂપી વેચવાલી નીકળતાં શેર બીએસઈ પર અંતે રૂ.૧૨ ઘટીને રૂ.૧૨.૩૦ ઘટીને રૂ.૧૭૪૭.૨૦ બંધ રહ્યો હતો. જે ભાવ મુજબ આજે બંધ ભાવે માર્કેટ કેપિટલાઈઝેશન અંતે રૂ. ૧૧,૦૭,૬૨૦.૫૬ કરોડનું રહ્યું છે. એનએસઈ પર શેરનો ભાવ ઉપરમાં રૂ.૧૮૦૪.૨૦ નવો વિક્રમ રચી અંતે રૂ.૧૭૫૨.૫૦ રહ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર મુકેશ અંબાણીએ ગત સપ્તાહના અંતે જ કંપની પૂર્ણપણે ડેટ ફ્રી બન્યાનું જાહેર કર્યું હતું. કંપનીએ વૈશ્વિક રોકાણકારો પાસેથી તેના જિઓ પ્લેટફોર્મ્સ સાહસમાં રૂ.૧.૧૫ લાખ કરોડ અને રાઈટ ઈસ્યુ થકી રૂ.૫૩,૧૨૪.૨૦ કરોડથી વધુ રકમ એકત્ર કરી કુલ રૂ.૧.૬૯ લાખ કરોડ બે મહિનામાં જ મેળવ્યા હતા. કંપનીનું ચોખ્ખું દેવું ૩૧,માર્ચ ૨૦૨૦ના અંતે રૂ.૧,૬૧,૦૩૫ કરોડનું હતું.

# હવે ખાનગી કંપનીઓ પણ રોકેટ અને સેટેલાઈટ્સ બનાવી શકશે

નવી દિલ્હી : ભારતના સ્પેસ ક્ષેત્રમાં એક ધરખમ સુધારારૂપે રોકેટો, સેટેલાઈટ્સ બનાવવા અને લોન્ચ સેવાઓ જેવી અવકાશી પ્રવૃત્તિઓમાં ખાનગી ક્ષેત્રને મંજૂરી અપાશે તેમ ઈસરોના વડા કે સિવાને જણાવ્યું છે. આને એક ધરખમ સુધારા તરીકે ગણાવતાં સિવાને કહ્યું હતું કે ખાનગી ક્ષેત્ર ઈસરોના આંતર-પ્લેનેટરી મિશનોના પણ ભાગ હોઈ શકે છે. ઉલ્લેખનીય છે કે કેબિનેટે બુધવારે પ્લેનેટરી એક્સ્પ્લોરેશન મિશન્સ સહિત સ્પેસની પ્રવૃત્તિઓની હાલની રેન્જમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને બહાલી આપી હતી.

ખાનગી ક્ષેત્રને રોકેટો, સેટેલાઈટ્સ બનાવવા જેવી સ્પેસની પ્રવૃત્તિઓ હાથ ધરવા અને કોમર્શિયલ આધારે લોન્ચ સેવાઓ પૂરી પાડવા સક્ષમ બનાવાશે. ઓનલાઈન બ્રીફિંગમાં સિવાને કહ્યું હતું કે 'ખાનગી ક્ષેત્ર ઈસરોના ઈન્ટરપ્લેનેટરી મિશન્સના ભાગ હોઈ શકે છે. કેટલીક તકોની જાહેરાતો થકી આનું આયોજન થઈ રહ્યું છે.' જોકે તેમણે ઉમેર્યું હતું કે ઈસરોની પ્રવૃત્તિઓ ઘટવાની નથી અને તે એડવાન્સ્ડ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, ઈન્ટર-પ્લેનેટી અને હ્યુમન સ્પેસ ફ્લાઈટ મિશન્સ સહિત સ્પેસ આધારિત પ્રવૃત્તિઓ હાથ ધરવાનું ચાલુ રાખશે.

# જમ્મુ કાશ્મીરના બારામુલ્લામાં લશ્કર-એ-તોયબાના ચાર આતંકવાદીઓ ઝડપાયા

શ્રીનગર : જમ્મુ કાશ્મીરના બારામુલ્લામાં લશ્કરે તોયબા સાથે સંકળાયેલા ચાર આતંકીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલા આ આતંકીઓના નામ ઈરફાન અહેમદ મિર, ઈરફાન ખાન, કૈસર અને સુહેલ છે. બારામુલ્લાના પુટખા વિસ્તારમાં આવેલી પોલીસ ચોકીને ઉડાવવાના ઈરાદાથી ઘડાયેલા ગ્રેનેડ હુમલાના કાવતરામાં આ ચારેય ધરપકડ કરાયેલા આતંકીઓ પણ જોડાયેલા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. આ કામ કાશ્મીરમાં સક્રિય લશ્કરે તોયબાના આતંકી ફયાઝ અહેમદ વોર ઉર્ફે ઉમર દ્વારા આ ત્રણેય આતંકીઓને સોપવામાં આવ્યું હોવાના અહેવાલો છે. પોલીસ રિપોર્ટ અનુસાર આ આતંકીઓએ અન્ય બીજા મોટા આતંકીઓને શરણ પણ આપી હતી. દરમિયાન કાશ્મીર પોલીસ વડા દિલબાગસિંહે કહ્યું હતું કે આતંકીઓ ફરી એક વખત આઈઈડી હુમલો કરવાનું કાવતરૂ ઘડી રહ્યા છે.

# પુલવામામાં ૨ આતંકી ઠાર મરાયા, ૧ જવાન શહીદ : પૂંચમાં વિસ્ફોટકો જપ્ત

- પાકિસ્તાન આતંકીઓને ઘુસાડવાના પ્રયાસો કરી રહ્યું છે, સૈન્ય આક્રમક જવાબ આપવા માટે તૈયાર : પોલીસ વડા

જમ્મુ : પોલીસે જણાવ્યું હતું કે જમ્મુ કાશ્મીરના પુલવામામાં આતંકીઓ અને સીઆરપીએફ જવાનો વચ્ચે સામસામે ભારે ગોળીબાર થયો હતો. આ ગોળીબારમાં અંતે બે આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા. જ્યારે ઓપરેશન દરમિયાન એક જવાન પણ શહીદ થયેલ છે. જ્યારે કેટલાક જવાનોને સામાન્ય ઈજા પહોંચી છે. દક્ષિણ કાશ્મીરમાં સૈન્ય દ્વારા આ ઓપરેશનને પાર પાડવામાં આવ્યું હતું. જ્યારે તપાસ અભિયાન ચાલી રહ્યું હતું ત્યારે જ આતંકીઓને સૈન્યની હાજરીની જાણકારી મળી ગઈ હતી, બાદમાં આતંકીઓએ સૈન્ય પર ભારે તોપમારો કરી દીધો હતો. આ ઓપરેશનમાં અંતે બે આતંકીઓને સ્થળ પર જ ઠાર મારવામાં આવ્યા હતા. જોકે આતંકીઓની ગોળી વાગતા એક જવાને પણ જીવ ગૂમાવ્યો છે. બીજી તરફ કુપવાડામાં પાકિસ્તાની સૈન્ય દ્વારા ભારે તોપમારો કરવામાં આવ્યો હતો, બપોર બાદ આ તોપમારો પાકિસ્તાન સૈન્યએ કર્યો હતો. મોર્ટાર મારો અને સાથે અન્ય હિથયારોનો પણ ઉપયોગ કર્યો હતો.

# મિઝોરમમાં ૫.૩ની તીવ્રતાના ભૂકંપથી મકાનોને નુકસાન, સડકો પર તિરાડો પડી

ઐઝવાલ : મિઝોરમમાં વહેલી સવારે ૫.૩ તીવ્રતાવળો ભૂકંપ આવ્યો હતો. જેના કારણે મકાનોને નુકસાન થયું હતું અને સડકો પર તિરાડ પડી ગઈ હતી તેમ સત્તાવાળાઓએ જણાવ્યું હતું. રાજ્યના જીયોલોજી એન્ડ મિનરલ રિસોર્સ ડિપાર્ટમેન્ટના અધિકારીઓના જણાવ્યા અનુસાર અત્યાર સુધી નુકસાનના કોઈ પણ અહેવાલ મળ્યા નથી.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા અનુસાર સવારે ૪.૧૦ વાગ્યે ભૂકંપ આવ્યો હતો અને આ ભૂકંપનું કેન્દ્ર ભારત-મ્યાનમાર સરહદે ચમ્ફાઈ જિલ્લાના ઝોખાવથરમાં હતું. રાજ્યના પાટનગર ઐઝવાલ સહિત રાજ્યના અનેક સ્થળોએ ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. અધિકારીઓના જણાવ્યા અનુસાર ભૂકંપને કારણે ચમ્ફાઈ જિલ્લાના કેટલાક મકાનો અને ઈમારતો તથા એક ચર્ચને નુકસાન થયું છે.

# અમેરિકાએ એચ-૧બી વિઝા રદ કરતાં ભારત સહિત અનેક દેશોનો ફટકો પડ્યો

• એચ-૧બી સહિતની વિઝા કેટેગરીઓ પરનો પ્રતિબંધ ડિસેમ્બર ૨૦૨૦ સુધી ચાલશે : નવેમ્બરમાં પ્રમુખપદની ચૂંટણી યોજાશે




વોશિંગ્ટન : અમેરિકામાં આ વર્ષના અંતમાં પ્રમુખપદની ચૂંટણીઓ યોજાવાની છે તેવા સમયે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરીથી ચૂંટાઈ આવવાના આશયથી 'અમેરિકન ફર્સ્ટ'ની નીતિ આગળ કરી છે, જેના ભાગરૂપે ટ્રમ્પે એચ-૧બી વિઝા રદ કરવાના જાહેરનામા પર હસ્તાક્ષર કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મિત્ર' ડોનાલ્ડ ટ્રમ્પના આ નિર્ણયથી ભારતીય પ્રોફેશનલ્સને મોટો ફટકો પહોંચશે.

ભારતમાં આઈટી પ્રોફેશનલના ક્ષેત્રમાં અમેરિકાના એચ-૧બી વિઝા માટે સૌથી વધુ અરજીઓ થતી હોય છે. એચ-૧બી વિઝાનું આ કામચલાઉ સસ્પેન્શન વર્ષના અંત સુધી ચાલશે. આ નિર્ણય અમેરિકન કર્મચારીઓના હિતમાં લેવામાં આવ્યો હોવાનું ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું.

અમેરિકાના એચ-૧બી વિઝા રદ થવાથી ભારત સહિત સમગ્ર દુનિયાના વ્યાવસાયિકોને ફટકો પહોંચ્યો છે. તેમની અમેરિકામાં નોકરી કરવાની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકામાં કોરોના વાઈરસ અને આર્થિક સંકટના કારણે મહત્વના ઉદ્યોગોમાં બે કરોડથી વધુ લોકોએ રોજગારી ગુમાવી હોવાથી 'અમેરિકન ફર્સ્ટ'ની નીતિ હેઠળ આ લોકોને રોજગારી પૂરી પાડવાના આશયથી આ નિર્ણય લેવો ખૂબ જ જરૂરી છે.

# ચીનમાં ભીષણ પૂર : વિશ્વનો સૌથી મોટો થ્રી ગોર્જેસ ડેમ તૂટવાની ભીતિ

બેઈજિંગ : એક તરફ ચીન સરહદે અવળચંડાઈ કરે છે, પરંતુ ચીનના ઘણાં રાજ્યો ભયાનક પૂર સામે ઝઝૂમી રહ્યાછે. ચીનના ગ્વાંગ્શી અને હૂનાન પ્રાંતમાં ભયાનક પૂર આવ્યું હતું. એ પૂરમાં ૨૦નાં મોત થઈ ચૂક્યા છે અને બેએક ડઝન લોકો લાપતા થયા હોવાના અહેવાલો છે. અસંખ્ય લોકો પૂરની ઝપટમાં આવી ગયા છે. દક્ષિણ અને મધ્ય ચીનમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. ગ્વાંગ્સી પ્રાંત નદીઓ માટે વિખ્યાત છે. એ જ નદીઓ ગાંડીતૂર બનતા ચારેક લાખ લોકોનું સ્થળાંતર કરાવવાની ફરજ પડી હતી. થ્રી ગોર્જેસ ડેમ તૂટે તેવી ભીતિ સર્જાઈ છે. જોકે, ચીની મીડિયાએ કહ્યું હતું કે વિદેશી મીડિયા બ્રિજ બાબતે ખોટો ભ્રમ ફેલાવે છે. ડેમ અને તમામ બ્રીજ સલામત છે. જોકે, એ ડેમ તૂટે તો ૧૦ રાજ્યોમાં મોટી તબાહી થાય તેવી શક્યતા વ્યક્ત થઈ હતી. ગ્વાંગ્સી અને હૂનાન પ્રાંતમાં સૌથી વિકટ સ્થિતિ સર્જાઈ છે. તે ઉપરાંત દસ રાજ્યોમાં એલર્ટ જારી કરવામાં આવ્યો છે. ૨૦ લોકોનાં મોત થયાની જાહેરાત કરવામાં આવી છે, પરંતુ આ આંકડો ઘણો મોટો હોવાની શક્યતા છે. ૮૦ વર્ષમાં ચીનમાં આવેલું આ ભયાનક પૂર છે. ખેતરોમાં પાણી ભરાઈ ચૂક્યા છે. ઘરમાં પાણી ઘૂસી ગયા છે. ચીની મીડિયા એ બાબતે કોઈ જ વિગતવાર અહેવાલ આપતું નથી, પરંતુ લોકોએ સોશિયલ મીડિયામાં આ બાબતે લખ્યું તેના આધારે અહેવાલો પ્રસિદ્ધ થઈ રહ્યા છે.

# દુનિયામાં પહેલી વખત પાણીમાં વાયરલેસ ઇન્ટરનેટનું પરીક્ષણ

વોશિંગ્ટન : ઈન્ટરનેટ આખી દુનિયામાં અબજો લોકોને જોડે છે, છતાં હજુ પાણીમાં ઈન્ટરનેટની સુવિધા મળી શકી નથી ! પરંતુ હવે વિજ્ઞાનીઓએ એવી સિસ્ટમ બનાવી છે, જે ડીપ સી ડાઈવરો (મરજીવાઓ)ને ઈન્ટરનેટની સુવિધા પાણીમાં પણ આપશે ! આ સુવિધાને પગલે મરજીવાઓ તત્કાળ સમુદ્રમાંની તસવીરો અને ફૂટેજ કમ્પ્યૂટર્સને મોકલી શકશે. આ સાથે જ આ નવી ટેક્નોલોજી એક્વા ફાઈનું પરીક્ષણ થઈ ગયું છે અને આવનારા સમયમાં એ સુવિધાનો પ્રારંભ થઈ શકે છે. આખી દુનિયા ઈન્ટરનેટથી જોડાઈ છે, પરંતુ સમુદ્રમાં ઊંડા પાણીમાં ઈન્ટરનેટની સુવિધા મળતી ન હતી. પરંતુ હવે એ સુવિધા પણ ટૂંક સમયમાં શરૂ થઈને એક નવા યુગનો પ્રારંભ કરે એ દિવસો દૂર નથી. પ્રારંભિક પરીક્ષણો સફળ રહ્યા છે, ત્યારે હવે સમુદ્રમાં ઈન્ટરનેટની સુવિધા આપે એવા એક્વા ફાઈનો જમાનો આવી રહ્યો છે.આ ટેક્નોલોજી સાથે હવે અંડરવોટર વાયરલેસ ઈન્ટરનેટની સુવિધા મળશે અને તેને કારણે રિયલ ટાઈમ ડેટા ટ્રાન્સમિશન પણ થઈ શકશે. કિંગ અબ્દુલ્લા યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના બાસેમ શિહાદાએ જણાવ્યું હતું કે, અકાદમિક અને ઉદ્યોગ ક્ષેત્રના લોકો પાણીમાંના પર્યાવરણને સમજવા માગે છે.

# જાપાને વિશ્વનું સૌથી ફાસ્ટ સુપર કમ્પ્યુટર તૈયાર કર્યું : સેકન્ડમાં ચાર લાખ અબજ ગણતરી કરશે

ફ્રેન્કફર્ટ : જાપાને જગતનું સૌથી ફાસ્ટ સુપર કમ્પ્યુટર તૈયાર કર્યું છે. અમેરિકન સંસ્થા 'ટોપ-૫૦૦' જાહેર કરેલા જગતના ફાસ્ટેસ્ટ સુપર કમ્પ્યુટરોના લિસ્ટમાં 'ફુગાકુ'ને પ્રથમ ક્રમ મળ્યો છે. ટોપ-૫૦૦ દ્વારા વર્ષમાં બે વખત ફાસ્ટેસ્ટ ૫૦૦ કમ્પ્યુટરોનું લિસ્ટ જાહેર કરવામાં આવે છે. અત્યાર સુધી પ્રથમ ક્રમે હતું એ આઈબીએમ કંપનીએ બનાવેલું 'સમિટ' હવે બીજા નંબરે આવી ગયું છે. સુપર કમ્પ્યુટરના ટોપ સર્જકોમાં જાપાનના આગમનથી અમેરિકા-ચીનની એક દાયકાથી ચાલતી મોનોપોલી તૂટી છે. સામાન્ય રીતે પહેલા ક્રમે આ બન્નેમાંથી કોઈ એક દેશના કમ્પ્યુટરો આવતા હતા. ફુગાકુની ક્ષમતા ૪૧૫.૫ પેટાફ્લોપની છે. એટલે કે એક સેકન્ડમાં આ કમ્પ્યુટર ૪.૧૫ લાખ અબજ ગણતરી કરી શકે છે. આઈબીએમનું સમિટ ૧૨૫ પેટાફ્લોપની ક્ષમતા ધરાવતું હતું. એટલે કે સેકન્ડમાં ૧,૨૫,૦૦૦ અબજ ગણતરી કરી શકતું હતું. એટલે કે સમિટ કરતાં લગભગ પોણા ત્રણગણુ ઝડપી છે.



MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.century21.ca/niraj.pancholi
Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty, Professionalism & Experience
Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019
#42 OF TOP 75 PRODUCER IN CANADA AWARD BY CENTURY 21
CENTURION PRODUCER AWARD, Successful Listing Agent Award, Silver Award, Pacesetter Gold Award, Diamond Award, Masters Emerald Award, Platinum Award .... And many more .....



MOTEL KING : Specializing in Selling MOTELS with Proven Record

29 ROOM MOTEL – Hwy 11, Near Cochrane
With huge 5 BR house, year round business, busy in winter &summer, only motel in town, no competition. City water & sewer.
Gross Rev: about $350K
Asking Price: $1,100,000

18 ROOM MOTEL – Near Pembroke
With 3 BR house, spent over $150K in room renovation, no competition, located near Pembroke, about 4 hrs form Toronto and 1.5 hrs form Ottawa
Asking Price: $799,000

12 ROOM MOETL – Near North Bay
With 3 BR house, updated rooms, very well maintained, located within town with city water & sewer, close to all amenities.
Asking Price: $849,000

OTHER MOTELS FOR SALE
@ Near Niagara Falls - $2.2 M to $5M
@ Near London, Sarnia - $900K to 2M
@ Near Owen Sound/Tobermory - $1M to $2.5M

OTHER FRANCHISE MOTELS FOR SALE
Call for more info.

PRINCIPAL BUYES ONLY: to sign confidentiality agreement on particular motels.

Due to COVID-19: Getting loan is tough, call for down payment requirements & mortgage options.

40+ ROOM MOTEL 4 HRS East $2.2M
40+ ROOM MOTEL Northern Ontario - $ 1.3M

12 ROOM MOTEL Hwy 7, Near Peterborough
Asking Price: $750,000

27 ROOM MOTEL Thunder Bay $2.1M
60+ ROOM MOTEL Thunder Bay $2.3M

COMFORT INN NEAR GTA
Principal buyers to sign confidentiality & BRA
Min $3M provable down payment require

MOTELS on Hwy 17, Sudbury to Sault Ste Marie
@14 ROOM & REST VTB available Asking $699K
@30+ROOM VTB available Asking $2M
Other Motels also available on same road

FRANCHISE MOTELS & HOTELS FOR SALE
@ 40+ ROOM MOTEL North Ontario - $3.8M
@ 70+ ROOM MOTEL 3 Hrs - $4.5M
@ 50+ ROOM MOTEL 3 Hrs - $4.5M
@ 60+ ROOM MOTEL 6 Hrs North - $3.5M

BUYERS PLEASE NOTE: Personal meeting is very important if you are a SERIOUS BUYER & have provable down payment. You will get top priority on new listings.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke

# યુએસમાં એક જ દિવસમાં કોરોનાના ૩૪,૭૦૦ નવા કેસ

## દ.કોરિયામાં કોરોનાના ૫૧, મેક્સિકોમાં ૮૦૦ નવા કેસ : દ.આફ્રિકામાં પણ કેસોની સંખ્યા ૧ લાખનો આંક વટાવી ગઇ

વોશિંગ્ટન : ૯ સપ્તાહ સુધી સતત ઘટતાં રહેલાં કોરોના વાઈરસના ચેપના કેસો છેલ્લા એક સપ્તાહથી વધી રહ્યા હતા તેમાં આજે ભારે ઉછાળો આવતાં અમેરિકામાં કોરોના વાઈરસના એક જ દિવસમાં ૩૪,૭૦૦ નવા કેસો નોંધાયા હતા. અગાઉ માત્ર બે વાર નવ અને ૨૪ એપ્રિલે ૩૬,૪૦૦ કેસો અમેરિકામાં નોંધાયા હતા. ન્યુ યોર્ક, ન્યુ જર્સી વિસ્તારોમાં કોરોનાના કેસની સંખ્યા ઘટી રહી છે પણ એરિઝોના, કેલિફોનયા, મિસિસિપિ, નેવાડા અને ટેક્સાસમાં નવા કેસોની સંખ્યા કૂદકેને ભૂસકે વધી રહી છે. નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ હેલ્થના વડા ડો. એન્થોની ફાઉસીએ કોંગ્રેસની હાઉસ કમિટી સમક્ષ જણાવ્યું હતું કે કેસોની સંખ્યા ઘટવા બાબતે આગામી થોડા સપ્તાહો ખૂબ મહત્વપૂર્ણ છે. તમે ટોળાંમાં કદી ન જશો. જો તમારે જવું જ પડે તો માસ્ક પહેરીને જાવ



તેવી સલાહ ફાઉસીએ આપી હતી. જ્યાં મંગળવારે ૩૬૦૦ નવા કેસો નોંધાયા હતા તે એરિઝોનામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વાઈરસ ચીનમાંથી આવ્યો હોવાથી તેની હાંસી ઉડાવી હતી. ફિનિક્સ શહેરના એક ચર્ચમાં આ સભા યોજાઈ તે પહેલાં મેયર કેટ ગેલાગોએ પ્રમુખને માસ્ક પહેરવાની વિનંતી કરી હતી પણ ટ્રમ્પે માસ્ક પહેર્યા વિના જ તેમનું જાહેર પ્રવચન આપ્યું હતું. દક્ષિણ કોરિયામાં પણ કોરોના વાઈરસનું બીજું મોજું આવ્યું હોય તેમ આજે ૫૧ નવા કેસ નોંધાયા હતા. તો મેક્સિકોમાં ૮૦૦ નવા કેસ નોંધાયા હતા. ભારતના પાટનગર દિલ્હીમાં સ્થિતિ કોરોના ચેપને કારણે ગંભીર બની છે. બીજી તરફ દક્ષિણ આફ્રિકામાં પણ કોરોના વાઈરસનો ચેપ ધરાવતાં દર્દીઓની સંખ્યા એક લાખનો આંકડો વટાવી ગઈ છે અને મોતનો આંકડો પણ ૨૦૦૦ પહોંચ્યો છે. અગ્રણી મહામારી નિષ્ણાત સલીમ અબ્દુલ કરીમે જણાવ્યું હતું કે હજી મહામારીના ખરાબ દિવસો આવવાના બાકી છે.

લોકડાઉનના નિયંત્રણો હળવા કરવાને પગલે છેલ્લા એક પખવાડિયામાં ચેપ અને મોતના આંકડા બમણાં થઈ ગયા છે. કરીમે જણાવ્યું હતું કે હાલના દર મુજબ જુલાઈમાં ચેપની થોડા હજાર સંખ્યા વધશે.

## વિશ્વમાં કોરોનાના સંક્રમિતોની કુલ સંખ્યા ૯૫ લાખ થઈ

વોશિંગ્ટન : વિશ્વમાં કોરોનાથી સંક્રમિત થનારા લોકોના આંકડો સતત વધી રહ્યો છે. તાજેતરમાં કોરોનાથી સંક્રમિતોનો કુલ આંક ૯૫.૭૩ લાખ પહોંચી ગયો છે. બીજી તરફ કોરોનાને કારણે દુનિયામાં ૪.૮૬ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. સારી બાબત એ છે કે, ૫૨.૧૦ લાખ લોકો સાજા થઈ ગયા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને તાજેતરમાં જણાવ્યું કે, આગામી બે દિવસમાં કોરોનાના સંક્રમિતોના આંક એક કરોડ પહોંચી જશે. ડબ્લ્યૂએચઓએ એવું પણ ગંભીરતાથી જણાવ્યું હતું કે, યુરોપના દેશોમાં કોરોનાનું સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. અહીંયા ૩૦ દેશોમાં છેલ્લાં ૨ અઠવાડિયામાં ઘણા નવા કેસ સામે આવ્યા છે. તેમાંથી ૧૧ દેશ એવા છે જ્યાં કોરોના ફરીથી ફેલાઈ શકે તેવી પણ ભીતી છે.

## સાઉદીએ વિદેશી મુસ્લિમો માટે હજયાત્રા રદ કરી, ફક્ત સ્થાનિકોને પ્રવેશ અપાશે

દુનિયાભરમાં કોરોનાવાયરસના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને સાઉદી અરેબીયાએ વિદેશી નાગરિકોને હજ યાત્રા ૨૦૨૦ માટે મંજૂરી ન આપવાની ઘોષણા કરી છે. સાઉદીએ જાહેરાત કરી છે કે દેશમાં રહેતા ફક્ત સ્થાનિક લોકો અને દેશમાં રહેતા વિદેશી લોકોને અમુક શરતો સાથે હજ કરવાની છૂટ આપવામાં આવશે. આ ઘોષણા મુજબ આ વર્ષે આંતરરાષ્ટ્રીય હજ યાત્રાને રદ કરવામાં આવી છે. સાઉદી અરેબિયાએ કહ્યું હતું કે આ વર્ષે હજ રદ કરવામાં આવશે નહીં, પરંતુ કેટલાક પ્રતિબંધો સાથે ફક્ત મર્યાદિત સંખ્યામાં સ્થાનિક લોકોને તેમાં સામેલ થવાની મંજૂરી આપવામાં આવશે.

સાઉદી અરેબીયા સલ્તનતે મંગળવારે કહ્યું હતું કે તે વિવિધ દેશોના ફક્ત તે લોકો જ હજમાં જોડાવા દેશે જે પહેલાથી દેશમાં રહે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હજ યાત્રા આ વર્ષ જુલાઇના અંતમાં શરૂ થશે. સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે લોકોમાં કોરોના ચેપને રોકવા માટે, તમામ રક્ષણાત્મક પગલાં પણ લેવામાં આવશે.

## એક જ દિવસમાં દુનિયામાં કોરોનાના નવા ૧,૮૩,૦૦૦ કેસ : વિશ્વ આરોગ્ય સંસ્થા

જિનેવા : છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઇરસના એક જ દિવસમાં દુનિયામાં સૌથી વધારે ૧,૮૩,૦૦૦ કેસ નોંધાયા હોવાનું વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું હતું. બ્રાઝિલમાં સૌથી વધારે ૫૪,૭૭૧ કેસ, અમેરિકામાં ૩૬,૬૧૭ કેસ અને ભારતમાં ૧૫,૪૦૦ કેસ નોંધાયા હતા. રશિયામાં પણ ૭૬૦૦ નવા કેસ નોંધાયા હતા. વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું હતું કે દરરોજ ૪,૭૪૩ જણાના મોત થવા સાથે મૃત્યુનો કુલ આંક ૪,૬૧,૭૧૫ થયો છે. રશિયામાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૫ જણાના મૃત્યુ થયા હતા. સ્પેનમાં તેના રહેવાસીઓને ફાવે ત્યાં પ્રવાસ કરવાની છૂટ આપવામાં આવી છે.બ્રિટનથી આવતાં પ્રવાસીઓને હવે ૧૪ દિવસ ક્વોરન્ટાઇનમાં રહેવાની જરૂરિયાત નથી તથા યુરોપના ૨૬ દેશના નાગરિકો હવે સ્પેનમાં વિસા ફ્રી પ્રવાસ કરી શકશે. પરંતુ જર્મનીમાં એક મીટ પેકિંગ પ્લાન્ટમાં એક હજાર કેસ નોંધાતા પ્રાદેશિક સરકારે તમામ ૬૫૦૦ કામદારો, તેમના પરિવારજનો અને મેનેજર્સને ક્વોરન્ટાઇનમાં મોકલી આપ્યા હતા. દરમ્યાન અમેરિકાના ન્યુ યોર્ક શહેરમાં માત્ર ૩૫ ટકા દર્દીઓએ જ

## બ્રાઝિલમાં એક જ દિવસમાં ૧૧૮૫નાં મોત, ૪૦૯૯૫ કેસ



બ્રાઝિલમાં સતત બીજા દિવસે ૪૦ હજારથી વધુ કેસ સામે આવ્યા છે. અહીંયા છેલ્લાં ૨૪ કલાકમાં ૪૦,૯૯૫ કેસ સામે આવ્યા હતા જ્યારે ૧૧૮૫ લોકોનાં મોત થયા હતા. બીજી તરફ તાજેતરમાં આવેલા નવા સંક્રમિતોની સાથે બ્રાઝિલમાં કુલ આંક ૧૧.૯૨ લાખ થઈ ગયો છે. તે ઉપરાંત મૃતકોની સંખ્યા વધીને ૫૩,૮૭૪ થઈ ગઈ છે. યુરોપમાં અત્યાર સુધીમાં ૨૩.૬૭ લાખ લોકો કોરોનાથી સંક્રમિત થઈ ગયા છે જ્યારે ૧.૮૯ લાખ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ તમામ ગંભીરતા વચ્ચે પેરિસમાં ત્રણ મહિના બાદ સ્થાનિકો અને પ્રવાસીઓ માટે એફિલ ટાવર ફરીથી ખોલવામાં આવ્યો હતો. વર્ષે ૭૦ લાખ પ્રવાસીઓની અવરજવર ધરાવતો આ ટાવર બીજા વિશ્વ યુદ્ધ બાદ પહેલી વખત આટલા લાંબા સમય માટે બંધ રાખવામાં આવ્યો હતો.

## ચીનમાં કોરોના વાયરસના ૯ કરોડ ટેસ્ટ અને અમેરિકામાં 3 કરોડ સેમ્પલની ચકાસણી થઈ

ન્યૂયોર્ક : દુનિયામાં કોરોનાના વાઈરસનું સંક્રમણ સતત વધી રહ્યું છે. અત્યાર સુધીમાં દુનિયામાં કોરોનાના ૯૩.૭૭ લાખ જેટલા કુલ સંક્રમિતો થઈ ગયા છે. તેમાંથી ૫૦.૬૫ લાખ લોકો સાજા થઈ ગયા છે. દુનિયામાં કોરોનાને કારણે કુલ ૪.૮૦ લાખ લોકોનાં મોત થયા છે. મહત્ત્વની વાત એ છે કે, સમગ્ર વિશ્વમાં કોરોનાના ટેસ્ટિંગ કરવામાં ચીન મોખરે છે. બુધવારે જારી થયેલા આંકડા પ્રમાણે ચીને અત્યાર સુધીમાં ૯ કરોડ લોકોનું કોરોના ટેસ્ટિંગ કર્યું છે. જે અમેરિકા કરતા ત્રણ ગણું વધારે છે. અમેરિકામાં અત્યાર સુધીમાં ૨.૯૫ કરોડ લોકોનું જ ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. અમેરિકામાં ઓછા થયેલા ટેસ્ટિંગ મુદ્દે રાજકારણ પણ ગરમાયું છે. અમેરિકાના હેલ્થ એક્સપર્ટ અને સરકારી તંત્ર આ મુદ્દે સામસામે આવી ગયા છે. જાણકારો જણાવે છે કે, અમે ક્યારેય ટેસ્ટિંગ ઓછું કરવાની સલાહ આપી નથી. અમેરિકામાં ટેસ્ટ ઓછા કરવામાં આવ્યા છે તે આર્યજનક બાબત છે. અમે તો શક્ય એટલા વધારે ટેસ્ટ કરી રહ્યા છીએ.

## ઓસ્ટ્રેલિયામાં કોરોનાને કારણે મહિનામાં પહેલું મોત

ઓસ્ટ્રેલિયામાં કોરોનાની સ્થિતિને ઘણી કાબુ કરવામાં આવી છે. તેને પગલે જ આ મહિને કોરોનાને કારણે હજી બુધવારે પહેલું મોત સામે આવ્યું હતું. ૮૦ વર્ષના એક વૃદ્ધનું કોરોનાને કારણે મોત થયું છે. આ સાથે જ અહીંયાનો કુલ મૃતાંક ૧૦૩ થયો છે. વિક્ટોરિયાના રહેવાસી આ વૃદ્ધના મોત સાથે રાજ્યનો કુલ મૃતાંક ૨૦ થયો છે. અહીંયા બુધવારે ૨૦ નવા કેસ સામે આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ઓસ્ટ્રેલિયામાં કોરોનાના સંક્રમિતોના કુલ આંક ૭,૫૦૦ છે.



### સ્લોવાકિયાના પ્રમુખ ક્વોરન્ટાઈન

સ્લોવાકિયાના રાષ્ટ્રપ્રમુખ જુજાના કપુટોવાને ક્વોરન્ટાઈન કરાયા છે. કોલંબિયાના પ્રમુખે દેશમાં ૧૫ જુલાઈ સુધી લોકડાઉન લંબાવવાની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે કોરોનાના કેસમાં થઈ રહેલા ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.

### દક્ષિણ આફ્રિકામાં ટેસ્ટિંગ લેબ

વિશ્વ આરોગ્ય સંસ્થાએ બુધવારે જણાવ્યું હતું કે, આફ્રિકાના તમામ દેશોમાં કોરોના ટેસ્ટિંગ લેબ બનાવવામાં આવી છે. આફ્રિકામાં કુલ ૩.૨૮ લાખ કેસ સામે આવ્યા છે અને ૮,૬૬૨ લોકોનાં મોત થયા છે. અહીંયા સૌથી વધારે સાઉથ આફ્રિકા ક્ષેત્રમાં કોરોનાએ કેર વર્તાવ્યો છે.

## કોરોના વર્લ્ડ વાઈડ

- વિશ્વ આરોગ્ય સંસ્થાએ અંદાજ વ્યક્ત કર્યો છે કે, આગામી અઠવાડિયા સુધી દુનિયામાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૧ કરોડ સુધી પહોંચી શકે છે. સંસ્થાએ જણાવ્યું છે કે, આ મામલે બ્રિટનની ટેસ્ટ સિસ્ટમ સક્ષમ છે જે દર્દીઓની યોગ્ય તપાસ કરી શકે છે.
- ઓસ્ટ્રેલિયાએ હોટસ્પોટ ગણાતા વિસ્તારોમાં ૧ લાખ લોકોનો ટેસ્ટ કરવાનો નિર્ણય કર્યો
- વર્લ્ડ નંબર વન સર્બિયન ટેનિસ સ્ટાર યોકોવિચ અને તેની પત્ની યેલેનાને કોરોના મહામારીનો ચેપ લાગ્યો છે. જેમાં કોરોનાને લગતી સાવચેતીના પગલાંની ઘોર ઉપેક્ષા કરવામાં આવી હતી અને તેના પગલે ડિમિટ્રોવ અને કોરિક જેવા ખેલાડીઓ બાદ હવે ખુદ યોકોવિચને ચેપ લાગ્યો છે.
- બાંગ્લાદેશમાં બીએનપીના ૭૩ નેતાઓના કોરોનાને કારણે અત્યાર સુધીમાં મોત થયા છે અને ૨૮૪ નેતાઓ હજી કોરોનાગ્રસ્ત છે.
- સર્બિયન ટેનિસ સ્ટાર વિક્ટર ટ્રોઈસ્કી અને તેની ગર્ભવતી પત્નીને પણ મહામારી બની ચુકેલા કોરોના સંક્રમણનો ચેપ લાગ્યો છે. ટોચના ટેનિસ સિતારાએ સર્બિયા અને ક્રોએશિયામાં પોતાની રીતે ખાનગી ચેરિટી ટુર્નામેન્ટની સિરીઝ યોજવાની શરૂઆત કરી હતી, જેને એડરિયા ટુર નામ આપવામાં આવ્યું હતુ.
- પશ્ચિમી આફ્રિકન દેશ સેનેગલના રાષ્ટ્રપતિ મૈકી સૈલ કોરોના પોઝિટિવ વ્યક્તિના સંપર્કમાં આવ્યા બાદ ક્વોરન્ટાઈન કરાયા.
- કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે પણ પોલેન્ડના રાષ્ટ્રપ્રમુખ અમેરિકાના પ્રવાસે પહોંચ્યા હતા.
- જર્મનીના ઝ્વેરેવ અને ઓસ્ટ્રીયાના ડોમિનીક થિયમ જેવા ખેલાડીઓ પણ યોકોવિચની ચેરિટી ટુરમાં સામેલ હતા. તમામનો પાંચ દિવસ બાદ ફરી કોરોનાનો ટેસ્ટ કરાવશે. આ ઉપરાંત તેણે તેની ટુર્નામેન્ટના કારણે કોઈને કોરોનાનો ચેપ લાગ્યો હોય તો તેમની માફી માગી હતી.
- પાક.માં છેલ્લાં ૨૪ કલાકમાં ૪,૦૪૪ નવા કેસ આવ્યા, ૧૪૮નાં મોત થયા.

# હિન્દુજા બંધુમાં ૧૬ અબજ પાઉન્ડની સંપત્તિ માટે વિખવાદ, મામલો કોર્ટમાં



લંડન : બ્રિટનમાં વસવાટ કરતા સૌથી ધનાઢય ભારતીય મૂળના બિઝનેસ ગ્રૂપ પૈકીના એક હિન્દુજા ગ્રૂપના ચાર ભાઈઓ રૂપિયા ૧૬ બિલિયન પાઉન્ડની સંપત્તિ માટે યુદ્ધે ચડયા છે. પરિવારના મોભી ગણાતા ૮૪ વર્ષીય શ્રીચંદ પરમાનંદ હિન્દુજાએ તેમના ભાઈઓ જી પી હિન્દુજા (૮૦), પી પી હિન્દુજા (૭૫) અને એ પી હિન્દુજા (૬૯) સામે કેસ દાખલ કર્યો છે. આ આખો કેસ બીજી જુલાઈ ૨૦૧૪ના રોજ લખાયેલા એક પત્રની માન્યતાના મુદ્દે લડાઈ રહ્યો છે. મંગળવારે આપેલા ચુકાદામાં ઈંગ્લેન્ડની હાઈકોર્ટના જસ્ટિસ સારાહ ફોકે જણાવ્યું હતું કે, શ્રીચંદ હિન્દુજાએ માગ કરી છે કે કથિત પત્રોની વિલ, પાવર ઓફ એટર્ની, ડેકલેરેશન ઓફ ટ્રસ્ટ અથવા અન્ય બંધનકર્તા દસ્તાવેજ અથવા રદ થઈ શકે અને રદ થઈ ચૂકેલા દસ્તાવેજોના વિકલ્પ તરીકે કોઈ કાયદાકીય માન્યતા નથી. જસ્ટિસ ફોકે કેસમાં પ્રાઈવસી ઓર્ડર સામે આંશિક ચુકાદો આપતાં શ્રીચંદ હિન્દુજાની પુત્રી વિનૂને તેના પિતા વતી લિટિગેશન ફ્રેન્ડ તરીકે કાર્યવાહી કરવા પરવાનગી આપી હતી.

# દુબઈમાં ગુજરાતી દંપતીની પાક. નાગરિક દ્વારા ચપ્પુ મારી હત્યા

દુબઈ : દુબઈમાં ચોરી અને લૂટંના પ્રયાસમાં એક ભારતીય વેપારી અને તેમના પત્નીની તેમના વિલામાં જ એક પાકિસ્તાની એ અત્યંત ઘાતકી રીતે હત્યા કરી નાંખી હતી, એમ માધ્યમોના અહેવાલમાં જણાવાવમાં આવ્યું હતું.

લગભગ ૪૦ વર્ષના હિરેન અઢિયા અને વિધી અઢિયાને દુબઈના એરેબિયન રાન્ચીઝ વિલામાં મારી નાંખવામાં આવ્યા હતા, એમ દુબઈ પોલીસે કહ્યું હતું. પોલીસે ૨૪ કલાક કરતાં પણ ઓછા સમયમાં હત્યારા પાકિસ્તાનીને પકડી લીધો હતો. દુબઈ પોલીસના ક્રિમિનલ ઈન્વેસ્ટીગેશન ડીપાર્ટમેન્ટના ડાયરેકટર બ્રિગેડીયર જમાલ અલ જલાફે કહ્યું હતું કે મૃતકના પુત્રીએ પોલીસને ઘટનાની જાણ કરતા પોલીસ ત્યાં પહોંચી હતી.'પેટ્રોલ અને ફોરેન્સિક નિષ્ણાંતોની ટીમો બે માળના વિલામાં પહોંચી ગયા હતા. એક કંપનીમાં એન્જીનીયર તરીકે કામ કરતાં પિતા અને તેમના પત્નીની હત્યા કરાઈ હતી. તેઓ પોતાની પાછળ ૧૮ અને ૧૩ વર્ષની બે પુત્રીઓ મૂકતા ગયા હતા'એમ માધ્યમોએ જલાફને કહેતા ટાંક્યા હતા. દુબઈના ભારતીય કોન્સુલ જનરલે આ દંપતિને ઓળખી કાઢ્યા હતા.પોલીસે કહ્યું હતું કે ૧૮ જૂને જ્યારે પરિવાર સુઈ રહ્યો હતો ત્યારે આરોપી ઘરમાં ઘુસ્યો હતો.

# યુકેની ટોપ-૫૦ એન્જિનિયર્સમાં ભારતીયની પાંચ મહિલા સામેલ

- પાંચેય મહિલાને પર્યાવરણ ટેક્નોલોજિસ્ટને એવોર્ડ

લંડન : ઈંગ્લેન્ડમાં એન્જિનિયરિંગના ક્ષેત્રમાં મહત્વનું પ્રદાન કરનારી ટોચની ૫૦ મહિલાઓમાં ભારતીય મૂળની પાંચ પર્યાવરણના ક્ષેત્રમાં કામ કરનારી મહિલાઓનો પણ સમાવેશ કર્યો છે. યુકે એટોમિક એનર્જી ઓથોરિટીમાં કામ કરતાં ચિત્રા શ્રીનિવાસનની સાથેસાથે ખાનગી કંપનીમાં ટોચના હોદ્દા પર કામ કરતી રિતુ ગર્ગ, ડૉ. બરનાલી ઘોષ, અનુષા શાહ અને કુસુમ ત્રિખાનો આ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો અને તેમને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ચિત્રા શ્રીનિવાસન યુકે એટોમિક એનર્જી ઓથોરિટીની ફ્યુસન રિસર્ચ લેબમાં કન્ટ્રોલ એન્ડ સોફ્ટવેર એન્જિનિયર તરીકે કાર્યરત છે. યુકે એટોમિક એનર્જી ઓથોરિટીએ શ્રીનિવાસનની સિદ્ધિને બિરદાવી હતી. શ્રીનિવાસન અને તેમની ટીમ ફ્યુસન એનર્જીને ડેવલપ કરી રહી છે, જેના થકી કાર્બન મુક્ત સ્રોતમાંથી વીજળીનું ઉત્પાદન કરી શકાય. ખાનગી કંપની સાથે જોડાયેલા રિતુ ગર્ગે સસ્ટેનેબલ ટ્રાન્સપોર્ટ સોલ્યુશન્સની ફોર્મ્યુલા તૈયાર કરવામાં અને તેની ડિલવરીમાં મહત્વનું કામ કર્યું હતુ.

# નિયમોના ભંગ બદલ યુએસએ ભારતની તમામ ફલાઈટ્સ ઉપર પ્રતિબંધ મુક્યો

વોશિંગ્ટન : અમેરિકાએ ભારતની ચાર્ટર વિમાન સેવાઓ પર પ્રતિબંધ મુકી દીધો છે. સાથે અમેરિકાનો દાવો છે કે આ ઉડાનો દ્વારા નિયમોનો ભંગ કરવામાં આવ્યો હતો અને બન્ને દેશો વચ્ચે થયેલા કરારો કે સંધીનો પણ ભંગ કરવામાં આવ્યો હતો. યુએસ એર સર્વિસ એગ્રીમેંટના જણાવ્યા અનુસાર ચાર્ટર ફલાઈટ માટે ભારતીય એરલાઈન્સ કંપનીઓએ પહેલા અમારી અનુમતી લેવી પડશે તે સિવાય લેન્ડિંગની અનુમતી નહીં આપવામાં આવે.

અમેરિકી સરકારના પરિવહન વિભાગે આરોપ લગાવ્યો છે કે એર ઈન્ડિયા ભારતીય નાગરિકોને પરત લઈ જવા માટે ફલાઈટ ચલાવી રહી છે જેને વંદે ભારત મિશન નામ આપવામાં આવ્યું છે. એર ઈંડિયાના સહિયોગથી સરકારે છ મેના રોજ વંદે ભારત મિશનની શરૂઆત કરી હતી. જ્યારે ૧૮મી મેથી ભારત-અમેરિકા રૂટ પર ચાર્ટર્ડ વિમાનો ઉડાન ભરી રહી છે. ૨૩મી માર્ચથી આંતરરાષ્ટ્રીય ઉડાન સેવાઓ બંધ છે, જ્યારે ૨૫મી મેથી ડોમેસ્ટિક ફલાઈટ્સને શરૂ કરી દેવામાં આવી હતી. જોકે કોરોના વાઈરસને કારણે આ ઉડાનો માટે જરૂરી નિયમો પણ તૈયાર કરવામાં આવ્યા છે. અમેરિકાએ એવી દલીલ કરી છે કે અમે અત્યાર સુધી વંદે ભારત મિશન અંતર્ગત જેટલી પણ ફલાઈટ્સ અમેરિકા આવતી હતી તેના પર કોઈ જ રોકટોક નથી કરી અને ચોક્કસ આટલી જ ફલાઈટ્સને અનુમતી આપીશું તેવું પણ નથી કહ્યું. જ્યારે બીજી તરફ અમેરિકાની ફલાઈટ્સ પર ભારતે પ્રતિબંધો મુકી દીધા છે જે સ્વીકાર્ય નથી. અમેરિકાએ આ આરોપો સાથે હવે ભારતની ફલાઈટ્સ પર પણ પ્રતિબંધો મુકી દીધા છે અને અનુમતી વગર ઉડાન નહીં ભરવા દઈએ તેવી ચીમકી પણ ઉચ્ચારી છે.








# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24" * 24" | 12" * 24" | 24" * 48" | 4" * 8" | 4" * 12"

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com



KHARODIA REAL ESTATE www.kharodiarealestate.com

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions...Its that Simple!

અમારી મફત સલાહનો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો

You have Nothing to Loose...Call us for a Free Consultation on How to Get Started.

ઘર ખરીદનારને મફત સલાહ અને સર્વિસ મળશે




Breathtaking View Of The Lake. A Trendy Malibu Condo With California Inspiration On Lakeshore & Bathurst. 2 Bed With 2 Full Washrooms. Gorgeous Penthouse. Lots Of Amenities, 24 Hr Concierge, Spa, Pool, Sundeck To Name A Few. Unobstructed Lake View. Business & Financial Districts And Steps To All Amenities.Fully Furnished, Looking For A++ Tenant.




Beautifully Maintained condo in High Demand Location. 1+1 den with parking & locker. Recent Upgrades Include Granite Countertop In Modern Kitchen & Hardwood Floor.Large Den With Closet Currently Used As A Bedroom.Easy Access To Public Transit,Hwy 401,Centennial College, Hospitals, Schools, Utsc, Shopping, Restaurants, Places Of Worship And Much More. Building Amenities Include Concierge, Exercise Room, Guest Suites, Party/Meeting Room, Games Room.




3 Bedroom Freehold Townhome, finished bsmt with sep. entrance. Small & Private Complex. Bright & Spacious Living Room & Dining Room. Hardwood & Laminate Floor Thru-Out. Master Bedroom With A 4Pc Ensuite & Walk-In Closet. Finished Bsmt With Walk-Out. Recently Painted And Upgraded Kitchen,New Cabinet,Granite Counter Top. Spent, Pot Light In Eat-In Kitchen. Close To All Amenities. 20 Minutes To Downtown Toronto.

NEED MORE LISTINGS, CALL US FOR SPECIAL DEALS

CALL US FOR FURTHER INFORMATION OR TO BOOK A SHOWING TO VIEW PROPERTIES.

**Use The Advantage of a Team, Because...Teamwork Makes Your Dreams Work !**



Century 21 INNOVATIVE REALTY INC. BROKERAGE

BRAND POWER & INNOVATIVE TECHNOLOGIES TO GET YOUR HOME RECOGNIZED!

2250 MARKHAM ROAD, UNIT 3
TORONTO, ON, M1B 1W3
OFFICE : 416 298 8383 FAX : 416 298 8303

Grand Centurion Office

**Shamim & Amin Kharodia**
Sales Representatives
info@kharodiarealestate.com
647.501.6786 SHAMIM | 647.308.2941 AMIN

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.